શ્રી

કુલક સંગ્રહ

(વિવિધ કુલકોનો અનુપમ સંગ્રહ)

શાસન સમ્રાટ શ્રી વિજયનેમિ-ઉદયસૂરિ

પટ્ટાલંકાર ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત

શ્રી·વિજયમેરુપ્રભસૂરિશ્વરજી મ.સા

ની બીજી વાર્ષિક પૂણ્યતિથિ

નિ.....મિ.....ત્તે તથા

પૂજ્યપાદ શ્રીના શિષ્યરત્ન

પૂ. પં. શ્રી ઈન્દ્રસેન વિ. ગણિ. ના

આચાર્યપદ-પ્રદાન

નિ.....મિ....ત્તે

-: પ્રકાશન :-

આચાર્ય શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી સ્મારક ટ્રસ્ટ

અમીયાપુર

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શાસન સમ્રાટ્ શ્રી વિજયનેમિ-ઉદય
મેરુપ્રભસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

શ્રી કુલક સંગ્રહ

卐

પૂજ્યપાદશ્રીના શિષ્યરત્ન
પૂ. પં. **શ્રી ઈન્દ્રસેનવિજયજી** ગણિ.ના
આચાર્યપદ-પ્રદાન પ્રસંગે

સંપાદક

પ.પૂ. ગચ્છાધિપતિ આ.મ.
શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ.સા.ના
શિષ્યરત્ન પૂ. પંન્યાસ **શ્રી સિંહસેન વિજયજી**
મહારાજ સાહેબ

દ્રવ્યસહાયક : શાસન સમ્રાટ્ જૈન દેરાસર પેઢી
શ્રી વિજયનેમિસૂરિજી માર્ગ, પ્રતાપનગર, વડોદરા.

શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટેબલ-ટ્રસ્ટ
તરફથી કાગળની સહાય મળેલ છે

- નકલ : ૧૦૦૦
- પ્રેરક : ગચ્છાધિપતિ શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત
  શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
  - પૂ. આ. ભ. શ્રી વિજયમાનતુંગસૂરિજી મ.સા.
  - પૂ. પં. શ્રી ઈન્દ્રસેનવિજયજી ગણિ.
- સંપાદક : પૂ. પં. શ્રી સિંહસેનવિજયજી ગણિ

● સહયોગ... સહકાર ●

પૂ. મુનિશ્રી હર્ષસેન વિ. મ.સા.
પૂ. મુનિશ્રી મુક્તિસેન વિ. મ.સા.
પૂ. મુનિશ્રી હિતવર્ધન વિ. મ.સા.
પૂ. મુનિશ્રી વિશ્વસેન વિ. મ.સા.
પૂ. મુનિશ્રી સુવ્રતસેન વિ. મ.સા.
પૂ. મુનિશ્રી મલયસેન વિ. મ.સા.
પૂ. મુનિશ્રી મતિસેન વિ. મ.સા.
પૂ. મુનિશ્રી નિર્મળસેન વિ. મ.સા.
પૂ. મુનિશ્રી હિરણ્યસેન વિ. મ.સા.
પૂ. મુનિશ્રી લલિતસેન વિ. મ.સા.
પૂ. મુનિશ્રી પાર્શ્વસેન વિ. મ.સા.

વિ. સં. ૨૦૫૨ જેઠ સુદ ૧૨, પૂ. આ. વિ. મેરુપ્રભસૂરીશ્વરજી મ.સા.ની આગામી બીજી સ્વર્ગવાસ તિથિ

- મુદ્રક કમ લેસર કંપોઝ :
  મારુતિ ઓફસેટ પ્રિન્ટિંગ પ્રેસ
  એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, શાહીબા
  ફોન :૫૬૨૧૩૧૨ ૨૧૪૫૫૫૯

પ્રસ્તાવના

"શ્રીકુલક સંગ્રહ" પુસ્તક સાર્થ પ્રકાશિત કરતા અતિ આનંદ અનુભવીએ છીએ. તેમાં પણ સોનામાં સુગંધ સમાન આચાર્યપદ પ્રદાન પુણ્ય પ્રસંગે.

પૂજ્યપાદશ્રીના શિષ્યરત્નો પૂ. **આચાર્યભગવંત** તથા **દ્વય પૂ. પંન્યાસજી** મ. સા.ની નિશ્રામાં વિ. સં. ૨૦૫૨ના માગશર સુદ-૮ તથા સુદ-૧૦ના શ્રેષ્ઠિવર્ય **શ્રી સંઘવી છગનલાલ તિલોકચંદજી (કિવરલીવાળા) સાકરીયા** પરિવાર તરફથી કરાવવામાં આવેલ. જેમાં ૨૧૨ જોડાયેલ જે પૈકી ૧૨૮ પુણ્યાત્માઓ માળવાળા હતા.

પ્રસ્તુત પુસ્તક દ્રવ્યસહાયક તથા પેપરસહાયકનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. તેમજ સુંદર મુદ્રણકાર્ય કરી આપવા બદલ 'મારુતિ ઓફસેટ પ્રિ. પ્રેસ'વાળા સુશ્રાવક ભદ્રેશભાઈનો પણ આભાર માનીએ છીએ.

પ્રાન્તે પ્રસ્તુત પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ જે કંઈ છપાયું હોય અથવા દૃષ્ટિદોષથી ભૂલ રહી ગઈ હોય તો તે બદલ ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્

લી. પ્રકાશક

અનુક્રમણિકા

૧.	ગુણાનુરાગ કુલકમ્	૧
૨.	શ્રી ગુરુ પ્રદક્ષિણા કુલકમ્	૮
૩.	પુણ્ય કુલકમ્	૧૩
૪.	દાન મહિમા ગર્ભિત શ્રી દાનકુલમ્	૧૬
૫.	શીલમહિમાગર્ભિત શ્રી શીલકુલકમ્	૨૧
૬.	શ્રી તપ કુલકમ્	૨૬
૭.	શ્રી ભાવ કુલકમ્	૩૧
૮.	અભવ્ય કુલકમ્	૩૭
૯.	પુણ્યપાપ કુલકમ્	૪૦
૧૦.	શ્રી ગૌતમ કુલકમ્	૪૪
૧૧.	શ્રી આત્માવબોધ કુલકમ્	૪૯
૧૨.	જીવાનુશાસ્તિ કુલકમ્	૬૦
૧૩.	ઈન્દ્રિયાદિવિકાર નિરોધકુલકમ્	૬૩
૧૪.	શ્રી કર્મ કુલકમ્	૬૬
૧૫.	દશશ્રાવક કુલકમ્	૭૦
૧૬.	શ્રી ખામણા કુલકમ્	૭૩
૧૭.	વૈરાગ્ય કુલકમ્	૮૧
૧૮.	સારસમુચ્ચય કુલકમ્	૮૬
૧૯.	સંવિજ્ઞ સાધુ યોગ્યં નિયમ કુલકમ્	૯૫

॥ શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદિનાથાય નમઃ ॥

॥ શ્રી વૃદ્ધિ-નેમિ-ઉદયસૂરીશ્વરેભ્યો નમઃ ॥

શ્રી કુલક સંગ્રહ

૧ ગુણાનુરાગ કુલક

सयलकल्लाणनिलयं, नमिउण तित्थनाहपयकमलं;
परगुणगहणसरुवं, भणामि सोहग्गसिरिजणयं. ॥१॥

અર્થ : સકલ કલ્યાણના નિવાસસ્થાન એવા તીર્થંકર ભગવાનના ચરણકમલને નમીને સૌભાગ્ય તથા લક્ષ્મીને ઉત્પન્ન કરનારું એવું પારકા ગુણોને ગ્રહણ કરવાનું સ્વરૂપ કહું છું. ૧.

उत्तम गुणाणुराओ, निवसइ हिययंमि जस्स पुरिसस्स;
आतित्थयरपयाओ, न दुल्लहा तस्स रिद्धिओ ॥२॥

અર્થ : જે પુરૂષના હૃદયમાં ઉત્તમ ગુણવાન જનો તરફ અનુરાગ વસે છે, તેને તીર્થંકરપદ સુધીની ઋદ્ધિઓ દુર્લભ નથી. ૨.

ते धन्ना ते पुन्ना, तेसु पणामो हविज्ज मह निच्चं;
जेंसिं गुणाणुराओ, अकित्तिमो होइ अणवरयं. ॥३॥

अर्थ : તે ધન્યવાદને પાત્ર છે. તેઓ પુણ્યશાલી છે. તેમને મારો નિત્ય નમસ્કાર હો કે જેમને વિષે વાસ્તવિક ગુણાનુરાગ નિરંતર રહે છે. ૩.

किं बहुणा भणिएणं, किं वा तविएण किं व दाणेणं;
इक्कं गुणाणुरायं, सिक्खह सुक्खाण कुलभवणं. ॥४॥

अर्थ : બહુ ભણવાથી અથવા બહુ તપ કરવાથી અથવા બહુ દાન દેવાથી શું થનાર છે ? એકલા ગુણાનુરાગને શીખો કે જે સુખોનું (ખાસ) ઉત્પત્તિસ્થાન છે. ૪.

जइवि चरसि तव विउलं, पढसि सुयं करिसि विविहकट्ठाइं;
न धरसि गुणाणुरायं, परेसु ता निप्फलं सयलं. ॥५॥

अर्थ : જો કે તું ભારે તપ કરે છે, શાસ્ત્ર ભણે છે અને અનેક કષ્ટ કરે છે, પણ બીજાના ગુણો તરફ અનુરાગ નથી ધરતો તો એ બધું નિષ્ફળ છે. ૫.

सोऊण गुणुक्करिसं, अन्नस्स करेसि मच्छरं जइवि;
ता नूणं संसारे, पराहवं सहसि सव्वत्थ. ॥६॥

अर्थ : બીજાના ગુણોની પ્રશંસા સાંભળીને જો તું મત્સર કરે છે, તો તું નક્કીપણે આ સંસારમાં સઘળા સ્થળે પરાભવ પામીશ. ૬.

૧-૨ આ ગાથામાં ભણવાનો, તપનો અને દાનનો નિષેધ કરવામાં નથી આવ્યો પણ ગુણાનુરાગની મહત્તા બતાવવામાં આવી છે.

गुणवंताण नराणं, ईसाभरतिमिरपूरिओ भणसि;
जइ कहवि दोसलेसं, ता भमसि भवे अपारंमि ॥७॥

अर्थ : અતિશય ઈર્ષ્યારૂપ અંધકારથી આંધળો બનીને જો તું કોઈપણ રીતે ગુણવંત પુરૂષોના લેશમાત્ર પણ દોષ બોલીશ તો તું આર સંસારમાં ભમીશ. ૭.

जं अब्भसेई जीवो, गुणं च दोसं च इत्थ जम्मंमि;
तं परलोए पावई, अब्भासेणं पुणो भेणं. ॥८॥

अर्थ : જીવ આ જન્મમાં ગુણ અથવા દેષમાંથી જેનો અભ્યાસ પાડે છે, તે અભ્યાસે કરીને ફરી પરલોકમાં તેને જ પામે છે. ૮.

जो जंपइ परदोसे, गुणसयभरिओ वि मच्छरभरेणं;
सो विउसाणमसारो, पलालपुंजव्व पडिभाइ. ॥९॥

अर्थ : જે પુરૂષ પોતે સેંકડો ગુણોથી ભરેલો હોવા છતાં પણ મત્સરના આવેશથી પરાયા દોષ બોલે છે, તો તે વિદ્વાન્ જનોમાં પરાળના પૂળા માફક દમ વગરનો જણાય છે. ૯.

जो परदोसे गिण्हइ, संतासंतेवि दुट्ठभावेणं;
सो अप्पाणं बंधइ, पावेण निरत्थएणावि. ॥१०॥

अर्थ : જે પુરૂષ દુષ્ટ ભાવથી છતા કે અછતા પરાયા દોષોને ગ્રહણ કરે છે, તે પોતાના આત્માને નિરર્થક પાપથી જોડે છે. ૧૦.

तं नियमा मुत्तव्वं, जत्तो उपज्जए कसायग्गी;
तं वत्थुं धारिज्जा जेणोवसमो कसायाणं. ॥११॥

अर्थ : જેનાથી કષાયરૂપ અગ્નિ પ્રદિપ્ત થાય તે કામને

ચોક્કસપણે છોડી દેવું. અને જેનાથી કષાયો શમે તે વસ્તુ ધારણ કરવી. ૧૧.

जइ इच्छह गुरुयत्तं, तिहुयण मज्झंमि अप्पणो नियमा;
ता सव्वपयत्तेणं, परदोसविवज्जणं कुणह ।।१२।।

અર્થ : જો તમે ત્રણ જગતની અંદર પોતાની મોટાઈ મેળવવા ખરેખર ઈચ્છતા હો તો સર્વ પ્રયત્નથી પરાયા દોષોને ગ્રહણ કરવાનું વર્જન કરો. ૧૨.

चउहा पसंसणिज्जा, पुरिसा सव्वुत्तमुत्तमा लोए;
उत्तम उत्तम उत्तम, मज्झिमं भावाय सव्वेसिं. ।।१३।।

અર્થ : આ જગતમાં ચાર પ્રકારના પુરૂષ સર્વેને પ્રશંસા કરવા યોગ્ય છે; - એક સર્વોત્તમોત્તમ, બીજા ઉત્તમોત્તમ, ત્રીજા ઉત્તમ અને ચોથા મધ્યમ. ૧૩.

जे अहम अहम अहमा, गुरूकम्मा धम्मवज्जिया पुरिसा;
ते विय न निंदणिज्जा, किंतु दया तेसु कायव्वा.।।१४।।

અર્થ : પાંચમા અધમ અને છઠ્ઠા અધમાધમ જે ભારે કર્મી અને ધર્મવર્જીત હોય છે, તેઓની પણ નિંદા નહિ કરવી જોઈએ, કિંતુ તેઓ ઉપર દયા કરવી જોઈએ. ૧૪.

पच्चंगुब्भडजुव्वणवंतीणं सुरहिसारदेहाणं;
जुवईणं मज्झगओ, सव्वुत्तम रूववंतीणं. ।।१५।।

અર્થ : દરેક અંગમાં પ્રગટી નીકળેલ ઉદ્ભટ યૌવનવાળી, ગંધથી શ્રેષ્ઠ શરીરવળી, અને સર્વે કરતાંઉત્તમ રૂપવાળી સ્ત્રીઓના વચ્ચે રહીને. ૧૫.

आजम्म बंभयारी, मणवयकायएहिं जो धरइ सीलं;
सव्वुत्तमुत्तमो पुण, सो पुरिसो सव्वनमणिज्जो.(युग्मं) ।।१६।।

अर्थ : જે પુરૂષ બાલ્યવયથી બ્રહ્મચારી રહી, મન વચન અને કાયાથી શીલવ્રતને ધારણ કરે છે, તે પુરૂષ સર્વોત્તમત્તમ જાણવો અને તે સર્વ કોઈને નમવા લાયક હોય છે. ૧૬.

एवविह जुवइगओ, जो रागीहुज्ज कहवि इग समय;
बीयसमयंमि निंदइ, तं पावं सव्वभावेणं. ।।१७।।

अर्थ : એવા પ્રકારની (સર્વોત્તમ રૂપવાળી) સ્ત્રીઓની વચ્ચે રહ્યોથકો જે પુરૂષ કદાચ કોઈ પ્રકારે માત્ર એક ક્ષણભર મનમાં ડોલાયમાન થાય, પણ આકાર્યમાં નહિ ફસતાં તરત સાવચેત થઈ, બીજી ક્ષણે તે (માનસિક) પાપને પૂણૃભાવથી નિંદે. ૧૭.

जम्ममि तम्मि न पुणो, हविज्ज रागो मणंमि जस्स कया;
सो होइ उत्तमुत्तम, रूवो पुरिसो महासत्तो. ।।१८।।

अर्थ : અને ફરીને તે જન્મમાં ક્યારે પણ તેના મનમાં તેવો રાગ ઉત્પન્ન ન થાય, તે પુરૂષ ઉત્તમોત્તમ રૂપવાળો અને મહાસત્ત્વશાલી થાય છે. ૧૮.

पिच्छई जुवईरूवं, मणसा चिंतेई अहव खणमेगं;
जो न चरइ अकज्जं, पत्थिज्जंतो वि इत्थीहिं. ।।१९।।

अर्थ : જે પુરૂષ સ્ત્રીઓના રૂપને જુએ છે, અથવા ક્ષણમાત્ર મનમાં ચિંતવન પણ કરે છે, આમ હોવા છતાં સ્ત્રીઓથી પ્રાર્થના કરાયેલો એવો પણ તે આ કાર્યનું આચરણ કરતો નથી. ૧૯.

साहू वा सड्ढो वा सदारसंतोस-सायरो हुज्जा;
सो उत्तमो मणुस्सो, नायव्वो थोव संसारो. ।।२०।।

अर्थ : કિંતુ સાધુ હોય તો સાધુ તરીકે પોતાનું બ્રહ્મચર્ય વ્રત

જાળવી રાખે, અને શ્રાવક હોય તો સ્વદારસંતોષી રહે, તે ઉત્તમ પુરૂષને અલ્પ સંસારી જાણવો. ૨૦.

परिसंत्थेसु पवट्टइ, जो पुरिसो धम्मअत्थपमुहेसु;
अनुन्न मनाबाहं, मज्जिवरुवो हवइ एसो. ॥२१॥

અર્થ : જે પુરૂષ ધર્મ, અર્થ અનેકામ એ ત્રણ પુરૂષાર્થ અરસપરસ બાધ ન આવે તે રીતે તેમાં પ્રવર્તે તે મધ્યમ પુરૂષ જાણવો. ૨૧.

एएसिं पुरिसाणं, जइ गुणगहणं करेसि बहुमाणा;
तो आसन्नसिवसुहो, होसि तुमं नत्थि संदेहो. ॥२२॥

અર્થ : એ ચારે પ્રકારના પુરૂષોના ગુણોને જોતું બહુમાનપૂર્વક ગ્રહણ કરીશ, તો તું નજીકમાં જમુક્તિસુખ મેળવીશ, તેમાં કશો સંદેહ નથી. ૨૨.

पासत्थाइसु अहुणा, संजमसिढिलेसु मुक्कजोगेसु;
नो गरिहा कायव्वा, नेव पसंसा सहामज्जे. ॥२३॥

અર્થ : આજકાલ સંયમ પાળવામાં ઢીલા પડેલા યોગ ક્રિયાહીન પાર્શ્વસ્થા વિગેરે યતિવેષધારી જનોની, સભામાં નહિ તો નિંદા કરવી અને નહિ તો પ્રશંસા કરવી. ૨૩.

काउण तेसु करुणं, जइ मन्नइ तो पयासए मग्गं;
अह रुसइ तो नियमा, न तेसिं दोसं पयासेइ. ॥२४॥

અર્થ : તેઓ પર કરૂણા લાવીને જોતો તેઓ માને એમ હોય તો ખરો રસ્તો બતાવવો, પણ જો તેમ કરતાં તેઓ ગુસ્સે થાયતો ખચિત આપણે તેમના દોષ નહિ પ્રકાશવા. ૨૪.

संपइ दूसमसमए, दीसइ थोवो वि जस्स धम्मगुणो;
बहुमाणो कायव्वो तस्स सया धम्मबुद्धीए. ।।२५।।

અર્થ : આજના વિષમ વખતમાં જેનામાં થોડો પણ ધાર્મિક ગુણ દેખવામાં આવે તેના તરફ હંમેશા ધર્મબુદ્ધિથી બહુમાન બતાવતા રહેવું. ૨૫.

जउ परगच्छि सगच्छे, जे संविग्गा बहुस्सुया मुणिणा;
तेसिं गुणाणुरायं, मा मुंचसु मच्छरप्पहओ. ।।२६।।

અર્થ : જો કે પરાયા ગચ્છમાં અગર પોતાના ગચ્છમાં જે વૈરાગ્યવાન અને વિદ્વાન મુનિઓ હોય તેમના તરફ મત્સરે ભરાઈ ગુણાનુરાગ મુકતો ના. ૨૬.

गुणरयण मडियाणं, बहुमाणं जो करेइ सुद्धमणो;
सुलहा अन्नभवंमि य, तस्स गुणा हूंति नियमेणं. ।।२७।।

અર્થ : ગુણરૂપી રત્નોથી શણગારાયેલા પુરુષોનું જે શુદ્ધ મનથી બહુમાન કરે છે, તેને બીજા ભવે તે તે ગુણો નિયમા સુલભ થઈ પડે છે. ૨૭.

एयं गुणाणुरायं, सम्मं जो धरइ धरणि मज्झंमि;
सिरिसोमसुंदरपयं, सो पावइ सव्वनमणिज्जं. ।।२८।।

અર્થ : આ પૃથ્વીમાં જે પુરુષ ઉપરોક્ત ગુણાનુરાગને સારી રીતે ધારણણ કરે છે. તે પુરૂષ સુશોભિત ચંદ્ર સમાન અને સર્વને નમસ્કાર કરવા લાયક (તીર્થંકરપદ રૂપ) સુંદર સ્થાનને પામે છે. ૨૮.

૨

શ્રી ગુરુપ્રદક્ષિણા કુલકમ્

गोअम सुहम्म जंबु, पभवो सिज्जंभवाइ आयरिया;
अन्नेवि जुगप्पहाणा, तइं दिट्ठ सुगुरु ते दिट्ठा ।।१।।

અર્થ : હે સદ્‌ગુરુજી ! આપનું દર્શન કર્યે છતે શ્રી ગૌતમસ્વામી, શ્રી સુધર્માસ્વામી, શ્રી જંબુસ્વામી, શ્રી પ્રભવસ્વામી અને શય્યંભવ આદિક આચાર્ય ભગવંતો તેમજ બીજા પણ યુગ પ્રધાનોનું દર્શન કર્યું માનું છું. ૧.

अज्ज कयत्थो जम्मो, अज्ज कयथ्थं च जीविय मज्झ;
जेण तुह दसणामय-रसेण सत्ताइं नयणाइं. ।।२।।

અર્થ : આજ મારો જન્મ કૃતાર્થ થયો. આજ મારું જીવિત સફળ થયું કે જેથી આપના દર્શનરુપ અમૃત રસ વડે કરીને મારાં નેત્ર સિંચિત થયાં, અર્થાત્ આપનું અદ્‌ભુત દર્શન મને પ્રાપ્ત થયું. ૨.

सो देसो तं नगरं, तं गामो सो अ आसमो धन्नो;
जथ्थ पहु ? तुम्ह पाय, विहरंति सयावि सुपसन्ना. ।।३।।

અર્થ : તે દેશ, તે નગર, તે ગામ અને તે આશ્રમ (સ્થાન) ધન્ય છે કે જ્યાં હે પ્રભુ ! આપ સદાય સુપ્રસન્ન થતાં વિચરો છો અર્થાત્ વિહાર કરો છો. ૩.

हथ्था ते सुकयथ्था, जे किईकम्मं कुणंति तुह चलणे;
वाणी बहुगुणखाणी, सुगुरुणा वन्निआ जीए. ॥४॥

અર્થ : તે હાથ સુકૃતાર્થ છે કે, જે આપના ચરણે દ્વાદશાવર્ત્ત વંદન કરે છે, અને તે વાણી (જીવ્હા) બહુ ગુણવાળી છે કે, જે વડે સદ્‌ગુરુના ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. ૪

अवयरिया सुरधेणू, संजाया महगिहे कणयवुट्ठो;
दारिद्दं अज्ज गयं, दिट्ठे तुह सुगुरु मुहकमले. ॥५॥

અર્થ : હે સદ્‌ગુરુ ! આપનું મુખકમલ દીઠે છતે આજ કામધેનું મારા ઘર આંગણે આવી તેમજ સુવર્ણ વૃષ્ટિ થઈ અને આજથી મારુ દારિદ્ર દુર થયું એમ હું માનું છું. ૫.

चिंतामणिसारिच्छं, समत्तं पावियं मए अज्ज;
संसारो दुरीकओ, दिट्ठे तुह सुगुरु मुहकमले. ॥६॥

અર્થ : હે સદ્‌ગુરુ ! આપનું મુખકમલ દીઠે છતે ચિંતામણિ રત્ન સરખું સમકિત મને પ્રાપ્ત થયું અને તેથી સંસારનો અંત થયો માનું છું. ૬.

जा रिद्धि अमरगणा, भुंजंता पियतमाइसंजुत्ता;
सा पुण कित्तियमित्ता, दिट्ठे तुह सुगुरु मुहकमले. ॥७॥

અર્થ : હે સદ્‌ગુરુ ! આપનું મુખકમલ દીઠે છતે જે ઋદ્ધિ દેવતાઓ પોતાની દેવાંગનાદિક સહિત ભોગવે છે તે મારે કંઈ હિસાબમાં નથી. ૭.

मणवयकायेहिं मए, जं पावं अज्जियं सया (भयवं);
तं सयं अज्ज गयं, दिट्ठे तुह सुगुरु मुहकमले. ॥८॥

અર્થ : મન, વચન, કાયાથી મેં જે પાપ આજ પર્યંત ઉપાર્જન

કર્યું છે; તે બધું હે સદ્‌ગુરુ ! આપનું વદનકમલ દીઠે છતે આજે સ્વતઃ નષ્ટ થયું માનું છું. ૮.

दुल्लो जिणिंद धम्मो, दुल्लहो जीवाण माणुसो जम्मो;
लद्धेवि मणअजम्मे, अइदुल्लहा सुगुरुसामग्गी. ॥९॥

અર્થ : જીવોને સર્વજ્ઞભાષિત ધર્મ પામવો દુર્લભ છે તથા મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે. અને તે મનુષ્ય જન્મ મળે છતે પણ સદ્‌ગુરુરૂપ સામગ્રી મળવી અતિ દુર્લભ છે. ૯.

जत्थ न दिसंति गुरु, पच्चुसे उट्ठिएहिं सुपसन्ना;
तत्थ कहं जाणिज्जइ, जिणवयणं अमिअसारिचछं. ॥१०॥

અર્થ : જ્યાં પ્રભાતે ઉઠતાં જ સુપ્રસન્ન ગુરુનાં દર્શન થતાં નથી, ત્યાં અમૃત સદશ જિનવચનનો લાભ શી રીતે લઈ શકાય ? ૧૦.

जह पाउसंमि मोरा, दिणयरउदयम्मि कमलवणसंडा;
विहसंति ते म तच्चिय (?), तह अम्हे दंसणे तुम्ह.॥११॥

અર્થ : જેમ મેઘને દેખી મોરલો પ્રમુદિત થાય છે અને સૂર્યનો ઉદય થયે છતે કમળનાં વન વિકસિત થાય છે, તેમ જ આપનું દર્શન છતે અમે પણ પ્રમોદ પામીએ છીએ. ૧૧.

जइ सरइ सुरहि वच्छो, वसंतमासं च कोइला सरइ;
विंझं सरइ गइंदो, तह अम्ह मणं तुमं सरइ. ॥१२॥

અર્થ : હે સુદ્‌ગુરુજી ! જેમ ગાય પોતાના વાછરડાને સંભારે છે, જેમ કોયલ વસંતમાસને ઈચ્છે છે, તથા હાથી વિંધ્યાચલની અટવીને યાદ કરે છે; તેમ અમારુ મન (સદાય) આપનું સ્મરણ કર્યા કરે છે. ૧૨.

बहुया बहुया दिवसडा, जइ मइं सुहगुरु दीठ;
लोचन बे विकसी रह्यां, हीअडइं अमिय पइठ. ।।१३।।

अर्थ : બહુ બહુ દહાડા જતા રહ્યા અને હવે મેં સુગુરુ દીઠા તેથી મારી બે આંખો વિકસ્વર થઈ અને હૃદયમાં અમૃત પ્રવેશ્યું. ૧૩.

अहो ते निज्जिओ कोहो, अहो माणो पराजिओ;
अहो ते निरक्किया माया, अहो लोहो वसीक्किओ.।।१४।।

अर्थ : અહો ! ઈતિ આશ્ચર્યે ! આપે ક્રોધનો કેવો જય કર્યો છે ? માનનો કેવો પરાજય કર્યો છે ? માયાને કેવી દૂર કરી છે ? અને લોભન કેવો વશ કર્યો છે ? ૧૪.

अहो ते अज्जवं साहु, अहो तेसाहु मद्दवं;
अहो तेउत्तमा खंती, अहो ते मुत्ति उत्तमा. ।।१५।।

अर्थ : અહો આપનું આર્જવ (સરલપણું) કેવું ઉત્તમ છે ? અહો આપનું માર્દવ (નમ્રપણું) કેવું રુડું છે અહો આપની ક્ષમા કેવી ઉત્તમ છે ? અને આપની સંતો વૃત્તિ કેવી શ્રેષ્ઠ છે. ૧૫.

इहं सि उत्तमो भंते, इच्छा होहिसि उत्तमो;
लोगुत्तमुत्तमं ठाणं, सिद्धिं गच्छसि नीरओ ।।१६।।

अर्थ : હે ભગવંત ! આપ અહિં પ્રગટ જ ઉત્તમ છો ! વળી આપ ઈચ્છા કે મનોરથ વડે કરીને પણ ઉત્તમ છો અને અંતે પણ કર્મમલને ટાળીને આપ મોક્ષ નામનું સર્વોત્તમ સ્થાન જ પામવાના છો. ૧૬.

आयरिअ नमुक्कारो, जीवं मोएइ भव सहस्साओ;
भावेण किरमाणो, होइ पुणो बोहिलभाए ॥१७॥

अर्थ : આચાર્ય મહારાજને કરેલો નમસ્કાર જીવને હજારો ગમે ભવભયં થકી મુક્ત કરે છે, અને તે ભાવ સહિત કરવામાં આવતો નમસ્કાર જીવને સમકિતનો લાભ આપે છે. ૧૭

आयरिय नमुक्कारो, सव्वपावप्पणसणो;
मंगलाणं च सव्वेसिं, तइयं हवइ मंगलं. ॥१८॥

अर्थ : ભાવાચાર્યને ભાવસહિત કરેલો નમસ્કાર સર્વ પાપને પ્રકર્ષે કરીને નાશ કરનારો થાય છે અને તે સર્વ મંગલમાં ત્રીજું મંગલ છે. ૧૮.

卐

૩

પુણ્ય કુલકમ્

संपुन्नइंदियत्तं, माणुसत्तं च आयरियखित्तं;
जाइकुलजिण धम्मो, लब्भंति पभूयपुण्णेहिं. ॥१॥

અર્થ : સંપૂર્ણ ઇન્દ્રિયપણું-કંઈ પણ ખોડ ખાંપણ વગરની સઘળી (પાંચે) ઇન્દ્રિયોની પ્રાપ્તિ, મનુષ્યપણું, આર્યક્ષેત્રમાં અવતાર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ અને વીતરાગ ભાષિત ધર્મ-એસઘળાં વાનાં પ્રભૂત (પુષ્કળ) પુણ્યથી પ્રાપ્ત થઈ શકે છે.

जिणचलणकमलसेवा, सुगरुपायपज्जुवासणं चेव;
सज्जायवायवडत्तं लब्भंति पभूयपुण्णेहिं. ॥२॥

અર્થ : જિન-અરિહંતના ચરણકમળની સેવા-ભક્તિ અને સદ્ગુરુના ચરણની પર્યુપાસના, સજઝાય ધ્યાન તથા ધર્મવાદમાં વડાપણું-પરાભવ નહિ પામવાપણું એ સઘળાવાનાં પ્રભૂત પુણ્યઃ યોગે પ્રાપ્ત થઈ શકે છે. ૨.

सुद्धो बोहो सुगुरुहिं, संगमो उवसमं दयालुत्तं;
दाखिन्नं करणं जं, लब्भंति पभूयपुण्णेहिं. ॥३॥

અર્થ : શુદ્ધબોધિબીજનું (સમકિતરત્નનું) પામવું, સુગુરુનો

સમાગમ, ઉપશમ ભાવ-શમતા, દયાળાપણું, અને દાક્ષિણ્યતા ગુણનું પાલન એ બધાં વાનાં પ્રભૂત પુણ્યયોગે પ્રાપ્ત થાય છે.

संमत्तं निच्चलत्तं, वयाण परिपालणं अमायत्तं;
पढणं गुणणं विणओ, लब्भंति पभूयपुण्णेहिं. ॥४॥

અર્થ : સમ્યક્ત્વ (સમકિત)માં નિશ્ચળતા, વ્રતોનું (અથવા બોલેલા વચનોનું) પરિપાલન, નિર્માયીપણું, ભણવું, ગણવું અને વિનય એ બધાં વાનાં મહાપુણ્ય યોગે પ્રાપ્ત થઈ શકે છે. ૪.

उस्सग्गे अववाये, निच्छहविवहारंमि निऊणत्तं;
मणवयणकायसुद्धी, लब्भंति पभूयपुण्णेहिं. ॥५॥

અર્થ : ઉત્સર્ગ અને અપવાદ તથા નિશ્ચય અને વ્યવહારમાં નિપુણપણું તેમજ મન, વચન, કાયાની શુદ્ધિ પવિત્રતા નિર્દોષતા-નિષ્કલકંતા એ બધાં વાનાં પ્રભૂત પુણ્યયોગે પ્રાણીને પ્રાપ્ત થઈ શકે છે. ૫.

अवियारं तारुन्नं, जिणाणं राओ परोवयारत्तं;
निक्कंपया य जाणे, लब्भंति पभूयपुण्णेहिं. ॥६॥

અર્થ : નિર્વિકાર-વિકાર રહિત યુવાન અવસ્થા, જિનેશ્વર ઉપર અવિહડ રાગ, પરોપકારીપણું અને ધ્યાનમાં નિશ્ચલતા એ બધાં વાનાં પ્રભૂત પુણ્યયોગે પ્રાપ્ત થઈ શકે છે. ૬.

परनिंदापरिहारो, अप्पसंसा अत्तणो गुणाणं च;
[illegible] निव्वेओ, लब्भंति पभूयपुण्णेहिं. ॥७॥

અર્થ : પરનિંદાનો ત્યાગ અને આપણા ગુણોની શ્લાઘાપ્રસંશાથી દૂર રહેવું, તેમજ સંવેગ-મોક્ષાભિલાષ અને નિર્વેદ-ભવ-વૈરાગ્ય એ બધાં વાનાં પ્રભૂત પુણ્ય યોગે પ્રાપ્ત થાય છે. ૭.

निम्मलसीलब्भासो, दाणुल्लासो विवेगसंवासो;
चउगइदुहसंतासो, लब्भंति पभूयपुण्णेहिं. ॥८॥

અર્થ : નિર્મળ-શુદ્ધ શીલનો અભ્યાસ, સુપાત્રાદિક દાન દેતાં ઉલ્લાસ, હિતાહિત સંબંધી વિવેકનો વાસ અને ચાર ગતિના દુઃખ થકી સંપૂર્ણ ત્રાસ એ બધાં વાનાં મહાપુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. ૮.

दुक्कडगरिहा सुक्कडा-णुमोयणं पायच्छित्त तवचरणं;
सहझाण नमुक्कारो, लब्भंति पभूयपुण्णेहिं. ॥९॥

અર્થ : કરેલાં પાપ કૃત્યની આલોચના-નિંદા, સારાં કૃત્યો કર્યા હોય તેની અનુમોદના, કરેલાં પાપને છેદ કરવા માટે ગુરુ મહારાજે બતાવેલા પ્રાયશ્ચિત અને તપનું કરવું - આચરવું. શુભધ્યાન ધરવું અને નવકાર મહામંત્રનો જાપ કરવો એ સઘળાં વાનાં મહા પુણ્યયોગે પ્રાપ્ત થઈ શકે છે. ૯.

इयगुणमणिभंडारो, सामग्गी पाविऊण जेण कओ;
विच्छिन्नमोहपासा, लहंति ते सासयं सुक्खं. ॥१०॥

અર્થ : આ ઉપર બતાવ્યા મુજબ ગુણમણિ-રત્નના ભંડાર જેવાં સુકૃત્યો, સઘળી રુડી સામગ્રી પ્રાપ્ત કરીને જે મહાનુભાવો કરે છે-આચરે છે તે પુણ્યાત્માઓ સઘળા મોહપાસથી સર્વથા મુક્ત થઈને શાશ્વત સુખરૂપ મોક્ષ પદને પામે છે. ૧૦.

卐

૪ દાનમહિમાગર્ભિત શ્રી દાનકુલક

परिहरिअ रज्जसारो, उप्पाडिअ संजमिक्कगुरुभारो;
खंधाउ देवदूसं, विअरंतो जयउ वीरजिणो. ।।१।।

અર્થ : સમસ્ત રાજ્ય ઋદ્ધિનો ત્યાગ કરીને, સંયમ સંબંધી અતિ ઘણો ભાર જેમણે ઉપાડ્યો છે અને ઈન્દ્ર મહારાજે દીક્ષા સમયે સ્કંધ ઉપર સ્થાપેલું (દેવદુષ્ય) વસ્ત્ર પણ જેમણે વિપ્રને આપી દીધું, તે શ્રી વીરપ્રભુ જયવંતા વર્તો. ૧.

धम्मत्थकामभेया, तिविहं दाणं जयंमि विक्खायं;
तहविअ जिणिंदमुणिणो, धम्मिय दाणं पसंसंति ।।२।।

અર્થ : ધર્મ, અર્થ અને કામ દાન એમ ત્રણ પ્રકારનું દાન દુનિયામાં પ્રસિદ્ધ છે, તો પણ જિનેશ્વર પ્રભુની આજ્ઞના રસિક મુનિઓ ધાર્મિક દાનને જ પ્રશંસે છે. ૨.

दाणं सोहग्गकरं, दार्ण आरुग्गकारणं परम;
दाणं भागनिहाणं, दाणं ठाणं गुणगणाणं. ।।३।।

અર્થ : દાન-સૌભાગ્યકારી છે. દાન પરમ આરોગ્યકારી છે. દાન ભોગનું નિધાન છે, અને અનેક ગુણગણોનું ઠેકાણું છે. ૩.

दाणेण फुरइ कित्ती, दाणेण होइ निम्मला कंति;
दाणावज्जिअहिअओ, वइरा वि हु पाणिय वहइ. ॥४॥

अर्थ : દાન વડે કીર્તિ વધે છે, દાનથી નિર્મળ કાંતિરૂપ લાવણ્ય, સુખ સૌભાગ્ય વધે છે અને દાનથી વશ થયેલા હૃદયવાળો દુશ્મનપણ દાતારના ઘરે પાણી ભરે છે.

घणसथ्थवाहजम्मे, जं घयदाणं कयं सुसाहूणं;
तक्कारणमुसभजिणो तेलुक्कपियमहो जाओ. ॥५॥

अर्थ : ધનસાર્થવાહના ભવમાં સુસાધુજનોને જે ઘીનું દાન લીધું હતું, તે પુણ્યના પ્રભાવથી ઋષભદેવ ભગવાન્ ત્રણ લોકના પિતામહ (નાથ) થયા. ૫.

करुणाई दिन्नदणो, जम्मंतरगहिअपुन्नकिरिआणो;
तित्थयरचक्करिद्धिं, संपत्तो संतिनाहो वि. ॥६॥

अर्थ : પાછલા ભવમાં કરૂણાવડે પારેવાને અભયદાન આપ્યું અને પુણ્ય કરીઆણું ખરીદી લીધું. તેથી શાંતિનાથજી તીર્થંકર અને ચક્રવર્તીની ઋદ્ધિ પામ્યા. ૬.

पंचसयसाहुभोयण, दाणावज्जिअसुपुन्नपब्भारो;
अच्छरिअ चरिअ भरिओ, भरहो भरहाहिवो जाओ. ॥७॥

अर्थ : પાંચસો સાધુઓને ભોજન દાન આપવા વડે જેમણે બહુ ભારે પુણ્ય પેદા કર્યું છે ને આશ્ચર્યકારક ચરિત્રથી ભરેલા છે, એવા ભરત ભરતક્ષેત્રના નાયક-ચક્રવર્તી થયા. ૭

मूल्लं विणावि दाउं, गिलाणपडिअरणजोगत्थूणि;
सिद्धो अ रयणकंबल-चंदणवणिओ वि तंमि भवे. ॥८॥

अर्थ : ગ્લાન (માંદા) મુનિને વાપરવા યોગ્ય વસ્તુઓ

વગર મૂલ્યે આપવાથી રત્નકંબલ અને બાવનાચંદનનો વ્યાપારી-વણિક તે જ ભવમાં સિદ્ધિપદ પામ્યો. ૮.

दाऊण खीरदाणं, तवेण सुसिअंगसाहुणो धणिअं;
जणजणिअचमक्कारो, संजाओ सालिभद्दोवि ॥९॥

અર્થ : તપસ્યાવડે શોષિત દેહવાળા સાધુ મુનિરાજને ક્ષીરનું દાન દેવાથી તત્કાળ સહુ કોઈને ચમત્કાર ઉપજાવે એવો ઋદ્ધિપાત્ર શાલિભદ્ર થયો. ૯

जम्मंतरदाणाओ, उल्लसिआऽपुव्वकुसलझाणाओ;
कयउन्नो कयपुन्नो, भोगाणं भायणं जाओ. ॥१०॥

અર્થ : પૂર્વ જન્મમાં દીધેલા દાનના પ્રભાવથી પ્રગટ થયેલા અપૂર્વ (અદ્‌ભુત) શુભ ધ્યાન થકી પુણ્યશાળી એવા કયવન્ના શેઠ વિશાળ સુખ-ભોગના ભાગી થયા. ૧૦.

घयपूस वत्थपूसा, महरिसिणो दोसलेसपरिहीणा;
लद्धीइ सयलगच्छो-वग्गहगा सुहगई पत्ता. ॥११॥

અર્થ : બિલકુલ દોષ રહિત એવા ઘૃતપુષ્ય અને વસ્ત્રપુષ્ય નામના મહામુનિઓ સ્વલબ્ધિવડે સકળ ગચ્છની ભક્તિ કરતાં છતાં સદ્‌ગતિને પામ્યા. ૧૧.

जीवंतसामिपडिमाए, सासणं विअरिऊण भत्तीए;
पव्वइऊण सिद्धो, उदाइणो चरमरायरिसी. ॥१२॥

અર્થ : જીવંત (મહાવીર) સ્વામીની પ્રતિમા માટે ભક્તિથી ગામ ગરાસ આપીને છેવટે દીક્ષા ગ્રહણ કરી તે ઉદાયી નામના છેલ્લા રાજા-ઋષિ મોક્ષગતિને પામ્યા. ૧૨.

जिणहरमंडिअवसुहो, दाउं अणुकंपभत्तिदाणाई;
तित्थप्पभावगेरेहिं, संपत्तो संपइराया. ॥१३॥

अर्थ : જેણે પૃથ્વીને જિનચૈત્યોથી મંડિત કરી છે, તથા અનુકંપાદાન અને ભક્તિદાન આદિ શાસનપ્રભાવનાના કાર્યો કરવાથી સંપ્રતિ રાજા થયો. ૧૩.

दाउं सद्धासुद्धे सुद्धे कुम्मासए महामुणिणो;
सिरिमूलदेवकुमरो, रज्जसिरिं पाविओ गुरुई. ॥१४॥

अर्थ : રુડીશ્રદ્ધા વડે-શુદ્ધ ભાવયુક્ત નિર્દોષ એવા અડદના બાકળા મહામુનિને દેવાવડે શ્રી (જિતશત્રુ રાજાનો પુત્ર) મૂળદેવ કુમાર વિશાલ રાજ્યલક્ષ્મીને પામ્યો. ૧૪.

अइदाणमुहरकविअण, विरइअ सयसंखकव्ववित्थरिअं;
विक्कमनरिंदचरिअं, अज्जवि लोए परिप्फुरइ. ॥१५॥

अर्थ : અતિદાન મળવાથી વાચાલ થયેલા કવિયો (પંડિતો) એ સેંકડો કાવ્યો વડે વિસ્તારેલું શ્રી વિક્રમાદિત્ય રાજાનું ચરિત્ર અદ્યાપિ પર્યંત લોકમાં પ્રસિદ્ધ થઈ ગયું છે. ૧૫.

तियलोयबंधवेहिं, तब्भवचरिमेहिं जिणवरिंदेहिं;
कयकिच्चे हिं वि दिन्नं, संवच्छरियं महादाणं. ॥१६॥

अर्थ : ત્રીલોકી બંધુ એવા જિનેશ્વરો કે જેમનો તેજ ભવમાં મોક્ષ નિશ્ચિત છે, અને કૃતકૃત્ય છે છતાં પણ તેમણે સાંવત્સરિક (એક વર્ષ પર્યંત) મહાદાન આપ્યું. ૧૬.

सिरि सेयंसकुमारो, निस्सेयससामिओ कहं न होइ;
फासुअदाणपवाहो, पयासिओ जेण भरहंमि. ॥१७॥

अर्थ : જેણે પ્રાસુક (નિર્દોષ) દાનનો પ્રવાહ આ ભરતક્ષેત્રમાં

ચલાવ્યો, એવો શ્રી શ્રેયાંસકુમાર મોક્ષનો અધિકારી કેમ ન થાય ? ૧૭.

कह सा न पसंसिज्जइ, चंदणबाला जिणंददाणेणं;
छम्मासिअ तव तविओ, निव्वविओ जिए वीरजिणो. ।।१८।।

અર્થ : છ માસી તપ જેમણે કરેલો છે એવા વીરપ્રભુને, જેણીએ અડદના બાકુળા પડિલાભવા વડે સંતોષ્યા, તે ચંદનબાળાની કેમ પ્રશંસા ન કરીએ ? ૧૮.

पढमाइं पारणाई, अकरिंसु करंति तह करिस्संति;
अरिहंता भगवंता, जस्स घरे तेसिं धुव सिद्धि. ।।१९।।

અર્થ : અરિહંત ભગવંતોએ જેમના ઘરે પ્રથમ આદિ (તપના) પારણાં કર્યાં છે અને કરશે તે ભવ્યાત્માઓ અવશ્ય મોક્ષગામી જ જાણવા. ૧૯.

जिणभवणबिंबपुत्थय, संघसरुवेसु सत्तखित्तेसु;
ववियं धणंपि जायइ, सिवफलयमहो अणंतगुणं. ।।२०।।

અર્થ : અહો ઈતિ આશ્ચર્યે જિનભુવન (જિનમંદિર) જિનબિંબ (પ્રતિમા) પુસ્તક અને ચતુર્વિધસંઘરુપ સાતે ક્ષેત્રોમાં વાવેલું ધન અનંતું અક્ષયફળ આપનારું થાય છે. એમ સમજી ધન મમતા તજી તેનો સદ્વ્યય કરી ધનવંત લોકોએ તેનો લ્હાવો લેવો. ૨૦.

卐

૫ શીલમહિમાગર્ભિત શીલકુલકમ્

सोहग्गमहानिहिणो, पाए पणमामि नेमिजिणवइणो;
बालेण भुयबलेणं, जणद्दणो जेण निज्जिणिओ. ॥१॥

અર્થ : જેમણે બલ્યાવસ્થામાં પોતાના ભુજાબળવડે કુષ્ણજીને સર્વથા જીતી લીધા હતા, તે સુખ સૌભાગ્યના સમુદ્ર એવા શ્રી નેમિનાથ પ્રભુનાં ચરણકમળને હું પ્રણામ કરું છું. ૧.

सीलं उत्तमवित्तं, सीलं जीवाण मंगलं परमं;
सीलं दोहग्गहरं, सीलं सुक्खाण कुलभवणं. ॥२॥

અર્થ : શીલ-સદાચરણ પ્રાણીઓનું ઉત્તમ ધન છે, શીલ પરમ મંગલરુપ છે. શીલ દુઃખ દારિદ્રને હરનારું છે અને શીલ સકળ સુખનું ધામ છે. ૨.

सीलं धम्मनिहाणं, सीलं पावण खंडणं भणियं;
सीलं जंतूण जए, अकित्तिमं मंडणं परमं. ॥३॥

અર્થ : શીલ ધર્મનું નિધાન છે. શીલ-સદાચરણ પાપને ખંડનકારી કહ્યું છે અને શીલ જગતમાં પ્રાણીઓનો સ્વાભાવિક શ્રેષ્ઠ શણગાર છે એમ ભાખ્યું છે. ૩.

नरयदुवारनिरुंभण, कवाडसंपुडसहोअरच्छायं;
सुरलोअधवलमंदिर-आरुहणे पवरनिस्सेणिं. ॥४॥

अर्थ : શીલ નરકનાં દ્વાર બંધ કરવાને કમાડની જોડ જેવું જબરજસ્ત છે, અને દેવલોકનાં ઉજ્જવલ વિમાનો ઉપર આરુઢ થવાને ઉત્તમ નીસરણી સમાન છે. ૪.

सिरिउग्गसेणधूया राईमई लहउ सीलवई रेहं;
गिरिविवरगओ जीए, रहनेमि ठाविओ मग्गे. ॥५॥

अर्थ : શ્રીઉગ્રસેનરાજાની પુત્રી રાજીમતીને શીલવંતીમાં શ્રેષ્ઠ ગણવા યોગ્ય છે કે જેણે ગુફામાં પ્રથમથી આવી ચડેલા અને મોહિત થયેલા રહનેમિને સંયમ માર્ગમાં પાછા સ્થાપિત સ્થિર કર્યા છે. ૫.

पज्जलिओ विहु जलणो, सीलप्पभावेण पाणीअं होई;
सा जयउ जए सीआ, जीसे पयडा जस पडाया. ॥६॥

अर्थ : શીલના પ્રભાવથી, પ્રજ્વલિત કરેલો એવો પણ અગ્નિ ખરેખર જળરુપ થઈ ગયો એવી જશ-પતાકા જેની જગમાં ફરકી રહી છે એ સીતાદેવી જયવંતી વર્તો. ૬.

चालणीजलेण चंपाए, जीए उग्घाडिअं दुवारतिगं;
कस्स न हरेइ चित्तं, तीए चरिअं सुभद्दाए. ॥७॥

अर्थ : ચાલણીના જલવડે જેણે ચંપાનગરીનાં ત્રણ દ્વાર ઉઘાડ્યાં હતાં, તે સુભદ્રાસતીનું શીલ કોના ચિત્તને હરણ નથી કરતું ? ૭.

नंदउ नमयासुंदरी, सा सुचिरं जीए पालिअं सीलं;
गहिलत्तणं पि काउं, सहिआ य विडंबणा विविहा. ॥८॥

अर्थ : તે નર્મદા સુંદરી સતી સદાય જયવંતી વર્તો ! કે જેણીએ

ગ્રહીલપણું (ગાંડાપણું) આદરીને પણ શીલવ્રતનું પાલન કર્યું અને (વ્રત ખાતર) વિવિધ પ્રકારની વિડંબના સહન કરી. ૮.

भद्दं कलावई ए, भीसणरन्नंमि रायचत्ताए;
जं सा सीलगुणेणं, छिन्नंगा पुणन्नवा जाया. ॥९॥

અર્થ : ભયંકર અટવીમાં રાજાએ તજી દીધેલી કલાવતી સતીનું કલ્યાણ થાવ ! કે જેના શીલગુણના પ્રભાવથી છેદાયેલા અંગો પણ ફરી નવાં થઈ ગયાં. ૯.

सीलवईए सीलं, सक्कइ सक्को वि वन्निउं नेव;
रायनिउत्ता सचिवा, चउरो विं पवचिआ जीए ॥१०॥

અર્થ : શીલવતી સતીના શીલને શક્ર-ઈન્દ્ર પણ વર્ણવાને સમર્થ થઈ શકે નહિં. કે જેણીએ રાજાએ મોકલેલા ચારે પ્રધાનોને છેતરી સ્વશીલનું રક્ષણ કર્યું છે. ૧૦.

सिरिवद्धमाणपहुणा, सुधम्मलाभुत्ति जीए पट्ठविओ;
सा जयउ जए सुलसा, सारय ससिविमलसीलगुणा ॥११॥

અર્થ : શ્રી વર્ધમાન પ્રભુએ જેણીને ઉત્તમ ધર્મલાભ પાઠવ્યો હતો તે શરદઋતુના ચંદ્રમા સમાન નિર્મળ શીલગુણવાળી સુલસા સતીસર્વત્ર જયવંતી વર્તો. ૧૧.

हरिहरबंभपुरंदर,-मयभंजण पंचबाणबलदप्पं;
लीलाइ जेण दलिओ, स थूलभद्दो दिसउ भद्दं. ॥१२॥

અર્થ : હરિ હર, બ્રહ્મા અને ઈન્દ્રના મદને ગાળી નાખનારા કામદેવની શક્તિનો ગર્વ જેણે લીલા માત્રમાં દળી નાખ્યો તે સ્થૂલભદ્ર (મુનિરાજ) અમારું કલ્યાણ કરો. ૧૨.

मणहरतारुन्नभरे, पत्थिज्जंतो वि तरुणिनियरेणं;
सुरगिरिनिच्चलचित्तो, सो वयरमहारिसी जयउ. ।।१३।।

અર્થ : મનોહર યૌવન વયમાં અનેક સ્ત્રીસમુદાયવડે (વિષય માટે) પ્રાર્થના કરાતાં છતાં જે મેરુગિરિ જેવા નિશ્ચલ ચિત્તવાળા (દઢ) રહ્યા, તે શ્રી વજ્રસ્વામી મહારાજ જયવંતા વર્તો. ૧૩.

थुणिउं तस्स न सक्का, सड्ढस्स सुंदसणस्सगुणनिवहं;
जो विसमसंकडेसु वि पडिओ वि अखंड सीलघणो.।।१४ ।।

અર્થ : તે સુદર્શન શ્રાવકના ગુણગણને ગાવા માટે કોઈપણ સમર્થ થઈ શકે નહિ, કે જે ભારે સંકટમાં આવી પડ્યા છતાં અખંડ શીલધનને રાખી શક્યા છે. ૧૪.

सुंदरि सुनंद चिल्लण-मणोरमा अंजणा मिगावई अ;
जिणसासणसुपसिद्धा, महासईओ सुहं दिंतु. ।।१५।।

અર્થ : સુંદરી, સુનંદા, ચિલણા, મનોરમા, અંજના અને મૃગાવતી વિગેરે જિનશાસનમાં પ્રસિદ્ધ થયેલી મહાસતીઓ સુખ આપો ! ૧૫.

अच्चंकारिअ दट्ठुण, (सुणिउण) कोन धुणइ किर सीसं;
जा अखंडिअ सीला, भिल्लवई कयत्थि आवि. ।।१६।।

અર્થ : અચ્ચંકારીભટાનું (અદ્ભુત) ચરિત્ર સાંભળીને સ્વશીર્ષ (મસ્તક) કોણ ન ધુણાવે ? કે જેણીએ ભિલ્લપતિએ અત્યંત કદર્થના કર્યા છતાં અડગપણે સ્વશીલને અખંડ સાચવી રાખ્યું. ૧૬.

नियमित्तं नियमाया, निय जणओ निय पियामहो वा विं;
नियपुत्तो वि कुसीलो, न वल्लहो होइ लोआणं. ।।१७।।

અર્થ : ભલે તે નિજ મિત્ર, નિજ બંધુ, નિજ તાત, નિજ

તાતનો તાત કે નિજ પુત્ર હોય, પણ જો કુશીલ હશે તો તે લોકોને પ્રિય થઈ શકશે નહિં. ૧૭.

सव्वेसिं पि वयाणं, भग्गाणं अत्थि कोइ पडिआरो;
पक्कघडस्य व कन्ना, ना कोइ सीलं पुणो भग्गं. ।।१८।।

અર્થ : બીજાં બધાં વ્રત ભગ્ન થયાં હોય તો તેનો ઉપાય કંઈને કંઈ આલોચના-નિંદા પ્રાયશ્ચિતાદિક રુપ હોઈ શકે છે. પણ પાકા ઘડાનો કાનો સાંધવાની પેરે ભાંગેલા શીલને સાંધવું દુર્ઘટ-દુશક્ય છે. ૧૮.

वेआलभूअरक्खस-केसरिचितयगइंदसप्पाणं;
लीलाइ दलइ दप्पं, पालंतो निम्मलं सीलं.

અર્થ : નિર્મળ શીલનું રક્ષણ કરનાર ભવ્યાત્મા વેતાલ, ભૂત, રાક્ષસ, કેસરીસિંહ, ચિત્તો, હાથી અને સર્પના દર્પ (અહંકાર)ને લીલામાત્રમાં (જોતજોતમાં) દળી નાંખે છે. ૧૯.

जे केइ कम्ममुक्का, सिद्धा सिज्झंति सिज्झिहिंति तहा;
सव्वेसिं तेसिं बलं, विसालसीलस्स माहप्पं. ।।२०।।

અર્થ : જે કોઈ મહાશયો સર્વ કર્મથી મુક્ત થઈને સિદ્ધિ પદને પામ્યા છે. વર્તમાનકાળમાં (મહાવિદેહાદિક ક્ષેત્રમાં) સિદ્ધિ પદને પામે છે. અને ભવિષ્યકાળમાં આ ભરતાદિક ક્ષેત્રમાં પણ સિદ્ધિપદને પામશે. તે આ પવિત્ર શીલનો પ્રભાવ જાણવો. ઉત્તમ શીલ ચારિત્ર (યથાખ્યાત ચારિત્ર)ની પ્રાપ્તિ કરનારની અવશ્ય સિદ્ધિ થાય જ છે શીલ-ચારિત્રનું આવું ઉત્તમ મહાત્મ્ય શાસ્ત્રકારોએ જણાવેલું છે. તે ધ્યાનમાં લઈ ભવ્યજનોએ (સહુ ભાઈ-બહેનોએ) નિર્મલ શીલ-રત્નનું પરિપાલન કરવા સદોદ્યત (હંમેશા ઉદ્યમવાળા) રહેવું ઉચિત છે. ૨૦.

૬

શ્રી તપ કુલકમ્

सा जयउ जुगाई जिणो, जस्संसे सोहए जडामऊडो;
तवझाणग्गिपज्जलिअ-कम्मिंधण घूम लहरिव पंतिव्व ।।१।।

અર્થ : તપ અને ધ્યાનરુપ નવા અગ્નિવડે બાલી નાખેલી કર્મઈન્ધનોની ધૂમપંક્તિ જેવો જટાકલાપ, જેમના ખભા ઉપર શોભી રહ્યો છે, તે યુગાદિપ્રભુ જયવંતા વર્તો ! ૧.

संवच्छरिअ तवेण, काउस्सग्गंमि जो टिओ भयवं;
पूरिअ नियपइन्नो, हरउ दुरिआई बाहुबली. ।।२।।

અર્થ : એક વર્ષ પર્યંત તપવડે કાઉસ્સગ્ગ મુદ્રાએ ખડા રહી જે મહાત્માએ સ્વપ્રતિજ્ઞા પૂર્ણ કરી છે તે બાહુબલી મહારાજ (અમારા) દૂરિત-પાપ દૂર કરો ! ૨.

अथिरं पि थिरं वंकंपि, उजुअं दुल्लहंपि तह सुलहं;
दुस्सज्जंपि सुसज्जं, तवेण संपज्जए कज्जं. ।।३।।

અર્થ : તપના પ્રભાવથી અસ્થિર હોય તે પણ સ્થિર થાય છે, વાંકું હોય તે પણ સરલ થાય છે, દુર્લભ હોય તે પણ સુલભ થાય છે અને દુઃસાધ્ય હોય તે પણ સુસાધ્ય થાય છે. ૩.

छट्ठं छट्ठेण तवं, कुणमाणो पढमगणहरो भयवं;
अक्खीणमहाणसीओ, सिरिगोयमसामिओ जयउ. ।।४।।

अर्थ : છટ્ઠ છટ્ઠ તપ આંતરારહિત કરતાં પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી મહારાજ અક્ષીણ મહાનસી નામની મહાલબ્ધિને પ્રાપ્ત થયા તે જયવંતા વર્તો ! ૪.

सोहइ सणंकुमारो, तवबलखेलाइलद्धिसंपन्नो;
निठ्ठुअ खवडियंगुलिं, सुवन्नसोहं पयासंतो. ।।५।।

अर्थ : થૂંકવડે ખરડેલી આંગળીને સુવર્ણ જેવી શોભતી કરી દેખાડતા એવા સનત્કુમાર રાજર્ષિ તપોબળથી ખેલાદિક લબ્ધિવાળા શોભે છે. ૫.

गोबंभगब्भगब्भिणी, बंभिणीघायाइ गुरुअपावाई;
काऊण वि कणयं पि व, तवेण सुद्धो दढप्पहारी. ।।६।।

अर्थ : ગૌ, બ્રહ્મ, ગર્ભ અને ગર્ભવતી બ્રાહ્મણીના ઘાતો ઈત્યાદિક મહા ઉગ્ર પાપને કર્યા છતાં દઢપ્રહારી (છેવટે) મુનિપણે તપ સેવનવડે સુવર્ણની પેરે (જેમ) શુદ્ધ થયા. ૬.

पुव्वभवे तिव्वतवो, तविओ जं नंदिसेण महरिसिणा;
वसुदेवो तेण पिओ, जाओ खयरीसहस्साणं. ।।७।।

अर्थ : પૂર્વજન્મમાં નંદિષેણ મહર્ષિએ જે તીવ્રતપ કર્યો હતો તેના પ્રભાવથી વસુદેવ હજારો વિદ્યાધરીઓના પ્રિય-પતિ થયા. ૭.

देवावि किंकरत्तं, कुणंतिं कुलजाइविरहिआणंपि;
तवमंतपभावेणं, हरिकेसबलस्स व रिसिस्स. ८

अर्थ : તપ મંત્રના પ્રભાવથી હરિકેશી ઋષિની જેમ કુળ અને

જાતિહીન હોય તો પણ તેમની દેવતાઓ પણ સેવા ઉઠાવે છે. ૮.

पडसयमेगपडेणं, एगेण घडेण घडसहस्साईं;
ज किर कुणंति मुणिणो, तवकप्पतरुस्स तं खु फलं. ॥९॥

અર્થ : મુનિજનો જે એક પટ (વસ્ત્ર) વડે સેંકડો પટ-વસ્ત્રો કરે છે અને એક ઘટ-ભાજનવડે હજારો ઘટ-ભાજનો કરે છે તે નિશ્ચે તપરુપ કલ્પવૃક્ષનું જ ફળ છે. ૯.

अनिआणस्स विहिए, तवस्स तविअस्स किं पसंसामो;
किज्जइ जेण विणासो, निकाईयाणं पि कम्माणं. ॥१०॥

અર્થ : જેનાવડે નિકાચિત કર્મોનો પણ ધ્વંસ કરી શકાય છે એવા વિધિપૂર્વક નિયાણા રહિત કરેલા તપની અમે કેટલી પ્રશંસા કરીએ ? ૧૦.

अईदुक्करतवकारी, जगगुरुणां कन्हपुच्छि एण तदा;
वाहरिओ सो महप्पा, समरिज्जओ ढंढणकुमारो. ॥११॥

અર્થ : અઢાર હજાર મુનિઓમાં અતિ દુષ્કર તપ કરનાર કયા સાધુ છે ? એમ કૃષ્ણે એકદા પૂછતાં નેમિપ્રભુએ જે મહાશયને વખાણ્યા તે ઢંઢણમુનિ (સદાય) સ્મરણીય છે. ૧૧.

पइदिवसं सत्तजणे, हाणिउण(वहिऊण)गहियवीरजिणदिक्ख
दुग्गाभिहग्गहनिरओ, अज्जुणओ मालिओ सिद्धो. ॥१२॥

અર્થ : પ્રતિ દિવસ (ભૂતાવેશથી) સાત સાત જણનો વધ કરીને છેવટે વીરપ્રભુ પાસે દીક્ષા ગ્રહી જે ઘોર દુષ્કર અભિગ્રહ પાળવામાં ઉજમાળ થયો તે અર્જુનમાળીમુનિ સિદ્ધિપદ પામ્યો. ૧૨.

नंदीसररुअगेसु वि, सुरगिरिसिहरेवि एगाएफाए;
जंघाचारणमुणिणो, गच्छंति तवप्पभावेणं. ॥१३॥

અર્થ : નંદીશ્વર નામના આઠમા દ્વીપે તથા રુચક નામના તેરમા દ્વીપે તેમજ મેરુ પર્વતના શિખરો ઉપર એક કાળે કરી જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓ તપના પ્રભાવે જઈ શકે છે. ૧૩.

सेणियपुरओ जेसिं, पसंसिअं सामिणा तवोरुवं;
ते धन्ना धन्नमुणी, दुन्हवि पंचुत्तरे पत्ता. ॥१४॥

અર્થ : શ્રેણિકરાજાની પાસે વીર પરમાત્માએ જેમનું તપોબળ વખાણ્યું હતું તે ધન્નોમુનિ (શાલિભદ્રના બનેવી) અને ધન્નાકાકંદી બંને મુનિઓ સર્વાર્થસિદ્ધ વિમાને ગયા. ૧૪.

सुणिऊण तव सुंदरी-कुमरीए अंबिलाण अणवरयं;
सट्ठि वाससहस्सा, भण कस्स न कंपए हिअयं. ॥१५॥

અર્થ : ઋષભદેવ સ્વામીની પુત્રી સુંદરીએ ૬૦ હજાર વર્ષ પર્યંત કાયમ આયંબિલ તપ કર્યો તે સાંભળી કહો ! કોનું હૃદય કંપ્યા વગર રહેશે ? ૧૫.

जं विहिअमंबिलतवं, बारसबरिसाइं सिवकुमारेण;
तं दट्ठु जंबुरुवं, विम्हइओ सेणिओ राया. ॥१६॥

અર્થ : (પૂર્વ ભવમાં) શિવકુમારે બાર વર્ષ પર્યંત આયંબિલ તપ કર્યો હતો તેના પ્રભાવથી જંબુકુમારનું અદ્‌ભુત રુપ દેખીને શ્રેણિક રાજા વિસ્મય પામ્યો હતો. ૧૬.

जिणकप्पिअ परिहारिअ, पडिमापडिवन्नलंदयाईणं;
सोऊण तवसरुवं, को अन्नो वहउ तवगव्वं.. ॥१७॥

અર્થ : જિનકલ્પી, પરિહાર વિશુદ્ધિ, પ્રતિમાપ્રતિપન્ન અને યથાલંદી તપસ્વી સાધુઓનું તપનું સ્વરૂપ સાંભળીને બીજોકોણ તપનો ગર્વ કરવો પસંદ કરશે ? ૧૭.

मासद्धमासखवओ, बलभद्दो रुववं पि हु विरत्तो;
सो जयउ रन्नवासी, पडिबोहिअ सावयसहस्सो. ॥१८॥

અર્થ : અતિ રુપવંત છતાં વિરક્ત થઈ અરણ્યમાં વસી જેણે હજારો શ્વાપદ જાનવરોને પ્રતિબોધ્યા છે તે માસ અર્ધ માસની તપસ્યા કરતા બલભદ્રમુનિ જયવંતા વર્તો. ૧૮.

थरहरिअधरं झलहलिअ-सायरं चलियसयलकुलसेलं;
जमकासी जयं विण्हु, संघकए तं तवस्स फलं. ॥१९॥

અર્થ : શ્રી સંઘનું કષ્ટ નિવારણ કરવા માટે વિષ્ણુકુમારે લક્ષ યોજનપ્રમાણ રુપ વિકુર્વ્યુ ત્યારે પૃથ્વી કંપાયમાન થઈ, સાગર જળહળ્યા-હાલકલોલ થયા, અને હિમવંતાદિક પર્વતો ચલાયમાન થયા અને છેવટે શ્રી સંઘનું રક્ષણ કર્યુ, તેસર્વ તપનું ફળ જાણવું. ૧૯.

किं बहुणा भणिएणं, जं कस्सवि कहवि कत्थवि सुहाइं;
दीसंति (तिहुअण) भवणमज्झे, तत्थ तवो कारणंचेव. ॥२०॥

અર્થ : તપનો પ્રભાવ કેટલો વર્ણવી શકાય ? જે કોઈને કોઈપણ પ્રકારે ક્યાંય પણ ત્રિભુવન મધ્યે સુખસમાધિ પ્રાપ્ત થાય છે, ત્યાં સર્વત્ર (બાહ્ય અભ્યંતર) તપ જ કારણરુપ છે એમ ચોક્કસ સમજવું, અને તેનું આરાધન કરવા યથાવિધિ ઉદ્યમ સેવવો. ૨૦.

卐

७ श्री भावकुलकम्

कमठासुरेण रइयंमि, भीसणे पलयतुल्लजलबोले;
भावेण केवललच्छिं, विवाहिओ जयउ पासजिणो. ।।१।।

અર્થ : કમઠાસુરે રચેલા ભારે પ્રલયકાળના જેવા જળઉપદ્રવ કાળે સમભાવને ધારણ કરવા વડે જે કેવળ જ્ઞાન લક્ષ્મીને વર્યા, તે શ્રી પાર્શ્વપ્રભુ જયવંતાં વર્તો. ૧.

निच्चुन्नो तंबोलो, पासेण विणा न होइ जह रंगो;
तह दाणसीलतवभावणाओ, अहलाओ सव्व भावविणा.।।२।।

અર્થ : જેમ કાથા ચૂના વગરનું તાંબૂલ (નાગરવેલનું પાન) અને પાસ વગરનું વસ્ત્ર બરાબર રંગાતું નથી, તેમ ભાવ વગર દાન, શીલ, તપ અને ભાવનાઓ પણ ફળદાયી થઈ શકતાં નથી. ૨.

मणिमंतओसहीणं, जंततंताण देवयाणं पि;
भावेण विणा सिद्धि, न हु दीसइ कस्स वि लोए.।।३।।

અર્થ : મણિ, મંત્ર, ઔષધી તેમજ જંત્ર તંત્ર અનેદેવતાની પણ સાધના, દુનિયામાં કોઈને ભાવ વગર સફલ થતી નથી ભાવ યોગે જ તે તે વસ્તુઓની સિદ્ધિ થતી દેખાય છે. ૩.

सुहभावणावसेणं, पसन्नचंदो मुहुत्तमित्तेण;
खविऊण कम्मगंठि, संपत्तो केवल नाणं. ॥४॥

અર્થ : શુભ ભાવનાયોગે પસન્નચંદ્ર (રાજર્ષિ) બે ઘડી માત્રમાં રાગ દ્વેષમય કર્મની ગુંફીલ ગ્રંથી (ગાંઠને) ભેદી નાંખી કેવળજ્ઞાન પામ્યા. ૪.

सुस्सूसंती पाए, गुरुणीणं गरहिऊण नियदोसे;
उप्पन्नदिव्वनाणा, मिगावई जयउ सुहभावा. ॥५॥

અર્થ : નિજ દોષ (અપરાધ)ની નિંદા ગર્હા કરીને ગુરુણીનાં ચરણની સેવા કરતાં જેણીને શુભ ભાવથી કેવળજ્ઞાન ઉપન્યું, તે મૃગાવતી સાધ્વી જયવંતા વર્તો. ૫.

भयवं ईलाइपुत्तो, गुरुए वंसंमि जो समारुढो;
दट्ठूण मुणिवरिंदं, सुहभावओ केवली जाओ. ॥६॥

અર્થ : મોટા વાંસ ઉપર નાચવા માટે ચડ્યા છતાં કોઈ મહામુનિરાજને દેખી શુભ ભાવથી પૂજ્ય ઈલાચિપુત્રને કેવળજ્ઞાન પ્રગટ થયું. એ સદ્ભાવનો જ પ્રભાવ સમજવો. ૬.

कविलो अ बंभणमुणी, असोगवणिआई मज्झयारंमि;
लाहालोहत्ति पयं, पढंतो (झायंतो) जायजाइसरो. ॥७॥

અર્થ : કપિલ નામનો બ્રાહ્મણ મુનિ અશોક વાટિકામાં 'જહા લાહો તહા લોહો લાહા લોહો પવઢ્ઢઈ' એપદની વિચારણા કરતો શુભ ભાવથી જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. ૭.

खवगनिमंतणपुव्वं, वासिअभत्तेण सुद्धभावेण;
भुंजंतो वरनाणं, संपत्तो कूरगड्डु वि (कूरगड्डुओ). ॥८॥

અર્થ : તપસ્વી સાધુઓને નિમંત્રણ કરવા પૂર્વક તુચ્છ વસ્તુનું ભોજન કરતા શુદ્ધ ભાવથી કુરગડુમુનિ કેવળજ્ઞાન પામ્યા. ૮

पूव्वभवसूरिविरइअ-नणासाअणपभावदुम्मेहो;
नियनामं झायंतो, मासतुसो केवली जाओ. ।।९।।

અર્થ : પૂર્વ ભવે આચાર્યપણે કરેલી જ્ઞનની આશાતનાના પ્રભાવથી બુદ્ધિહીન થયેલા 'માસતુસ' મુનિ, નિજ નામને (**मा रुष मा तुष** 'રોષ ન કર રાગ ન કર' એ રુપ મહારાજાએ બતાવેલા પરમાર્થને) ધ્યાતાં છતાં ઘાતિ કર્મનો ક્ષય કરી (શુદ્ધ નિર્મળ ભાવથી) કેવળજ્ઞાન પામ્યા. ૯.

हत्थिमि समारुढा, रिद्धिं दट्ठुण उसभसामिस्स;
तक्खणे सुहझाणेणं, मरुदेवी सामिणी सिद्धा. ।।१०।।

અર્થ : હાથીના સ્કંધ ઉપર આરુઢ થયેલા મરુદેવી માતા ઋષભદેવ સ્વામીની ઋદ્ધિ-સિદ્ધિ દેખીને તત્કાળ શુભ ધ્યાની અંતકૃત્ કેવલી થઈ મોક્ષપદ પામ્યા. ૧૦.

पडिजागरमाणीए, जंघाबलखीणमन्निआपुत्तं;
संपत्तकेवलाए, नमो नमो पुप्फचूलाए. ।।११।।

અર્થ : જંઘાબલ જેમનું ક્ષીણ થયું છે, એવા અર્ણિકાપુત્ર આચાર્યની સેવા (ઉચિત વૈયાવચ્ચ) કરતાં જેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તે પુષ્પચૂલાસાધ્વીને પુનઃ પુનઃ નમસ્કાર હો. ૧૧

पन्नरसयतावसाणं, गोअमनामेण दिन्नदिक्खाणं;
उप्पन्नकेवलाणं, सुहभावाणं नमो ताणं. ।।१२।।

અર્થ : ગૌતમસ્વામીએ પોતાના નામથી જેમને દીક્ષા દીધી છે, અને શુભ ભાવવડે જેઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, એવા

પંદરસો તાપસોને નમસ્કાર હો. ૧૨.

जीवस्स सरीराओ, भेअं नाउं समाहिपत्ताणं;

उप्पाडिअनाणाणं, खंदकसीसाणं तेसिं नमो. ॥१३॥

અર્થ : પાપી પાલક વડે યંત્રમાં પીલાતા છતાં, જીવને શરીરથી જુદો જાણીને સમાધિ દ્વારા જેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે, તે સ્કંદકસૂરિના સઘળા શિષ્યોને નમસ્કાર હો ! ૧૩.

सिरिवद्धमाणपाए, पूअत्थी सिंदुवारकुसुमेहिं;

भावेणं सुरलोए, दुग्गइनारि सुहं पत्ता. ॥१४॥

અર્થ : વર્ધમાન સ્વામીના ચરણને સિંદુવારનાં ફૂલથી પૂજવાને ઈચ્છતી દુર્ગતા નારી શુભ ભાવ વડે (કાળ કરીને દેવગતિમાં ઉપજીને) સુખી થઈ. ૧૪.

भावेण भुवणनाहं वंदेउं दद्दुरोवि संचलिओ,

मरिऊण अंतराले, नियनामंको सुरो जाओ. ॥१५॥

અર્થ : એક દેડકો પણ ભાવથી ભુવનગુરુ શ્રી વર્ધમાનસ્વામીને વાંદવા ચાલ્યો. ત્યાં માર્ગમાં ઘોડનીખરી નીચે કચડાઈને મરણ પામીને નિજનામાંકિત-દર્દૂરાંક નામે દેવતા થયો. ૧૫.

विरयाविरयसहोदर, उदगस्स भरेण भीरअसरिआए;

भणीयाए साविआए, दिन्नो मग्गुत्ति भाववसा. ॥१६॥

અર્થ : વિરત સાધુ અને અવિરત શ્રાવક (રાજા) જે બંને સગા ભાઈ હતા. તેમને ઉદ્દેશીને 'આ સાધુ સદાય ઉપવાસી હોય, અને આ શ્રાવક બ્રહ્મચારી હોય તો અમને હે નદી દેવી ! માર્ગ આપજે.' એમ ઉક્ત મુનિને વંદના કરવા જતાં અને પાછા વળતાં માર્ગમાં પાણીના પૂરથી ભરેલી નદીને સંબોધી તે શ્રાવિકા (રાણી)

એ કહ્યે છતે તેમના સાચા ભાવથી નદીએ તેમને તરત જ પેલે પાર જવા દેવા માટે માર્ગ કરી આપ્યો હતો. ૧૬.

सिरिचंडरुद्दगुरुणा, ताडिज्जंतो वि दंडघाएणं;
तक्कालं तस्सोसो, सुहलेसो केवली जाओ. ॥१७॥

અર્થ : શ્રી ચંડરુદ્રગુરુવડે દંડપ્રહારથી તાડન કરાતો એવો તેમનો (શાન્ત) શિષ્ય શુભ લેશ્યાવંત થઈ તત્કાળ કેવળજ્ઞાન પામ્યો. ૧૭.

जं न हु भणिओ बंधो, जीवस्स वहे वि समिइगुत्ताणं;
भावो तत्थ पमाणं, न पमाणं कायवावारो. ॥१८॥

અર્થ : સમિતિ ગુપ્તિવંત સાધુઓને ક્વચિત્ જીવનો વધ થઈ જાય છે, તો પણ તેનો તેમને બંધ કહ્યો નથી, તેથી તેમાં ભાવ જ પ્રમાણ છે પણ કાયવ્યાપાર પ્રમાણ નથી. ૧૮.

भावच्चिय परमत्थो, भावो धम्मस्स साहगो भणिओ;
सम्मत्तस्स वि बीअं, भावच्चिय बिंति जगगुरुणो. ॥१९॥

અર્થ : ભાવ જ ખરો પરમાર્થ છે. ભાવ જ ધર્મનો સાધક-મેળવી આપનાર છે અને ભાવને જ સમ્યક્ત્વનું બીજ ત્રિભુવન ગુરુ શ્રી તીર્થંકરો કહે છે. ૧૯.

किं बहुणा भणिएणं, तत्तं निसुणेह भो ! महासत्ता !
मुक्खसुहबीयभूओ, जीवाण सुहावहो भावो. ॥२०॥

અર્થ : ઘણું ઘણું શું કહીએ ? હે સત્ત્વવંત ? હું તમોને તત્વ (નિચોડ) કહું છું, તમે સાવધાનપણે સાંભળો મોક્ષ સુખના બીજરૂપ જીવોને સુખકારી ભાવ જ છે. અર્થાત્ સદ્‌ભાવ યોગે જ જીવો મોક્ષ સુખ મેળવી શકે છે. ૨૦.

इय दाणसीलतवभावणाओ, जो कुणइ सत्तिभत्तिपरो;
देविंदविंदमहिअं, अइरा सो लहइ सिद्धिसुहं. ॥२१॥

અર્થ : આ દાન, શીલ, તપ અને ભાવનાઓને જે ભવ્યાત્મા શક્તિ અને ભક્તિના ઉલ્લાસ વડે કરે છે, તે મહાશય ઈન્દ્રોના સમૂહ વડે પૂજિત એવું અક્ષય મોક્ષ સુખ અલ્પકાળમાં મેળવી શકે છે. આ કુલકમાં છેવટે ગ્રંથકારે પોતાનું દેવેન્દ્રસૂરિ એવું નામ ગર્ભિતપણે સૂચવ્યું જણા છે. ઉક્ત મહાશયનાં હિતકર વચનોને ખરાભાવથી આદરવા એ આપણું ખાસ કર્તવ્ય છે. ૨૧.

卐

૮ અભવ્ય કુલકમ્

जह अभवियजीवेहिं, न फासिया एवमाइया भावा;
इंदत्तमणुत्तरसुर, सिलायनर नारयत्तं च. ॥१॥

અર્થ : અભવ્ય જીવોએ આ હવે પછી કહેવામાં આવશે તે ભાવો સ્પર્શ્યા નથી. તે ઈન્દ્રપણું, અનુત્તરવાસી દેવપણું, ત્રેંસઠ શલાકા પુરુષપણું અને નવ નારદપણું. ૧.

केवलगणहरहत्थे, पव्वज्जा, तित्थवच्छरं दाणं;
पवयहसुरी सुरत्तं, लोगंतिय देवसामित्तं. ॥२॥

અર્થ : વલી કેવલી તથા ગણધરના હાથે દીક્ષા, તીર્થંકરનું વાર્ષિક દાન, પ્રવચનની અધિષ્ટાયક દેવી તથ દેવપણું, લોકાંકિત દેવપણું અને દેવપતિપણું ન પામે. ૨.

तायत्तीससुरत्तं, परमाहम्मिय जुयलमणुअत्तं;
संभिन्नसोय तह, पुव्वधराहारयपुलायत्तं. ॥३॥

અર્થ : ત્રાયત્રિંશકદેવપણું, પંદર જાતિના પરમાધામીપણું, યુગલિયા મનુષ્યપણું, વળી સંભિન્નશ્રોતલબ્ધિ, પૂર્વધરલબ્ધિ, આહારકલબ્ધિ અને પુલાકલબ્ધિપણું પણ ન પામે. ૩.

मइनाणाई सुलद्धी, सुपत्तदाणंसमाहिमरणत्तं;
चारणदुगमहुसप्पिय, खीरासचखीणठाणत्तं. ॥४॥

અર્થ : મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનાદિકની લબ્ધિ, સુપાત્રદાન, સમાધિમરણ, વિદ્યાચરણ અને જંઘાચારણની લબ્ધિ, મધુસર્પિલબ્ધિ, ક્ષીરાશ્રવલબ્ધિ, અક્ષીણમહાનસી લબ્ધિ પણ ન પામે. ૪.

तित्थयरतित्थपडिमा, तणुपरिभोगइ कारणेवि पुणो;
पुढवाइयभावंमि वि, अभव्वजीवेहिं नो पत्तं. ॥५॥

અર્થ : તીર્થંકર તથા તીર્થંકરની પ્રતિમાના શરીરના પરિભોગાદિ માટેની ચીજ-વસ્તુઓમાં પણ અભવ્ય જીવો પૃથ્વીકાય આદિના ભાવોને ન પામે. ૫.

चउहस रयणत्तंपि, पत्तं न पुणो विमाणसामित्तं;
सम्मत्तनाणसंयम, तवाइ भावा न भावदुगे. ॥६॥

અર્થ : ચૌદ રત્નપણું અને વલી વિમાનનું સ્વામીપણું ન પામે. વલી સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્ર અને તપાદિ ભાવો ન પામે, અને ક્ષાયિક તથા ઉપશમ એ બે ભાવ પણ ન પામે. ૬.

अणुभवजुत्ता भत्ती, जिणाणसाहम्मियाण वच्छलं;
न य साहेइ अभव्वो, संवेगत्तं न सुप्पवखं. ॥७॥

અર્થ : અભવ્ય જીવ અનુભવયુક્ત ભક્તિ, જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે સાધર્મિની સેવાભક્તિ, સંસારથી વૈરાગ્યપણું તેમજ શુક્લપાક્ષિકપણું ન પામે. ૭.

जिणजणयजणणिजाया, जिण जक्खा जक्खणीजुगपहाणा;
आयरियपयाइ दसगं, परमत्थ गुणड्ढमप्पत्तं. ॥८॥

અર્થ : જિનેશ્વરના માતા, પિતા, સ્ત્રી, જક્ષ, જક્ષણી અને યુગપ્રધાન પણ ન થાય. વળી વિનય યોગ્ય આચાર્યાદિ દશ સ્થાનો તેમજ પરમાર્થથી અધિક ગુણવંતપણું ન પામે. ૮.

अणुबंधहेउसरूवा, तत्थ अहिंसा तिहा जिणुदिट्ठा;
दव्वेण य भावेण य, दुहावि तेसिं न संपत्ता ॥९॥

અર્થ : વલી અભવ્યજીવ અનુબંધ, હેતુ અને સ્વરૂપ એવી ત્રણ પ્રકારે શ્રી જિનેશ્વરે કહેલી અહિંસા, દ્રવ્ય અને ભાવ એવા બે ભેદથી ન પામે. ૯.

卐

૮

પુણ્યપાપ કુલકમ

छत्तीसदिनसहस्सा, वाससये होइ आउपरिमाणं;
झिज्झंतं पईसमयं, पिच्छओ धम्मम्मि जइअव्वं. ॥१॥

અર્થ : સો વરસના છત્રીસ હજાર દિવસ, આયુષ્યનું એટલું પરિમાણ હોય છે. તે સમયે સમયે ઓછું થતું જાય છે, એમ જાણીને ધર્મમાં યત્ન કરવો. ૧.

जइ पोसहसहीओ, तव नियमगुणेहिं गम्मइ एगदिणं;
ता बंधइ देवाउ, इत्तियमित्ताई पलियाइं. ॥२॥

અર્થ : જો કોઈ જીવ પોસહ સહીત તપ નિયમના ગુણોથી એક દિવસ ગાળે, તો તે આગળ કહેશે તેટલા પલ્યોપમનું દેવતાનું આયુષ્ય બાંધે છે. ૨.

सगवीसं कोडीसया, सत्तहुत्तरी कोडिलक्ख सहस्सा य;
सत्तसया सत्तहुत्तरि, नवभागा सत्तपलियस्स. ॥३॥

અર્થ : સત્તાવીસ સો કોડ; સીત્યોતેર ક્રોડ, સીત્યોતેર લાખ સીત્યોતેર હજાર, સાતસોને સીત્યોતેર એટલા પલ્યોપમ અને વલી એક પલ્યોપમનો સાતમો ભાગ. ૩.

अट्ठासीई सहस्सा, वाससये दुन्निलक्खपहराणं;
एगोविअ जह पहरो, धम्मजुओ ता इमो लाहो. ।।४।।

અર્થ : એક સો વર્ષના બે લાખ અને અઠ્યાસી હજાર પહોર છે. તેમાંથી જો કોઈ જીવ એક પણ પહોર ધર્મયુક્ત (પોસહવ્રત યુક્ત) થાય તો તેને આગળ કહેશે એટલો લાભ છે. ૪.

तिसयसगं चत्तकोडि, लक्खा बावीस सहस बावीसा;
दुसइ दुवीस दुभागा, सुराउबंधो य इगपहरे. ।।५।।

અર્થ : ત્રણસો સુડતાલી ક્રોડ, બાવીસલાખ, બાવીસ હજાર બસો અને બાવીસ, વલી ઉપર બે ભાગ. એટલા પલ્યોપમનો એક પહોર પોસહ કરનરને દેવતાનાં આયુષ્યનો બંધ થાય છે. ૫.

दस लक्ख असीय सहसा, मुहुत्त संखाय होइ वाससए;
जइ सामाईअसहिओ, एगोविअ ता इमोलाहो. ।।६।।

અર્થ : સો વર્ષનાં મૂહૂર્ત (બે ઘડીયો) દસ લાખ અને એંસી હજાર થાય છે. તેમાં જીવ અને મુહૂર્ત માત્ર પણ સામાયિકમાં રહે તો તેને આગલી ગાથામાં કહેશે તેટલો લાભ થાય છે. ૬

बाण वयकोडीओ, लक्खा गुणसट्ठि सहस्स पणवीसं;
नवसयपणवीस जूआ, सतिहा अडभाग पलियस्स. ।।७।।

અર્થ : બાણું ક્રોડ, ઓગણસાઠ લાખ, પચ્ચીસ હજાર નવસો પચ્ચીસ અને ઉપર એક પલ્યોપમના આઠીયા સાત ભાગ; એટલું દેવગતિનું આયુષ્ય બે ઘડી સામાયિક કરનાર જીવ બાંધે છે. ૭.

वाससये घडिआणं, लक्खिगवीसं सहस्स तह सट्ठी;
एगावि अ धम्मजूआ, जइ ता लाहो इमो होइ. ।।८।।

અર્થ : સો વર્ષની ઘડીયો એકવીસ લાખ અને સાઠ હજાર થાય, તેમાંથી એક ઘડી પણ જો જીવ ધર્મ યુક્ત હોય તો તેને આગલી ગાથામાં કહેશે તેટલો લાભ થાય છે. ૮.

छायालकोडी गुणतीस लक्ख छासट्ठी सहस्स सयनवगं;
तेसट्ठीकिंचूणा, सुरौउ बंधेइ इगघडिए. ॥९॥

અર્થ : એક ઘડીધમ કરનાર જીવ છેતાલીસ ક્રોડ, ઓગણત્રીસ લાખ, છસઠ હજાર, નવસો અને કાંઈક ઓછા એવા ત્રેંસઠ એટલા પલ્યોપમનું દેવગતિનું આયુષ્ય બાંધે. ૯.

सट्ठी अहोरत्तेणं, घडीआओ जस्स जंति पुरिसस्स;
नियमेणवि रहिआओ, सो दिअहओ निप्फलो तस्स. ॥१०॥

અર્થ : અહોરાત્રિની સાઠે ઘડીયો, જે પુરુષની ધર્મનિયમ વગરની જાય છે તેનો તે દિવસ નિષ્ફળ જાણવો. ૧૦.

चत्तारीअ कोडिसया, कोडीओ सत्त लक्ख अडयाला;
चालीसं च सहसा, वाससय हूंति ऊसासा. ॥११॥

અર્થ : એકસો વર્ષના ચારસોને સાતક્રોડ અડતાલીસ લાખ ચાલીસ હજાર એટલા શ્વાસોશ્વાસ થાય છે. ૧૧.

इक्कोवि अ ऊसासो, न य रहिओ होइ पुण्णपावेहिं;
जइ पुण्णेणं सहिओ, एगोविअ ता इमो लाहो. ॥१२॥

અર્થ : તેમાંથી એક પણ શ્વાસોશ્વાસ પુણ્ય પાપ વગરનો હોય નહિ; તેમાંથી જીવનો એક પણ શ્વાસોશ્વાસ પુણ્ય (ધર્મ) સહિત હોય તો તેને આગલી ગાથામાં કહેશે તેટલો લાભ થાય છે. ૧૨.

लक्ख दुग सहस पण चत्तं, चउसया अट्ठ चेव पलियाइं;
किंचूणा चउभागा, सुराउ बंधो इगुसासे. ॥१३॥

અર્થ : બે લાખ, પીસ્તાલીસ હજાર, ચારસોને આઠ પલ્યોપમથી અધિક કાંઈક ઓછા એવા ચાર ભાગ, એટલું દેવતાનું આયુષ્ય એક શ્વાસોશ્વાસ ધર્મ કરનારો બાંધે છે. ૧૩.

एगुणवीसं लक्खा, तेसट्ठी सहस्स दुसय सत्तठी;
पलियाइं देवाउ, बंधइ नवकारउस्सग्गो. ॥१४॥

અર્થ : ઓગણીસ લાખ, ત્રેંસઠ હજાર બસોને સડસઠ પલ્યોપમનું દેવગતિનું આયુષ્ય નવકાર ગણનારો અથવા આઠ શ્વાસોશ્વાસ ધર્મ સેવનારો પામે. ૧૪.

लक्खिगसट्ठी पणतीस, सहस दुसय दसपलिय देवाउ;
बंधई अहियं जीवो, पणवीसुसासउस्सग्गो. ॥१५॥

અર્થ : એકસઠ લાખ, પાંત્રીસ હજાર, બસો ને દસ પલ્યોપમથી અધિક દેવગતિનું આયુષ્ય, પચ્ચીસ શ્વાસોશ્વાસ અથવા એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરનાર જીવ બાંધે છે. ૧૫.

एवं पाव परायाणं, हवेउ निरयाउ अस्स बंधोवि;
इअ नाउं सिरि जिणकित्ति-अंमि धम्मंमि उज्जमं कुणह
॥१६॥

અર્થ : હે ભવ્ય જીવો ! પાપ કરનારને એ પ્રમાણે નરકનો બંધ પણ હોય છે. એમ જાણીને શ્રી જિનેશ્વરે કહેલા ધર્મને વિષે વિષે ઉદ્યમ કરો. ૧૬.

卐

१०

શ્રી ગૌતમ કુલકમ્

लुद्धा नरा अत्थ परा हवंति, मूढा नरा काम परा हवंति;
बुद्धा नरा खंति परा हवंति मिस्सा नरा तिन्निवि आयरंति
॥१॥

અર્થ : લોભી પુરુષો મેળવવા તત્પર હોય છે. મૂર્ખ પુરુષો કામ ભોગમાં તત્પર હોય છે; તત્ત્વના જાણ પુરુષો ક્ષમામાં તત્પર હોય છે અને મિશ્ર પુરુષો ધન, કામ અને ક્ષમામાં તત્પર હોય છે. ૧

ते पंडिया जे विरया विरोहे, ते साहुणो जे समयं चरंति;
ते सत्तिणो जे न चलंति धम्मं, ते बंधवा जे वसणे हवंति
॥२॥

અર્થ : જે વિરોધથી દૂર રહેલ છે. તે જ પંડિતો, જે સિદ્ધાંતના માર્ગે ચાલે તે જ સાધુઓ, જે ધર્મથી ન ચળે તે જ સત્વવંત અને જે આપદા સમયે આપણા થાય તે જ બાંધવો કહીએ. ૨.

कोहाभिभूया न सुहं लहंति, माणंसिणो सोयपरा हवंति;
मायाविणो हूंति परस्सपेसा, लुद्धामहिच्छा नरयं उविंति.
॥३॥

અર્થ : ક્રોધથી ભરેલા જીવો સુખ ન પામે, માન રાખનારા જીવો શોક કરવામાં તત્પર હોય છે; માયાવી જીવો પારકા ચાકર થાય, લોભથી ઇચ્છાવાળા જીવો નરકમાં ઉત્પન્ન થાય. ૩

कोहो विसं किं अमयं अहिंसा, माणो अरी किं हियमप्पमाओ
माया भयं किं सरणं तु सच्चं, लोहो दुहं किं सुहमाह तुट्ठि
॥४॥

અર્થ : (વિષ તે શું ?, અમૃત તે શું ?, શત્રુ તે શું ?, હિત તે શું ?, ભય તે શું ?, શરણ તે શું ?, દુઃખ તે શું ?, સુખ તે શું ?) ક્રોધ તે જ વિષ. અહિંસા તે જ અમૃત, માન તે જ શત્રુ, અપ્રમાદ તે જ હિત, માયા તે જ ભય, સત્ય તે જ શરણ, લોભ તે જ દુઃખ, સંતોષ તે જ સુખ.

बुद्धि अचंडं भयए विणीयं, कुद्धं कुसीलं भयए अकित्ती;
संभिन्नचित्तं भयए अलच्छी, सच्चे ट्ठियं संभयए सिरि य.
॥५॥

અર્થ : વિનયવંત સૌમ્ય પ્રાણીને બુદ્ધિ ભજે, ક્રોધી અને કુશીલયાને અકીર્તિ ભજે, ભગ્નચિત્તવાળાને અલક્ષ્મી ભજે, સત્યમાં સ્થિત થયેલાને લક્ષ્મી ભજે. ૫.

चयंति मित्ताणि नरं कयग्घं, चयंति पावाइं मुणिं जयंतं;
चयंति सुक्काणि सराणि हंसा, चयंति बुद्धि कुवियं मणुस्सं
॥६॥

અર્થ : કૃતઘ્ન પુરુષને મિત્રો તજે છે, યત્નાવંત મુનિને પાપો તજે છે, સૂકાઈ ગયેલા સરોવરોને હંસ પક્ષીઓ તજે છે, કોપવંત મનુષ્યને બુદ્ધિ તજે છે. ૬.

अरोईअत्थे कहीए विलावो, असंपहारे कहीए विलावो;
विक्खित्तचित्ते कहीए विलावो, बहु कुसीसे कहीए विलवो.
॥७॥

અર્થ : સાંભળનારને ન રુચે તેવી વાત કહેવી, તે વિલાપ તુલ્ય જાણવી, અનિશ્ચિત અર્થ કહેવો, તે વિલાપ તુલ્ય જાણવો. વ્યાક્ષિપ્ત ચિત્તવાળાને જે કહેવું તે વિલાપ તુલ્ય જાણવું. કુશિષ્યને ઘણું કહેવું તે

વિલાપ તુલ્ય જાણવું. ૭.

दुट्ठा निवा दंडपरा हवंति, विज्जाहरा मंतपरा हवंति;
मुक्खा नरा कोवपरा हवंति, सुसाहुणो तत्तपरा हवंति. ।।८।।

અર્થ : દુષ્ટ રાજાઓ દંડવામાં તત્પર હોય છે. વિદ્યાધરો મંત્ર સાધવામાં તત્પર હોય છે. મૂર્ખ પુરુષો કોપ કરવામાં તત્પર હોય છે. ઉત્તમ સાધુઓ તત્ત્વ અર્થાત્ પરમાર્થમાં તત્પર હોય છે. ૮.

सोहा भवे उग्गतवस्स खंती, समाहिजोगो पसमस्स सोहा;
नाणं सुझाणं चरणस्स सोहा, सासस्स सोहा विणए पवित्ती. ।।९।।

અર્થ : ઉગ્ર તપસ્યાવંત ક્ષમાથી શોભા પામે. જે, સમાધિયોગ છે, તે જ ઉપશમની શોભા છે. જ્ઞાન અને શુભ ધ્યાન તે જ ચારિત્રની શોભા છે. વિનયમાં પ્રવૃત્તિ કરવી, તે જ શિષ્યની શોભા છે. ૯.

अभूसणो सोहइ बंभयारी, अकिंचणो सोहइ दिक्खधारी;
बुद्धिजुओ सोहइ रायमंती, लज्जाजुओ सोहइ एगपत्ति ।।१०।।

અર્થ : બ્રહ્મચારી આભૂષણ વિના પણ શોભે છે; દિક્ષાધારી અકિંચનપણે શોભે છે. રાજાનો મંત્રી બુદ્ધિયુક્ત હોય તો શોભે છે. તથા લજ્જાળુ મનુષ્ય એક પત્નીવ્રતથી શોભે છે. ૧૦.

अप्पा अरी होइ अणवट्ठिअस्स, अप्पा जसो सीलमओ नरस्स;
अप्पा दुरप्पा अणवट्ठियस्स, अप्पा जिअप्पा सरणं गई य. ।।११।।

અર્થ : અનવસ્થિત ચિત્તવાળાને પોતાનો જ આત્મા વૈરી હોય. શીળવંત પુરુષનો આત્મા સર્વ ઠેકાણે જશ પામે. અનવસ્થિત ચિત્તવાળાને પોતાનો જ આત્મા દુરાત્મા જાણવો જ્યારે ઇન્દ્રિયોને જીતી મનને વશ કરે, ત્યારે તે જીતાત્મા સંસારથી બ્હીતાં પ્રાણીઓને આશ્રયભૂત થાય. ૧૧

न धम्मकज्जा परमत्थि कज्जं, न पाणिहिंसा परमं अकज्जं;
न पेमरागा परमत्थि बंधो, न बोहिलाभा परमत्थि लाभो.
॥१२॥

અર્થ : ધર્મકાર્યો સમાન ઉત્કૃષ્ટ કાર્ય નથી. જીવહિંસા સમાન ઉત્કૃષ્ટ અકાર્ય નથી. પ્રેમરાગ સમાન ઉત્કૃષ્ટ બંધન નથી. બોધિલાભ સમાન ઉત્કૃષ્ટ લાભ નથી. ૧૨.

न सेवियव्वा पमया परक्का, न सेवियव्वा पुरिसा अविज्जा;
न सेवियव्वा अहिमाणीहिणा, ने सेवियव्वा पिसुणा मणुस्सा
॥१३॥

અર્થ : ડાહ્યા પુરુષે પારકી સ્ત્રી ન સેવવી. વિદ્યા રહિત પુરુષોને ન સેવવા.અભિમાની તથા નીચ પુરુષોને ન સેવવા. ચાડિયા પુરુષોને ન સેવવા. ૧૩.

जे धम्मिया ते खलु सेवियव्वा, जे पंडिया ते खलु पूच्छियव्वा;
जे साहुणो ते अभिवंदियव्वा, जे निम्ममा ते पडिलाभियव्वा.

અર્થ : જે પુરુષો ધર્મવંત હોય, તે પુરુષો નિશ્ચે સેવવા. જે પુરુષો પંડિત હોય, તે પુરુષો નિશ્ચે પૂછવા યોગ્ય જાણવા. જે સાધુ મુનિરાજ છે, તે સર્વ પ્રકારે વાંદવા યોગ્ય જાણવા. જે સાધુઓ નિર્મમ હોય તેવા મુનિરાજોને અશનાદિક વહોરવવા. ૧૪.

पुत्ता य सीसाय समं विभत्ता, रिसी य देवाय समं विभत्ता;
मुक्खा तिरिक्खा य समंविभत्ता, मुआ दरिद्दा य समं विभत्ता
॥१५॥

અર્થ : ડાહ્યા પુરુષે પુત્રો અને શિષ્ય બેઉ સરખા જાણવા. ઋષિ અને દેવો બેઉ સરખા જાણવા. મૂર્ખા અને તિર્યંચો બેઉ સરખા જાણવા મરણ પામેલા અને દરિદ્રિ એ બેઉ સરખા જાણવા. ૧૫.

जूए पसत्तस्स धणस्स नासो, मंसं पसत्तस्स दयाइ नासो;
मज्जं पसत्तस्स जसस्स नासो, वेसा पसत्तस्स कुलस्स नासो.

અર્થ : જે પ્રાણી જૂગટુ રમવામાં આસક્ત હોય, તે પ્રાણીને ધનનો નાશ થાય. જે પ્રાણી માંસમાં આસક્ત હોય, તે પ્રાણીને દયાનો નાશ થાય. જે પ્રાણી મદિરામાં આસક્ત હોય, તે પ્રાણીનો જશ નાશ પામે. જે પ્રાણી વેશ્યામાં આસક્ત હોય, તે પ્રાણીના કુળનો નાશ થાય.૧૭.

हिंसापसत्तस्स सुधम्म नासो, चोरी पसत्तस्स सरीर नासो;
तहा परत्थिसु पसत्तयस्स, सव्वस्स नासो अहमा गई य.
॥१८॥

અર્થ : જે પ્રાણી જીવહિંસામાં આસક્ત હોય, તે પ્રાણીના ભલા ધર્મનો નાશ થાય. જે પ્રાણી ચોરીમાં આસક્ત હોય, તે પ્રાણીના શરીરનો નાશ થાય. તેમજ જે પ્રાણી પરસ્ત્રીમાં આસક્ત હોય, તે પ્રાણિના સર્વ દ્રવ્યનો અથવા સર્વ ગુણોનો નાશ થાય. એટલું જ નહિ પરંતુ અધમગતિ પણ પામે. ૧૮.

दाणं दरिद्दस्स पहुस्स खंति, इच्छा निरोहो य सुहोइयस्स;
तारुन्नए इंदियनिग्गहो य, चत्तारि एआणि सुदुक्कराणि.
॥१९॥

અર્થ : દરિદ્ર અવસ્થામાં દાન દેવું તે દુષ્કર. પ્રભુત્વ પણામાં ક્ષમા રાખવી તે દુષ્કર. સુખોચિત પ્રાણીને ઇચ્છાનો રોધ કરવો તે દુષ્કર. તરૂણવસ્થામાં ઇન્દ્રિયનો નિગ્રહ કરવો તે દુષ્કર છે. ૧૯.

असासयं जीवियमाहु लोए, धम्मंचरे साहु जिणोवईट्ठं;
धम्मो य ताणं सरणं गई य, धम्मं निसेवित्तु सुहं लहंति.
॥२०॥

અર્થ : લોકમાં જીવિતવ્યને અશાશ્વત કહ્યું છે. જિનેશ્વર મહારાજ અને સાધુ મુનિરાજના ઉપદેશેલા ધર્મમાં પ્રવર્તો. એ ધર્મ રક્ષણ કરનાર, શરણભૂત અને રુડી ગતિને આપનારો છે એવા ધર્મને જે પ્રાણી સેવે છે, તે પ્રાણી શાશ્વત સુખને પામે છે. ૨૦.

૧૧ શ્રી આત્માવબોધ કુલકમ્

धम्मप्पा-हारमणिज्जे पणमित्तु जिणे महिंदनमणिज्जे;
अप्पावबोहकुलयं वुच्छं भवदुहकयपलयं. ॥१॥

અર્થ : ધર્મ પ્રભાવડે રમણીય અને મહેંદ્રોવડે નમનીય એવા જિનેંદ્રોને પ્રણામ કરી ભવદુઃખનો પ્રલય કરનારુ આત્માવબોધ (અનુભવ) કુલક કહીશ. ૧.

अत्तावगमो नज्जई, सयमेव गुणेहिं किं बहु भणसि;
सुरूदओ लक्खिज्जई, पहाइ न उ सवहनिवहेणं. ॥२॥

અર્થ : જેમ સૂર્યોદય સૂર્યની પ્રભાથી જણાય છે, પ્રભા સિવાય સોગન ખાવાથી પણ તે જણાતો નથી, તેમ આત્મબોધ આત્મ ગુણો વડે જ પોતાની મેળે જણાય છે. પરંતુ આત્મગુણ વિના સંખ્યાબંધ સોગન ખાવાથી આત્મબોધ થતો નથી. માટે વધારે શા માટે બોલે છે ? ૨.

दम सम समत्त मित्ती, संवेअ विवेअ तिव्वनिव्वेआ;
एए पगूढअप्पा-वबोहबीअस्स अंकुरा. ॥३॥

અર્થ : ઈન્દ્રિય દમન, મનોવિકાર શમન, સમભાવ, મૈત્રી સંવેગ, અને તીવ્ર નિર્વેદ એ સર્વે આત્મબોધરૂપી બીજના અંકુરા છે. ૩.

जो जाणइ अप्पाणं, अप्पाणं सो सुहाणं नहुकामी;
पत्तम्मि कप्परुक्खे, रुक्खे किं पत्थणा असणे. ॥४॥

અર્થ : જે આત્માને જાણે છે, તેઓ (સંયોગ વિયોગ ધર્મવાળા સંસારનાં) અલ્પ સુખો કામી નથી હોતા, જેને કલ્પવૃક્ષ પ્રાપ્ત થયું હોય તે અસન વૃક્ષની પ્રાર્થના કેમ કરે ? ૪.

निअविन्नाणे निरया, निरयाइ दुहं लहंति न कयावि;
जो होइ मग्गलग्गो कहं सो निवडेइ कूवम्मि ? ॥५॥

અર્થ : આત્મવિજ્ઞાનમાં નિરંતર રક્ત એવો જીવ નરક નિર્યંચ, મનુષ્ય અને દેવતાનાં દુઃખો કદાપિ પણ પામતો નથી. કારણ કે જે (વીતરાગ કથિત માર્ગરૂપી) સીધી સડક પર જાય છે. તે જીવ (નરકાદિ જેમાં એવા સંસારરૂપી કૂવામાં કેમ પડે ? ૫.

तेसिं दूरे सिद्धी, रिद्धी रणरणयकारणं तेसिं;
तेसिमपुण्णा आसा, जेसिं अप्पा न विन्नाओ. ॥६॥

અર્થ : જેણે આત્મા જાણ્યો નથી, તેની આશા અપૂર્ણ રહે છે, તેને લીધે સિદ્ધિ તેનાથી દૂર રહે છે અને લક્ષ્મી તેને દુઃખનું કારણ થાય છે. ૬.

ता दुत्तरो भवजलही, ता दुज्जेओ महालओ मोहो;
ता अइविसमोलोहो, जा जाओ न (नो) निओ बोहो.
॥७॥

અર્થ : ભવસમુદ્ર દુસ્તર ત્યાં સુધી જ છે. મહામોહ પણ ત્યાં સુધી જ દુર્જય છે, અને લોભ પણ ત્યાં સુધી જ વિષય છે કે જ્યાં સુધી આત્મબોધ નથી થયો. ૭.

जेण सुरा-सुरनाहा, हहा अणाहुव्व वाहिया सोवि;
अक्कज्झप्पज्झाणजलणे, पयाइ पयगत्तणं कामो. ।।८।।

અર્થ : આહા ! જેણે સુરેન્દ્રોને અને અસુરેન્દ્રોને અનાથની પેઠે પીડિત કર્યા છે, તે પ્રબળ કામ પણ અધ્યાત્મ ધ્યાનની અગ્નિમાં પતંગિયાની જેમ ભસ્મ થઈ જાય છે. ૮.

जं बद्धंपि न चिट्ठइ,वारिज्जंतं वि सरइ असेसे (पसरइ असेसे)
झाणबलेणं तं पि हु, सयमेव विलिज्जई चित्तं. ।।९।।

અર્થ : જે બાંધ્યા છતાં પણ એક સ્થાને રહેતું નથી, વાર્યા છતાં પણ ચારે બાજુએ ફર્યા કરે છે; તેવું દુર્જય યા ચંપળ મન પણ આત્મ ધ્યાનના બલવડે પોતાની મેળે શાંત થાય છે. ૯

बहिरंतरंगभेया, विविहा वाही न दिंति तस्स दुहं;
गुरुवयणाओ जेणं, सुहझाण रसायणं पत्तं. ।।१०।।

અર્થ : જેણે સદ્ગુરુના વચનથી ઉપદેશાયેલું શુદ્ધ ધ્યાનરૂપી રસાયણ પ્રાપ્ત કર્યું છે, તેને બહિરંગ (રોગાદિ) અને અંતરંગ (કામક્રોધાદિ) વિવિધ પ્રકારની વ્યાધિઓ દુઃખ આપી શકતી નથી. ૧૦.

जिअमप्पचिंतणपरं, न कोइ पीडेइ अहव पीडेइ;
ता तस्स नत्थि दुक्खं, रिणमुक्खं मन्नमाणस्स. ।।११।।

અર્થ : જે જીવ આત્મ ચિંતનમાં તત્પર થયેલ હોય, તેને કોઈ પીડા નથી કરતું, અથવા પીડા કરે તો પણ દુઃખ નથી થતું, કારણ કે તે દુઃખોથી પોતાને 'દેવામાંથી હું મુક્ત થાઉં છું' એમ માને છે. ૧૧.

दुक्खाण खाणी खलु रागदेसा, ते हूंति चित्तंमि चलाचलंमि;
अज्झप्पजोगेण चएइ चित्तं, चलत्तमालाणिअकुञ्जरुव्व. ।।१२।।

અર્થ : ખરેખર રાગદ્વેષ એ દુઃખોની ખાણો છે, તેની ઉત્પત્તિ ચિત્તની ચલાયમાન અવસ્થામાં થાય છે, જેમ સ્થંભે બાંધેલો હાથી (જવા આવવાના) ચપલપણાનો ત્યાગ કરે છે, તેમ અધ્યાત્મ યોગથી ચિત્ત ચપલતાનો ત્યાગ કરે છે. ૧૨.

एसो मित्तममित्तं, एसो सग्गो तहेव नरओ अ;
एसो राया रंको, अप्पा तुट्ठो अतुट्ठो वा. ॥१३॥

અર્થ : આત્મા તુષ્ટમાન થયો તો મિત્ર છે, સ્વર્ગ છે, અને રાજા પણ છે, અને જો અતુષ્ટમાન થયો તો શત્રુ છે, નરક છે, તેમજ રંક પણ છે, આમ આત્માની ઉત્તમ યા અધમ સ્થિતિથી જ ઉત્તમ યા અધમ પરિણામ આવે છે. ૧૩.

लद्धा सुरनररिद्धि, विसया वि सया निसेविआ णेण;
पुण संतोसेण विणा, किं कत्थ वि निब्वुई जाया. ? ॥१४॥

અર્થ : આ જીવે દેવોની અને મનુષ્યોની ઋદ્ધિ પણ મેળવી, અને સદા વિષયો પણ વારંવાર સેવ્યા, તથાપિ સંતોષ વિના શું તેને કોઈ પણ ઠેકાણે જરા પણ શાંતિ થઈ છે ? ૧૪.

जीव सयं चिअ निम्मिअ, तणुधणरमणीकुटुंबनेहेणं;
मेहेण व दिणनाहो, छाइज्जसि तेअवंतो वि. ॥१५॥

અર્થ : જેમ તેજવાન સૂર્ય પણ મેઘવડે આચ્છાદિત થાય છે, તેમ હે જીવ, તું લોકાલોક પ્રકાશક એવા જ્ઞાન પ્રકાશે કરી તેજવાન છે; છતાં પોતાની મેળે જ ઉત્પન્ન કરેલા શરીર, ધન, સ્ત્રી અને કુટુંબના સ્નેહથી આચ્છાદિત થાય છે. ૧૫.

जं वाहिवालवेसानराण, तुह वेरिआण साहीणे;
देहे तत्थ ममत्तं, जिअ ! कुणमाणो वि किं लहसि ?
॥ १६ ॥

અર્થ : આ દેહ વ્યાધિ વ્યાલ-સર્પાદિ અને અગ્નિ વગેરે તારા (બાહ્યાંતરંગ) શત્રુઓને સ્વાધીન છે; તે દેહ ઉપર મમત્વ કરવાથી તને શું ફાયદો થાય છે ? ૧૬.

वरभत्तपाणण्हाण य, सिंगारविलेवणेहिं पुट्ठो वि;
निअपहुणो विहडंतो, सुणएण वि न सरिसो देहो. ।।१७।।

અર્થ : ઉત્તમ ભોજન, પાન, સ્નાન, શૃંગાર લેપનાદિ પોષણ (પુષ્ટિ) કર્યા છતાં, પોતાના માલિકને છોડી જનાર કૃતઘ્ન આ દેહમાં શ્વાનના સરખો પણ ગુણ નથી. ૧૭.

कद्ठाइ कडुअ बहुहा जं घणमावज्जिअं तए जीव !
कट्ठाइ तुज्झ दाउं तं अंते गहिअमन्नेहिं. ।।१८।।

અર્થ : હે જીવ ! બહુ બહુ પ્રકારે અણગમતાં કષ્ટો સહન કરી તેં જે ધન ઉપાર્જન કર્યું, તે ધને તને કષ્ટ જ આપ્યું. અને મૃત્યુ બાદ તેને બીજાએ ગ્રહણ કર્યું. ૧૮.

जह जह अन्नाणवसा, घणधन्नपरिग्गहं बहुं कुणसि;
तह तह लहुं निमज्जसि, भवे भवे भारिअतरि व्व. ।।१९।।

અર્થ : હે જીવ ! જેમ જેમ તું અજ્ઞાન દશાથી ધનધાન્યાદિ પરિગ્રહ ઘણો એકઠો કરે છે, તેમ તેમ પ્રમાણથી અધિક ભાર ભરેલા નાવની માફક તું તરત જ ભવોભવમાં ડૂબે છે. ૧૯.

जा सुविणे वि हु दिट्ठा, हरेइ देहीण देहसव्वस्सं;
सा नारी मारो इव, चयसु तुह दुब्बलत्तेणं. ।।२०।।

અર્થ : માનસિક દર્બળપણાથી સ્વપ્ન વિષે દેખવા માત્રથી પણ જે સ્ત્રી, મનુષ્યના દેહનું સર્વસ્વ હરી લે છે, તે સ્ત્રીને મરકી સરંખી (રોગ વિશેષરૂપ) જાણી તું તેનો ત્યાગ કર. ૨૦.

अहिलससि चित्तसुद्धिं, रज्जसि महिलासु अहह मूढत्तं;
नीलीमिलिए वत्थंमि, धवलिमा किं चिरं ठाई ? ॥२१॥

અર્થ : મન શુદ્ધિની અભિલાષા રાખે છે અને સ્ત્રીઓ વિષે આસક્ત થાય છે. અહા ! શું તારું મૂઢપણું ! ગળીની સાથે મળેલા વસ્ત્રમાં ધોળાશ કેટલો વખત ટકી શકશે ! ૨૧.

मोहेणं भवदुरिए, बंधिअ खित्तोसि नेहनिगडेहिं;
बंधवमिसेण मुक्का, पाहरिआ तेसु को राओ ? ॥२२॥

અર્થ : મોહ રાજાએ તને સ્નેહરૂપી બેડીઓથી બાંધી સંસારરૂપ બંદીખાનામાં નાખ્યો છે. આ બંધુઓના (માતા પિતા, સગા સંબંધી વગેરેના) બ્હાનાથી (નાશી ન જાય માટે) પહેરેગીર મૂક્યા છે. માટે સંસારમાં પૂરી રાખનાર તે બાંધવાદિપર શો રાગ કરવો ! ૨૨.

धम्मो जणओ करुणा, माया भाया विवेगनामेणं;
खंति पिआ सप्पुत्तो, गुणो कुटुंबं इमं कुणसु. ॥२३॥

અર્થ : ધર્મ એ જ પિતા, કરુણા તે જ માતા, વિવેક નામનો ભ્રાતા, ક્ષમા એ પ્રિય સ્ત્રી, અને જ્ઞાન દર્શન ચારિત્રાદિ ગુણરૂપ ઉત્તમ પુત્રોને તું તારું અંતરંગ કુટુંબ બનાવ. ૨૩

अइपालिआहिं पगइत्थिआहिं, जं भामिओसि बंधेउं;
संते पुरिसकारे, न लज्जसे जीव ! तेणंपि. ॥२४॥

અર્થ : હે જીવ ! તારામાં પુરુષાકાર (પુરૂષાર્થ) હોવા છતાં પણ, અતિ પાલન કરેલી એવી કર્મ પ્રકૃતિરૂપ સ્ત્રીઓને તને બાંધી ચાર ગતિમાં પરિભ્રમણ કરાવ્યો, તેથી તને (હજી) પણ શું લજ્જા નથી આવતી ? ૨૪.

सयमेव कुणसि कम्मं, तेण य वाहिज्जसि तुमं चेव;
रे जीव ! अप्पवेरिअ,? अन्नस्स य देसि किं दोसं. ।।२५।।

અર્થ : તું પોતે જ કર્મ કરે છે અને તેનાથી જ નિશ્ચય ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. તે છતાં હે આત્મવૈરી ? હે જીવ ? તું બીજાને શા માટે દોષ આપે છે ? ૨૫.

तं कुणसि तं च जंपसि, तं चिंतसि जेण पडसि वसणोहे;
एयं सगिहरहस्सं, न सक्किमो कहिउमन्नस्स. ।।२६।।

અર્થ : હે આત્મન્ ! તું તેવાં કામો કરે છે, તેવા શબ્દો બોલે છે, અને તેવા જ વિચારો કરે છે, કે જેથી દુઃખના સમુદ્રમાં જ જઈ પડે છે, આ પોતાના ઘરની છૂપી વાત બીજાને કહેવાને હું શક્તિમાન નથી, અર્થાત્ ઘરની ગુપ્ત વાત બીજે હું શું કહું ? (એવું સમતા પોતાના પતિને કહે છે.) ૨૬.

पंचिंदियपरा चोरा, मणजुवरन्नो मिलित्तु पावस्स;
निअनिअअत्थे निरता, मूलट्ठिइ तुज्ज लुंपंति. ।।२७।।

અર્થ : હે આત્મન્ ! પોતપોતાના વિષયમાં આસક્ત આ પાંચ ઇન્દ્રીયરૂપ મહાન્ ચોર, પાપી, મનરૂપ યુવરાજની સાથે મળી તારી (જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ) મૂળ સ્થિતિને અર્થાત્ તારા આત્મગુણ રૂપ મૂળ ધનને લૂંટી લે છે. ૨૭.

हणिओ विवेगमंती, भिन्नं चउरंगधम्मचक्कंपि;
मुट्ठं नाणाइधणं, तुमंपि छूढो कुगइकूवे. ।।२८।।

અર્થ : એઓને આ વિવેકરૂપી મંત્રીને હણી નાખ્યો, ચતુરંગ ધર્મચક્રને (મનુષ્યજન્મ, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમવીર્યરૂપને) પણ ભેદી નાખ્યું, જ્ઞાનાદિ ધનને લૂંટ્યું અને તને પણ દુર્ગતિ કૂપમાં નાખ્યો. ૨૮.

इत्तिअकालं हुंतो, पमायनिद्दाइगलियचेअन्नी;
जइ जंग्गिओसि संपइ, गुरुवयणा ता न वेएसि ? ॥२९॥

अर्थ : આટલા કાળ સુધી તું પ્રમાદરૂપ નિદ્રાએ કરી ગલિત ચેતનવાળો થઈ ગયો હતો, પરંતુ હવે જો તું જાગૃત થયો છે, તો ગુરુના વચનોથી તારુ સ્વરૂપ તું કેમ જાણતો નથી ? ૨૯.

लोगपमाणोसि तुमं, नाणमओ णंतवीरिओसि तुमं;
नियरज्जठिइं चिंतसु, धम्मज्झाणासणासीणो. ॥३०॥

अर्थ : હે આત્મા ! તું લોક પ્રમાણ છે, જ્ઞાનમય છે, અનંત વીર્યવાન છે, ધર્મધ્યાનરૂપી આસન પર બેસી તારી આત્મરાજ્ય સ્થિતિ કેવી છે તેનો વિચાર તો કર. ૩૦

को व मणो जुवराया, को वा रायाइ रज्जपब्भंसे;
जइ जग्गिओसि संपइ, परमेसर ? पविस चेअन्नो (चेअन्नं) ॥३१॥

अर्थ : જો હમણાં તું જાગૃત થયો છે, તો તું (તારા ચેતનમાં) પોતે જ પરમેશ્વર છે. અને તેમ છે તો પછી અવમાનિત મનરૂપી યુવરાજના અને ચોરરૂપી રાજાના શા ભાર છે, અને તને હવે રાજ્યથી કોણ ભ્રષ્ટ કરે એમ છે ? ૩૧.

नाणमओ वि जडोवि, पहू वि चोरु व्व जत्थ जाओ सिं;
भवदुग्गमि किं तत्थ, वससि साहीणसिवनयरे. ॥ ३२ ॥

अर्थ : જ્ઞાનમય છતાં જડ જેવો કાં થઈ ગયો છે ? વળી ધણી હોવા છતાં ચોર જેવો કાં બની ગયો છે ? જે ભવ દુર્ગમમાં (સંસારરૂપી, દુઃખે પ્રવેશાય એવા કેદખાનામાં મોક્ષનગર (સુખે) સ્વાધિનમાં હોવા છતાં કેમ વશી રહ્યો છે ? ૩૨.

जत्थ कसाया चोरा, महावया सावया सया घोरा;
रोगा दुट्ठभुअंगा, आसासरिआ घणतरंगा. ॥३३॥

અર્થ : (ભવરૂપ દુર્ગમ શૈલ-પર્વત કેવો છે અને તેને લીલા માત્રમાં કેમ ભેદાય તે કહે છે) જ્યાં ચોરો જેવા ચાર કષાય છે, મહા ભયંકર હિંસક પ્રાણી જેવી સદા આપદાઓ વસે છે, જ્યાં દુષ્ટ સર્પો જેવા રોગો આવી રહેલા છે, અને ઘણા તરંગોવાળી નદી જેવી આશા છે. ૩૩.

चिंताडवी सकट्ठा, बहुलतमा सुंदरी दरी विट्ठा;
खाणी गई अणेगा, सिहराइं अट्ठमयभेआ. ॥३४॥

અર્થ : લાકડા સહિત અટવી જેવી ચિંતા છે અને જ્યાં ઘણા જ અંધકારવાળી ગુહાના જેવી સ્ત્રી દેખાય છે, અનેક ખીણો હોય એવી ચાર ગતિયો છે, અને જેના આઠ ભેદ છે એવાં મદનાં જ્યાં શિખરો છે. ૩૪.

रयणिअरो मिच्छत्तं, मणदुक्कडओ सिला ममत्तं च;
तं भिंदसु भवसेलं, झाणासणिणा जिअ सहेलं. ॥३५॥

અર્થ : જ્યાં રાક્ષસ જેવું મિથ્યાત્વ રહે છે, અને જ્યાં મનના પાપથી ઉત્પન્ન થયેલ મમત્વરૂપી શિલા છે, તે સંસારરૂપી કઠિણ-દુર્ગમ પર્વતને ધ્યાનરૂપી વજ્રવડે લીલામાત્રમાં હે જીવ ! તું ભેદી નાંખ. ૩૫.

जत्थत्थि आयनाणं, नाणं वियाण सिद्धिसुहयं तं;
सेसं बहुं वि अहियं, जाणसु आजीविआमित्तं. ॥३६॥

અર્થ : જ્યાં આત્મજ્ઞાન છે, ત્યાં નિશ્ચયજ્ઞાન છે, અને સિદ્ધિ સુખને આપનારું પણ તે જ જ્ઞાન છે, બીજું ઘણું પણ કાં તો અહિત

કરે છે, અને કાં તો આજીવિકા માત્ર છે એમ જાણ. ૩૬.

सुबहु अहिअं जह जह, तह तह गव्वेण पूरिअं चित्तं;
हिअ अप्पबोहरहिअस्स ओसहाउ उट्ठिओ वाही. ।।३७।।

અર્થ : જેમ જેમ અધિક ભણાયું, તેમ તેમ ગર્વથી ચિત્ત અધિક પુરાયું, અને હૃદય-આત્મ બોધ વગરનાને એ બહુ ભણતરરૂપી ઔષધમાંથી રોગ ઉત્પન્ન થયો. ૩૭.

अप्पाणमबोहंता, परं विबोहंति केइ तेवि जडा;
भण परियणंमि छुहिए, सत्तागारेण किं कज्जं. ।।३८।।

અર્થ : આત્માને બોધ કર્યા વગર કેટલાક બીજાને વિશેષ બોધ કરવા જાય છે, તેઓ પણ ખરેખરા જડ (મૂર્ખ) છે. એક બાજુ પોતાનો પરિવાર ભૂખ્યો છે, છતાં તેઓને દાનશાળા માંડવાનું શું પ્રયોજન છે તે તું કહે ? ૩૮.

बोहंति परं किंवा, मुणंति कालं नरा पठंति सुअं;
ठाणमुअंति सयावि हु, विणाऽऽयबोहं पुण न सिद्धी.
।।३९।।

અર્થ : બીજાને બોધ આપે છે, જ્યોતિષ વગેરેથી કાળનું સ્વરૂપ જાણે છે, સૂત્ર જાણે છે, વળી સદા પોતાનું સ્થાન (ઘરબાર દેશ) છોડે છે, છતાં તેઓને આત્મજ્ઞાન ન હોવાથી સિદ્ધિ તો નથી જ. ૩૯

अवरो न निंदिअव्वो, पसंसिअव्वो कया वि न हु अप्पा;
समभावो कायव्वो, बोहस्स रहस्समिणमेव. ।।४०।।

અર્થ : પરની નિંદા ન કરવી, કોઈ વખતે પણ પોતાની

પ્રશંસા ન કરવી અને સમભાવ રાખવો. આજ (આત્મા બોધનું રહસ્ય છે. ૪૦

परसक्खित्तं भंजसु, रंजसु अप्पाणमप्पणा चेव;
वज्जसु विविह कहाओ, जइ इच्छसि अप्पविन्नाण.
।।४१ ।।

અર્થ : જો તને આત્મવિજ્ઞાનની (આત્મ અનુભવની) ઇચ્છા હોય તો બીજાને સાક્ષીપણાને છોડી દે, આત્માને આત્મ વડે જ રાજી કર, વિકથા મૂકી દે. ૪૧.

तं भणसु गणसु वायसु, झायसु उवइससु आयरेसु जिआ;
खणमित्तमपि विअक्खण, आयारामे रमसि जेण. ।।४२।।

અર્થ : હે જીવ ! તું તેવું ભણ, તેવું ગણ, તેવું વાંચ, તેનું ધ્યાન ધર, તેવો ઉપદેશ કર, તેવું આચર, કે જેથી હે વિચક્ષણ ! તું ક્ષણ માત્ર પણ આત્મરૂપી બાગમાં રમે. ૪૨.

इय जाणिऊण तत्तं, गुरुवईट्ठं परं कुण पयत्तं;
लहिउण केवलसिरिं, जेणं जयसेहरो होसि. ।।४३।।

અર્થ : આ પ્રકારે ગુરુશ્રીએ ઉપદેશેલા તત્ત્વને જાણીને પ્રયત્ન કર, કે જેથી કેવલ શ્રી (કેવળ જ્ઞાન) પામીને જયશેખર (આઠ કર્મનો જય કરનારો) થઈશ. ૪૩. ઈતિ.

卐

१२

જીવાનુશાસ્તિ કુલકમ્

रे जीव ! किं न बुज्झसि, चउगइसंसारसायरे घोरे;
भमिओ अणंतकालं, अरहट्टघडिव्व जलमज्जे. ॥१॥

અર્થ : હે જીવ ! ચારગતિરૂપ ભયંકર સંસાર સમુદ્રમાં પાણીમાં રેંટના ઘડાઓની પેઠે અનંતકાળ સુધી તું ભમ્યો (છતાં) કેમ બોધ પામતો નથી ? ૧.

रे जीव ! चिंतसु तुमं, निमित्तमित्तं परो हवइ तुज्ज;
असुहपरिणामजणियं, फलमेयं पुव्वकम्माण. ॥२॥

અર્થ : હે જીવ ! બીજો તો તને નિમિત્તમાત્ર જ છે. અને આ (બધું) અશુભ પરિણામથી ઉત્પન્ન કરેલું પૂર્વકર્મનું ફલ છે. એ તું વિચારી જો. ૨.

रे जीव ! कम्मभरियं, उवएसं कुणसि मूढ ! विवरिअं;
दुग्गइगमणमणाणं, एस च्चिय हियइ (हवइ) परिणामो. ॥३॥

અર્થ : હે મૂઢ જીવ ! કર્મથી ભરેલો વિપરીત ઉપદેશ તું કરે છે. દુર્ગતિમાં જવાની ઈચ્છાવાળાના મનમાં આજ પરિણામ હોય છે.

અર્થાત્ એ ત્હારી ભાવિ દુર્ગતિનું લક્ષણ છે. ૩.

रे जीव ! तुमं सीसे, सवणा दाऊण सुणसु मह वयणं;
जं सुक्खं न वि पाविसि, ता धम्मविवज्जिओ नूणं.
॥४॥

અર્થ : હે જીવ ! તું મસ્તકે કાન દઈને મારુ વચન સાંભળ -તું જે સુખ પામતો નથી માટે ખરેખર ધર્મ રહિત જ છે. ૪.

रे जीव ! मा विसायं, जाहि तुमं पिच्छिऊण पररिद्धी;
धम्मरहियाण कुत्तो ?, संपज्जइ विविहसंपत्ती. ॥५॥

અર્થ : હે જીવ ! યૌવન, ધન અને જીવિતને નાશ પામતા શું તું નથી જોતો ? તો પણ આત્મહિતકારી શ્રેષ્ઠ જિનધર્મને કેમ તું જલ્દી નથી કરતો ? (નથી આદરતો) ૬.

रे जीव ! माणवज्जिअ, साहसपरिहीण दीण गयलज्ज;
अच्छसि किं वीसत्थो, न हु धम्मे आयरं कुणसि. ॥७॥

અર્થ : હે માન વિનાના, સાહસ રહિત , ગરીબડા નિર્લજ્જ જીવ ! વિશ્વાસવાળો થઈને કેમ બેઠો છે ! તું ધર્મમાં બિલકુલ આદર કરતો જ નથી. ૭.

रे जीव ! मणुयजम्मं, अकयत्थं जुव्वणं च वोलीणं;
न य चिण्णं उग्गतवं, न य लच्छी माणिआ पवरा.
॥८॥

અર્થ : હે જીવ ! નિષ્ફલ મનુષ્ય જન્મ અને યૌવન વ્યતીત થયાં, ઉગ્ર તપ પણ ન આચર્યુ અને ઉત્તમ પ્રકારની લક્ષ્મી પણ ન ભોગવી. ૮.

रे जीव ! किं न कालो, तुज्ज गओ परमुहं नीयंतस्स;
जं इत्थियं न पत्तं, तं असिधारावयं चरसु. ॥९॥

अर्थ : હે જીવ ! બીજાના મોઢા સામું (જોઈને બેસી રહેતાં) જોતાં તારો વખત (નકામો) નથી ગયો ? જે તને ઈચ્છિત હતું તે તો ન મળ્યું, માટે ખડ્ગધારા સરખું વ્રત આદર. ૯

इय मा मुणसु मणेणं, तुज्झ सिरी जा परस्स आइत्ता;
ता आयरेण गिण्हसु, संगोवय विविहपयत्तेण. ॥१०॥

अर्थ : તારી લક્ષ્મી પારકાને તાબે છે એમ તું મનથી ન માન, તે માટે આદરપૂર્વક તેને (તારા આત્ગુણોરૂપ લક્ષ્મીને) ગ્રહણ કર અને વિવિધ પ્રયત્નવડે તેનું રક્ષણ કર. ૧૦.

जीविअं मरणेण समं, उप्पज्जइ जुव्वणं सह जराए;
रिद्धो विणाससहिआ हरिसविसाओ न कायव्वो. ॥११॥

अर्थ : જીવિત મરણની સાથે, યૌવન જરા સાથે અને ઋદ્ધિઓ વિનાશ સાથે ઉત્પન્ન થાય છે, (તેથી) હર્ષ કે વિષાદ ન કરવો. ૧૧.

卐

१३

ઈન્દ્રિયાદિવિકાર નિરોધકુલક

रज्जाइभोगतिसिया, अट्टवसट्टा पडंति तिरिएसुं;
जाईमएण मत्ता, किमिजाइं चेव पावंति ॥१॥

અર્થ : રાજ્યાદિ ભોગની તૃષ્ણાવાળા આર્ત ધ્યાનથી પીડા પામી તિર્યંચમાં પડે છે. જાતિ મદ વડે મદોન્મત થયેલા કૃમિ જાતિમાં જન્મ પામે છે. ૧.

कुलमत्ति सियालित्ते, उट्टाईजोणि जंति रुवमए;
बलमत्ते वि पयंगा, बुद्धिमए कुक्कडा हुंति. ॥२॥

અર્થ : કુલ મદવડે કરીને શિયાલપણે, અને રૂપમદે કરીને ઉટાદિની યોનિમાં ઉત્પન્ન થાય છે. બલમદવડે પતંગીયા, અને બુદ્ધિમદથી કુકડા થાય છે. ૨.

रिद्धिमए साणाइ, सोहग्गमएण सप्पकागई;
नाणमएण बइल्ला, हवंति मय अट्ठ अइदुट्ठा. ॥३॥

અર્થ : રુદ્ધિમદે કરીને કુતરા વિગેરે; સૌભાગ્યમદે કરીને સર્પ કાગડા વિગેરે, જ્ઞાનમદવડે કરીને બળદો થાય છે. આઠ મદો અતિ દુષ્ટ છે. ૩.

कोहणसीला सीही, मायावी बगत्तंणंमि वच्चंति;
लोहिल्ल मूसगत्ते, एवं कसाएहिं भमडंति. ।।४।।

અર્થ : ક્રોધી પ્રાણીઓ અગ્નિમાં ઉત્પન્ન થાય છે. માયાવી બગલાપણું, અને લોભી ઉંદરપણું પામે છે. એ પ્રકારે કષાયો વડે જીવ ભમે છે. ૪.

माणसदंडेणं पुण, तंदुलमच्छा हवंति मणदुट्ठा;
सुयतित्तरलावई, होउ वायाइ बज्झंति. ।।५।।

અર્થ : વળી મન દંડવડે કરીને મનમાં અત્યંત દુષ્ટ તંદુલીયા મત્સ્યો થાય છે. અને વચનદંડવડે કરીને પોપટ, તેતર, લાવરાં વિગેરે પક્ષીઓ થઈને બંધનમાં પડે છે. ૫.

काएण महामच्छा, मंजारा (उ) हवंति तह कूरा;
तं तं कुणंति कम्मं, जेण पुणो जंति नरएसुं. ।।६।।

અર્થ : કાયદંડવડે કરીને ક્રૂર એવા મોટા મત્સ્યો અને બિલાડાઓ થાય છે. વળી તે તે ભવોમાં તે તે કર્મો કરે છે કે જેથી ફરીને નારકીમાં જાય છે. ૬.

फासिंदियदोसेणं, वणसुयरत्तंमि जंति जीवा वि;
जिहालोलुय वग्घा, घाणवसा सप्पजाईसुं. ।।७।।

અર્થ : સ્પર્શઇન્દ્રિયના દોષથી જીવો વનમાં ભુંડપણે ઉપજે છે. જીવ્હા ઇન્દ્રિયમાં લોલુપ્ત જીવો વાઘ થાય છે. અને ઘાણ ઇન્દ્રિયને વશ પડવાથી સર્પની જાતિમાં ઉત્પન્ન થાય છે. ૭.

नयणिंदिए पयंगा, हुंति मया पुण सवणदोसेणं;
एए पंच वि निहणं, वयंति पंचिदिएहिं पुणो. ।।८।।

અર્થ : ચક્ષુ ઇન્દ્રિયના દોષથી પતંગીયા અને શ્રોત્ર ઇન્દ્રિયના દોષથી મૃગો થાય છે. એમ એ પાંચે પ્રકારના જીવો ભવોમાં પણ પંચેન્દ્રિયવડે ફરીથી નાશ પામે છે. ૮.

जत्थ य विसयविराओ, कसायचाओ गणेसु अणुराओ;
किरिआसु अप्पमाओ, सो धम्मो सिवसुहो लोए ।।९।।

અર્થ : જેમાં વિષયોથી વિરક્તિ હોય, કષાયનો ત્યાગ હોય, ગુણોમાં પ્રીતિ હોય, અને ક્રિયાઓમાં અપ્રમાદીપણું હોય, તે ધર્મ જગતમાં મોક્ષ સુખ આપવવાળો છે. ૯.

卐

१४

શ્રી કર્મ કુલકમ્

तेलुक्किक्कस्स मल्लस्स, महावीरस्स दारुणा;

उवसग्ग कहं हुंता ?, न हुंतं जइ कम्मयं. ॥१॥

અર્થ : ત્રણ લોકમાં અદ્વિતીય મલ્લ જેવા મહાવીર પ્રભુને ભયંકર ઉપસર્ગો થયા, તે જો કર્મ ન હોય તો કેમ થાય ? ૧.

वीरस्स मिनुयग्गामे, केवलिस्सावि दारूणो;

अइसारो कहं हुंतो ?, न हुंतं जइ कम्मयं. ॥२॥

અર્થ : જો કર્મ ન હોય તો શ્રી મહાવીર સ્વામિને કેવલજ્ઞાની છતાં મિનુક ગામમાં ભયંકર અતિસાર કેમ થયો ? ૨.

वीरस्स अदि्ठअग्गामे, जक्खाओ सूलपाणिणो;

वेअणाओ कहं हुंती ?, न हुंतं जइ कम्मयं. ॥३॥

અર્થ : કર્મનું અસ્તિત્વ ન હોય તો અસ્થિક ગામમાં શૂલપાણિયક્ષથી સમર્થ વીરભગવાનને પણ વેદનાઓ થઈ તે કેમ સંભવે ? ૩.

दारुणाओ सलागाओ, कन्नेसुं वीरसामिणो;

पक्खिवंतो कहं गोवो ?, न हुंतं जइ कम्मयं. ॥४॥

અર્થ : જો કર્મ ન હોય તો મહાવીર સ્વામિના કાનોમાં

ગોવાળીયાએ ભયંકર ખીલા કેમ ઠોક્યા ? ૪.

वीसं वीरस्स उवसग्गा, जिणिंदस्सावि दारुणा;
संगमाओ कहं हुंता ?, न हुंतं जइ कम्मयं. ॥५॥

અર્થ : જો કર્મ ન હોય તો તીર્થંકર વીરપરમાત્માને પણ સંગમદેવથી ભયંકર વીસ ઉપસર્ગો કેમ થયા ? ૫.

गयसुकुमालस्स सीसंमि, खाइरंगारसंचयं;
पक्खिवंतो कहं भट्टो ?, न हुंतं जइ कम्मयं. ॥६॥

અર્થ : જો કર્મ ન હોયતો ગજસુકુમાલના મસ્તક ઉપર ખેરના બળતા અંગારા સોમિલ નામના બ્રાહ્મણે નાંખ્યા તે કેમ ઘટે ? ૬.

सीस उ खंदगस्सावि ?, पीलिज्जंता तया कहं;
जं तेण पालएणावि, न हुंतं जइ कम्मयं. ॥७॥

અર્થ : જો કર્મ ન હોય તો તે વખતે ખંધક સૂરીના શિષ્યો પાલકવડે કરીને યંત્રમાં કેમ પીલાયા ? ૭.

सणंकुमारपामुक्खचक्किणो वि सुसाहुणो;
वेयणाओ कहं हुंता ?, न हुंतं जइ कम्मयं. ॥८॥

અર્થ : જો કર્મ ન હોય તો સનત્કુમાર ચક્રવર્તિ વગેરે ઉત્તમ સાધુઓને પણ વેદના થઈ તેનું શું કારણ ? ૮.

कंसंबीए नियंठस्स, दरुण अच्छिवेयणा;
धणिणो वि कहं हुंता ?, न हुंतं जइ कम्मयं. ॥९॥

અર્થ : જો કર્મ માનવામાં ન આવે તો આનાથી મુનિ, કે જેઓ પૂર્વાવસ્થામાં કૌશામ્બી નગરીમાં ઘણા ધનવાન હોવા છતાં પણ નેત્રપીડા થઈ હતી તેનું શું કારણ ? ૯.

नमिस्संतो महादाहो, नरिंदस्सावि दारुणो;
महिलाए कहं हुंतो ?, न हुंतं जइ कम्मयं. ॥१०॥

અર્થ : નમિરાજર્ષિ જેવા નરેન્દ્રને પોતાની સ્ત્રીઓના પણ

કંકણનો અવાજ સહન ન થાય તેવો મોટો દાહ થયો. તેનું કર્મ સિવાય શું કારણ હોઈ શકે ? ૧૦

अंधत्तं बंभदत्तस्स, सुदेहस्सावि दुस्सहं;
चक्किस्सावि कहं हुंतं ?, न हुंतं जइ कम्मयं. ॥११॥

અર્થ : સુંદર શરીરવાળા બ્રહ્મદત્ત ચક્રવર્તિને પણ કર્મ વિના બીજા કયા કારણથી દુસ્સહ અંધપણું પ્રાપ્ત થયું ? ૧૧.

नीयगुत्ते जिणिंदो वि, भूरिपुण्णो वि भारहे;
ऊपज्जंतो कहं वीरो ?, न हुंतं जइ कम्मयं. ॥१२॥

અર્થ : આ ભારતક્ષેત્રમાં મોટા પુન્યવાળા જિનેન્દ્ર શ્રી મહાવીર પણ નીચ ગોત્રમાં ઉત્પન્ન થયા છે, તેનું કર્મ સિવાય અન્ય શું કારણ કોઈ શકે ? ૧૨.

अवंती सुकुमालो वि, उज्जेणीए महायसो;
कहं सिवाइ खज्जंतो ?, न हुंतं जइ कम्मयं. ॥१३॥

અર્થ : ઉજ્જેયિની નગરીમાં મોટા યશવાળા અવન્તિ સુકુમારનું શીયાળણીયે ભક્ષણ કર્યુ, તે કર્મ ન હોય તો કેમ બને ? ૧૩.

सईए सुद्धसीलाए, भत्तारा पंच पंडवा;
दोवईए कहं हुंता ?, न हुंतं जइ कम्मयं. ॥१४॥

અર્થ : પવિત્ર શીયળવાળી સતી દ્રૌપદીને પાંચ પાંડવો ધણી થયા તે કર્મ સિવાય કેમ બને ? ૧૪.

मियापुत्ताइ जीवाणं, कुलीणाण वि तारिसं;
महा दुःक्खं कहं हुंतं ?, न हुंतं जइ कम्मयं ॥१५॥

અર્થ : કુલીન એવા મૃગાપુત્ર વિગેરે કેટલાક જીવોને પણ તેવા પ્રકારનું દુઃખ પડ્યું. તે કર્મ ન હોય તો કેમ બને ? ૧૫.

वासुदेवाईणं हिंडी, रायवंसोब्भवाण वि;
तारूण्णे वि कहं हुंता ?, न हुंतं जइ कम्मयं. ॥१६॥

અર્થ : જો કર્મ ન હોય તો, રાજાના વંશમાં ઉત્પન્ન થયેલા

વસુદેવાદિને યૌવનાવસ્થામાં કેમ ભ્રમણ કરવું પડત ? ૧૬

वासुदेवस्स पुत्तो वि, नेमिसीसो वि ढंढणो;
अलाभिल्लो कहं हुंतो ?, न हुंतं जइ कम्मयं. ॥१७॥

અર્થ : વાસુદેવનો પુત્ર તેમજ તીર્થંકર પરમાત્મા નેમિનાથના શિષ્ય ઢંઢણઋષિને છ મહિના સુધી આહાર ન મળ્યો તેનું કર્મ સિવાય બીજું કયું કારણ માની શકાય ? ૧૭.

कण्हस्स वासुदेवस्स, मरणं एगागिणो वणे;
भाउयाओ कहं हुंतं ?, न हुंतं जइ कम्मयं. ॥१८॥

અર્થ : જો કર્મ ન હોય તો વનની અંદર એકાકિ એવા કૃષ્ણ-વાસુદેવનું પોતાના ભાઈથી જ મરણ કેમ થાય ? ૧૮.

नावारुढस्स उवसग्गो, वद्धमाणस्स दारुणो;
सुदाढाओ कहं हुंतो ?, न हुंतं जइ कम्मयं. ॥१९॥

અર્થ : જો કર્મ ન માનીયે તો નાવમાં બેઠેલા શ્રીમાન્ વર્દ્ધમાનસ્વામીને સુદંષ્ટ્રથી ભયંકર ઉપસર્ગ કેમ થાય ? ૧૯.

पासनाहस्स उवसग्गो, गाढो तित्थंकरस्स वि;
कमठाओ कहं हुंतो ?, न हुंतं जइ कम्मयं. ॥२०॥

અર્થ : તીર્થંકર પરમાત્મા પાર્શ્વનાથ ભગવાનને કમઠથી આકરો ઉપસર્ગ થયો. તે જો કર્મ ન હોય તો કેમ થાત ? ૨૦.

अणुत्तरा सुरा सायासुक्खसोहग्गलीलया;
कहं पावंति चवणं ?, न हुंतं जइकम्मयं. ॥२१॥

અર્થ : અનુત્તર વિમાનવાસિ શ્રેષ્ઠ દેવો કે જેઓ શાતાવેદનીય અને સૌભાગ્યના સુખની પૂરી સમગ્રીથી યુક્ત છે, તે પણ ચ્યવી મૃત્યુલોકમાં આવે છે, તે જો કર્મ ન હોય તો કેમ બને ? ૨૧.

卐

૧૫

દશશ્રાવક કુલકમ્

वाणियगामपुरंमि, आणंदो जो गिहवई आसी;
सिवनंदा से भज्जा, दस सहस्स गोउला चउरो. ॥१॥

અર્થ : વાણિજ્યગ્રામ નગરમાં આનંદ નામે ગૃહસ્થ હતા, તેને શિવાનંદા સ્ત્રી હતી અને દશ દશ હજાર ગાયોનાં ચાર ગોકુલ હતા. ૧

निहिविवहारकलंतरठाणेसुं कणयकोडिबारसगं;
सो सिरिवीरजिणेसरपयमूले सावओ जाओ. ॥२॥

અર્થ : તેની પાસે ભંડારમાં, વ્યાપારમાં અને વ્યાજે ચાર ચાર ક્રોડ કુલ મળી બાર ક્રોડ સોનૈયા હતા, તે (આનંદ) શ્રી મહાવીર જિનના ચરણ સેવી, શ્રાવક થયા. ૨

चंपई कामदेवो, भद्दाभज्जो सुसावओ जाओ;
छग्गोउल अट्ठारस, कंचणकोडीण जो सामी. ॥३॥

અર્થ : ચંપા નગરીમાં કામદેવ સુશ્રાવક થયો. તેને ભદ્ર સ્ત્રી હતી. છ ગોકુલ હતાં અને તે અઢાર ક્રોડ સોનૈયાનો સ્વામી હતો. ૩

कासीए चुलणिपिया, सामाभज्जा य गोउला अट्ठ;

चउवीस कणयकोडी, सड्ढाण सिरोमणी जाओ. ॥४॥

અર્થ : કાશીમાં ચુલનીપિતા શ્રાવકોમાં શિરોમણિ થયો. તેને શ્યામા સ્ત્રી હતી. આઠ ગોકુલ તેમજ ચોવીસ ક્રોડ સોનૈયા તેની પાસે હતા. ૪.

कासीई सूरदेवो, धन्ना भज्जा य गोउल छच्च;

कणयट्ठारसकोडी गहीयवओ सावओ जाओ. ॥५॥

અર્થ : કાશીમાં સુરદેવો નામે ગૃહસ્થ હતો. તેને ધન્યા નામે સ્ત્રી હતી, અને છ ગોકુલ તથા અઢારક્રોડ સોનૈયા તેની પાસે હતા, તે વ્રત ગ્રહણ કરી શ્રાવક થયો. ૫

आलंभियानयरीए, नामेणं चुल्लसयगओ सड्ढो;

बहुलानामेण पिया, सिद्धी से कामदेवसमा. ॥६॥

અર્થ : આલંભિકા નગરીમાં ચુલ્લશતક નામે શ્રાવક થયો તેને બહુલા નામની સ્ત્રી હતી અને ઋદ્ધિ કામદેવના સરખી હતી. ૬.

कंपिल्लपट्टणंमि, सड्ढो नामेण कुंडकोदेलियओ;

पुस्सा पुण जस्स पिया, विहवो सिरिकामदेवसमो. ॥७॥

અર્થ : કાંપિલ્યપુરમાં કુંડકોલિક નામે શ્રાવક હતો. વળી તેને પુષ્પા નામે સ્ત્રી હતી અને તેનો વૈભવ કામદેવ શ્રાવકના સમાન હતો. ૭.

सद्दालपुत्तनामो, पोलासंमी कुलालजाईओ;

भज्जा य अग्गिमित्ता, कंचणकोडीण से तिन्नि. ॥८॥

અર્થ : સદ્દાલપુત્ર નામના શ્રાવક પોલાસપુરમાં કુંભાર જાતિના થયા. તેને અગ્નિમિત્રા સ્ત્રી હતી અને ત્રણક્રોડ સોનામહોરો તેની પાસે હતી. ૮.

चउवीस कणयकोडी, गोउल अट्ठेव रायगिहनयरे,
सयगोमज्जा तेरस, रेवइ अड सेस कोडीओ. ॥९॥

अर्थ : ચોવીસ ક્રોડ સોનૈયા, અને આઠ ગોકુલવાળો રાજગ્રહી નગરીમાં શતક (શ્રાવક) હતો. તેને રેવતી આદિ તેર સ્ત્રીઓ હતી. તેમાં રેવતી આઠક્રોડ સોનામહોર લાવી હતી અને બાકીની એકેક ક્રોડ લાવી હતી. ૯.

सावत्थीनगरीए, नंदणिपियनाम सड्ढओ जाओ;
अस्सिणिनामा भज्जा, आणंदसमो य रिद्धिए. ॥१०॥

अर्थ : શ્રાવસ્તી નગરીમાં નન્દિનીપ્રિય નામે શ્રાવક થયો, તેને અશ્વિની નામે સ્ત્રી હતી, અને તે ઋદ્ધિમાં આનંદ સમાન હતો. ૧૦.

सावत्थीवत्थव्वो लंतगपिय सावगो य जो पवरो;
फग्गुणिनामकलत्तो, जाओ आणंदसमविहवो. ॥११॥

अर्थ : શ્રાવસ્તી નગરીમાં લાન્તકપ્રિય નામે શ્રેષ્ઠ શ્રાવક વસતો હતો. તેને ફલ્ગુની નામે સ્ત્રી હતી તે વિભવમાં આનંદ સરખો હતો. ૧૧.

इक्कारस पडिमधरा, सव्वेवि वीरपयकमलभत्ता;
सव्वे वि सम्मदिट्ठि, बारसवयधारया सव्व. ॥१२॥

अर्थ : એ સર્વ શ્રાવકો અગ્યાર પ્રતિમાને ધારણ કરનાર, મહાવીર સ્વામીના ચરણ સેવી, સમ્યગ્દષ્ટિ અને બાર વ્રતને ધારણ કરવા વાળા હતા. ૧૨.

卐

१६

श्री खामणा कुलकम्

जो कोइ मए जीवो, चउगइसंसारभवकडिल्लंमि,
दूहविओ मोहेणं, तमहं खमेमि तिविहेणं. ॥१॥

અર્થ : ચાર ગતિ રૂપ સંસારની ભવ અટવીમાં મોહથી (આજ્ઞાનતાથી) જે કોઈ જીવને મેં દુ:ખી કર્યો હોય તેને હું મન-વચન-કાયાથી ખમાવું છું. ૧.

नरएसु य उववन्नो, सत्तसु पुढवीसु नारगो होउं;
जो कोइ मए जीवो, दूहविओ तंपि खामेमि. ॥२॥

અર્થ : સાતે પૃથ્વીમાં હું નારકીપણે ઉત્પન્ન થયો. નારકી થઈને ત્યાં જે કોઈ જીવને મેં દુ:ખી કર્યો હોય તેને પણ હું ખમાવું છું. ૨.

घायणचुन्नणमाइ, परोप्परं जं कयाइं दुक्खाइं;
कम्मवसएण नरए, तंपि य तिविहेण खामेमि. ॥३॥

અર્થ : કર્મને વશ બની નરકમાં ઉત્પન્ન થઈને બીજા નારકીઓને ઘા કરવા, ચૂર્ણ કરવા, મારવા આદિથી મેં પરસ્પર જે કોઈ દુ:ખો દીધાં હોય તેને પણ હું ત્રણ પ્રકારે (મન, વચન અને કાયાથી) ખમાવું છું. ૩.

निद्दयपरमाहम्मिअ-रुवेणं बहुविहाइं दुक्खाइं;
जीवाणं जणियाइं, मूढेणं तं पि खामेमि. ॥४॥

अर्थ : નિર્દય પરમાધામી દેવ રૂપે ઉત્પન્ન થઈને મૂર્ખ એવા મેં નરકના જીવોને કાપવા, ઘાણીમાં પીલવા, અગ્નિમાં બાળવા, તપાવેલાં સીસાં પાવાં વિગેરે ઘણા પ્રકારનાં દુઃખો દીધાં હોય તેને પણ ખમાવું છું. ૪

हा ! हा ! तइया मूढो, न याणिमो परस्स दुक्खाइं;
करवत्तयछेचण-भेयणेहिं, केलीए जणियाइं. ॥५॥

अर्थ : હા ? હા ? તે વખતે મેં કુતૂહલની ખાતર બીજા જીવોને કરવતથી છેદન ભેદન કર્યા, ઈત્યાદિ દુઃખોને મોહથી મૂઢ બનેલો એવો હું ન જાણી શક્યો. ૫.

जं किं पि मए तइया, कलंकलीभावमागएण कयं;
दुक्खं नेरइयाणं, तं पि य तिविहेण खामेमि. ॥६॥

अर्थ : હું નરકમાં ઉપજ્યો ત્યારે કલંકલી ભાવ દુઃખની અકળામણને વશ થઈને મેં ત્યાં નારકીઓને જે કાંઈ દુઃખ દીધું હોય, તેને પણ ત્રણ પ્રકારે હું ખમાવું છું. ૬.

तिरियाणं चिय मज्झे, पुढवीमाइसु खारभेएसु;
अवरोप्परसत्थेणं, विणासिया ते वि खामेमि. ॥७॥

अर्थ : તિર્યંચ પણામાં ઉત્પન્ન થઈને ખાર વિગેરે ભેદવાળા પૃથ્વીકાય, અપ્કાય અદિ જે જીવો, તેનો પરસ્પર શસ્ત્ર આદિ વડે મેં જે વિનાશ કર્યો હોય તેને પણ ખમાવું છું. ૭

बेइंदियतेइंदिय-चउरिंदिमाइणेगजाइसु;
जे भक्खिय दुक्खविंया, ते वि य तिविहेण खामेमि. ॥८॥

अर्थ : બે ઈન્દ્રિય અને ચઉરિંદ્રિય આદિ જાતિમાં જીવોનું

ભક્ષણ કરીને જે દુઃખ આપ્યું હોય તેને પણ ત્રણ પ્રકારે હું ખમાવું છું. ૮.

जलयरमज्जगएणं, अणेगमच्छाइरुवधारेणं;

आहारट्ठा जीवा, विणासिया ते वि खामेमि. ॥९॥

અર્થ : પંચેન્દ્રિય તીર્યંચમાં જળચર તરીકે ઉત્પન્ન થઈને અનેક મચ્છાદિ. રૂપને ધારણ કરીને, જલમાં રહેલા જીવોને મેં આહારને માટે નાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું. ૯.

छिन्ना भिन्ना यमए, बहुसो दुट्ठेण बहुविहा जीवा;

जे जलमज्जगएणं, ते वि य तिविहेण खामेमि. ॥१०॥

અર્થ : જલચરપણાને પામીને દુષ્ટ એવા મેં બહુવાર ઘણી જાતિના ઘણા જીવોને છેદ્યા હોય ભેદ્યા હોય તે સર્વને ત્રિવિધે ખમાવું છું. ૧૦.

सप्पसरिसवमज्झे, वानरमज्जारसुणहसरहेसु;

जे जीवा वेलविआ, दुक्खत्ता ते वि खामेमि. ॥११॥

અર્થ : સર્પ, ઘો-નોળીયા, તથ વાનર, બિલાડી, કુતરા અને શરભ (અષ્ટાપદ) આદિ જાતિઓમાં ઉપજેલા મેં જે જે જીવોને ઠગ્યા-હેરાન કર્યા કે પીડ્યા હોય તેઓને પણ ખમાવું છું. ૧૧.

सद्दलसीहगंडयजाइसुं, जीवघायजांणआसु;

जे उववन्नेण मए, विणासिया ते वि खामेमि. ॥१२॥

અર્થ : તેમાં પણ જીવઘાત કરનારા વાઘ, સિંહ, ગેંડા આદિની જાતિમાં ઉત્પન્ન થયેલા મારા જીવે જે જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું. ૧૨.

ओलावगिद्धकुक्कुड,-हंसबगाइसुं सउणजाइसु;

जे छुहवसेण खद्धा, किमिमाइ ते वि खामेमि. ॥१३॥

અર્થ : ખેચર તિર્યંચમાં બાજ, ગીધ, કુકડા, હંસ, બગલા આદિ પંક્ષિઓની જાતિમાં ઉપજેલા મેં ભૂખને વશ થઈ કૃમિ આદિ જે જીવો ખાધા હોય તેને પણ ખમાવું છું. ૧૩.

मणुएसु वि जे जीवा, जीब्भिदियमोहिएण मूढेण;
पारद्धिमंतेणं, विणासिया ते वि खामेमि. ॥१४॥

અર્થ : જીવ્હા ઇન્દ્રિયને વશ થયેલા મૂઢ એવા મેં, મનુષ્યના ભવમાં પણ શિકાર રમવા વડે જે જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું. ૧૪.

फासगढिएण जे च्चिय, परदाराइसु गच्छमाणेणं;
जे दुमिय दूहविया, ते वि य खामेमि तिविहेणं. ॥१५॥

અર્થ : સ્પર્શેન્દ્રિયમાં ગૃદ્ધ થયેલા એવા મેં પરસ્ત્રી-વેશ્યા આદિનાં મૈથુન સેવતાં જે જે જીવોને સંતાપ, અપ્રીતિ, ઉપજાવી દુઃખી કર્યા હોય તેને પણ હું ત્રિવિધે ખમાવું છું. ૨૫.

चक्खिंदियघाणिंदिय,-सोइंदियवसगएण जे जीवा;
दुक्खंमि मए ठविया, ते हं खामेमि तिविहेणं. ॥१६॥

અર્થ : આંખ-નાક અને કાન ઇન્દ્રિયને વશ બનીને જે જીવોને મેં દુઃખમાં નાંખ્યા હોય તેને હું ત્રણ પ્રકારે ખમાવું છું. ૧૬.

सामित्तं लहिउणं, जे बद्धा घाइया य मे जीवा;
सवराहनिरवराहा, ते वि य तिविहेण खामेमि. ॥१७॥

અર્થ : સ્વામીપણા (સત્તા) ને પામીને અપરાધી કે નિરપરાધી જે કોઈ જીવોને મેં બાંધ્યા, કેદ કર્યા, માર્યા કે મરાવ્યા હોય તેને પણ ત્રણ-પ્રકારે હું ખમાવું છું. ૧૭.

अक्कमिउणं आणा, कारविया जे उ माणभंगेणं;
तामसभावगएणं, ते वि य तिविहेण खामेमि. ॥१८॥

અર્થ : અભિમાનીપણામાં માનભંગ થવાથી તામસપણા વડે (તિરસ્કાર-દ્વેષ-ગુસ્સો વિગેરે કરીને) જે જે જીવોને બળાત્કરે અજ્ઞાધીન કર્યા હોય, તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. ૧૮.

अब्भक्खाणं जं मे, दिन्नं दुट्ठेण कस्सइ नरस्स;
रोसेण व लोभेण व, तं पि य तिविहेण खामेमि. ।।१९।।

અર્થ : દુષ્ટ એવા મેં ક્રોધની અથવા લોભથી જે કોઈપણ મનુષ્યને ખોટાં આળ ચઢાવ્યાં તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. ૧૯.

परआवयाए हरिसो, पेसुन्नं जं कयं मए इहइं;
मच्छरभावठिएणं, तं पि य तिविहेण खामेमि. ।।२०।।

અર્થ : માત્સર્ય કરીને આ ભવમાં બીજાની આપદામાં ખુશી થયો તથા ચાડી ખાધી તેને પણ ત્રિવિધે ખમાવું છું. ૨૦

रुद्दो खुद्दसहावो, जाओ णेगासु मिच्छजाइसु;
धम्मोत्ति सुहो सद्दो, कन्नेहि वि तत्थ नो विसुओ.।।२१।।

અર્થ : અનેક મ્લેચ્છ જાતિમાં (નીચ જાતિમાં) હું ક્રુર અને તુચ્છ સ્ભાવવાળો થયો. ધર્મ એવો શુભ શબ્દ પણ ત્યાં કાનથી સાંભળ્યો નહિ. ૨૧

परलोगनिप्पिवासो, जीवाण सयाऽवि घायणपसत्तो;
जं जाओ दुहहेउ, जीवाणं तं पि खामेमि. ।।२२।।

અર્થ : (તે મ્લેચ્છના ભવોમાં) પરલોકની દરકાર વિનાનો અને જીવોની હિંસા કરવામાં સદૈવ વ્યસની બનેલો હું ત્રણ પ્રકારે ખમાવું છું. ૨૨.

आरियखित्ते वि मए, खट्टिगवागुरियडुम्बजाइसु;
जे वि हया जियसंघा, ते वि य तिविहेण खामेमि.
।।२३।।

અર્થ : આર્યક્ષેત્રમાં પણ મેં કસાઈ, પારધિ અને ચંડાળ વિગેરે જાતિમાં જન્મીને જે ઘણા જીવોને મેં હણ્યા હોય તેઓને પણ હું ત્રણ પ્રકારે ખમાવું છું. ૨૩.

मिच्छत्तमोहिएणं, जे वि हया के वि मंदबुद्धिए;
अहिगरणकारणेणं, वहाविआ ते वि खामेमि. ।।२४।।

અર્થ : મિથ્યાત્વથી મૂઢ બનેલ મંદબુદ્ધિવાળા એવા મેં, પરસ્પર કલહ (ક્રોધાદિ કષાયો) કરાવીને જે કોઈ જીવોને બીજાઓ દ્વારા મરાવ્યા હોય તેઓને પણ હું ખમાવું છું. ૨૪.

दवदाणपलीवणयं, काउणं जे जीवा मए दड्ढा;
सरदहतलायसोसे, जे वहिया ते वि खामेमि. ।।२५।।

અર્થ : દવાનલ સળગાવીને જે જીવોને મેં બાળ્યા હોય તથા સરોવર દ્રહ અને તલાવ વિગેરેમાં પાણી સુકાવીને તેમાં રહેનારા (માછલાં દેડકા વિગેરે અનેક જાતિનાં) જીવોને માર્યા હોય તેઓને પણ ખમાવું છું. ૨૫.

सुहदुल्ललिएण मए, जे जीवा केइ भोगभूमिसु;
अंतरदीवेसुं व, विणसिया ते वि खामेमि. ।।२६।।

અર્થ : ભોગ ભૂમિ એટલે યુગલિક ક્ષેત્રોમાં અથવા અંતરદ્વીપોમાં મનુષ્ય થયેલા એવા મેં સુખમાં લટ્ટુ બની જઈને જે જીવોનો વિનાશ કર્યો હોય તેઓને હું ખમાવું છું. ૨૬.

देवत्ते वि य पत्ते, केलिपओसेण लोहबुद्धीए;
जे दूहविया सत्ता, ते वि य खामेमि सव्वेवि. ।।२७।।

અર્થ : દેવપણામાં ઉત્પન્ન થયેલા એવા મેં ક્રીડાથી પ્રદ્વેષથી અને લોભ બુદ્ધિથી જે પ્રાણીઓને દુઃખી કર્યા, હોય તે સર્વેને પણ હું ખમાવું છું. ૨૭.

भवणवइणं मज्जे, आसुरभावम्मि वट्टमाणेणं;
निद्दयहणणमणेणं, जे दमिया ते वि खामेमि. ॥२८॥

अर्थ : ભવનપતિમાં આસુરી (કુપિત) ભાવમાં વર્તતા એવા મેં નિર્દય રીતે મારવાના મન વડે જે જીવોને દુઃખી કર્યા હોય તેઓને પણ હું ખમાવું છું. ૨૮.

वंतररुवेणं मए, केलीकिलभावओ य जं दुक्खं;
जिवाणं संजणियं, तं पि ते तिविहेण खामेमि. ॥२९॥

अर्थ : વ્યતંરના ભવમાં ક્રીડા કરવાના સ્વભાવથી મેં અન્ય જીવોને જે કંઈ દુઃખ ઉત્પન્ન કર્યું હોય, તેને પણ ત્રણ પ્રકારે ખમાવું છું. ૨૯.

जोइसिएसु गएणं, विसयामिसमोहिएण मूढेणं;
जो कोवि कओ दुहिओ, पाणी मे तं पि खामेमि. ॥३०॥

अर्थ : જ્યોતિષ્ક દેવલોકમાં ગયેલા અને વિષયોમાં અંધ બનેલા મૂર્ખ એવા મેં જે કોઈ પ્રાણીને દુઃખી કર્યા હોય તેને પણ હું ખમાવું છું. ૩૦.

पररिद्धिमच्छरेणं, लोहनिबुड्डेण मोहवसगेणं;
अभियोगिएण दुक्खं, जाण कयं ते वि खामेमि. ॥३१॥

अर्थ : આભિયોગિકદેવ થયેલા મેં બીજા દેવોની ઋદ્ધિમાં મત્સર કરીને લોભને વશ થઈને તથા મોહાધીન થઈને જેઓને દુઃખ દીધું હોય તેઓને પણ ખમાવું છું. ૩૧.

इय चउगइमावन्ना, जे के वि य पाणिणो मए वहिया;
दुक्खे वा संठविया, ते खमेमो अहं सव्वे. ॥३२॥

अर्थ : એ પ્રમાણે ચાર ગતિઓમાં પરિભ્રમણ કરતા જે જે જીવોને મેં માર્યા હોય અથવા દુઃખમાં નાખ્યા હોય તે સર્વને હું

ખમાવું છું. ૩૨.

सव्वे खमंतु मज्झं, अहंपि तेसिं खामेमि सव्वेसिं;
जं केणइ अवरद्धं, वेरं चइउण मज्झत्थो ।।३३।।

અર્થ : સર્વે જીવો મને ક્ષમા આપો, તેઓએ કોઈએ પણ મારો જે અપરાધ કર્યો હોય, તે તેઓના સર્વ અપરાધોને હું પણ વૈર ભાવ છોડીને મધ્યસ્થ ભાવે ખમાવું છું. ૩૩.

न य कोइ मज्झ वेसो, सयणो वा एत्थ जीवलोगंमि;
दंसणनाणसहावो, एक्को हं निम्ममो निच्चो. ।।३४।।

અર્થ : આ જીવલોકમાં મારો કોઈ શત્રુ નથી અથવા મારો કોઈ સ્નેહી નથી. દર્શન જ્ઞાનમય સ્વભાવવાલો, નિર્મમ અને નિત્ય (શાશ્વત)હું એકલો જ છું. ૩૪.

जिणसिद्धा सरणं मे, साहू धम्मो य मंगलं परमं;
जिणनवकारो पवरो, कम्मक्खयकारणं होउ. ।।३५।।

અર્થ : જિનેશ્વરદેવો, સિદ્ધ પરમાત્મા સાધુ મુનિરાજો અને જિનકથિત ધર્મ એ ચારનું મને શરણ છે. એ જ ચાર મારે પરમ મંગલ છે. શ્રેષ્ઠ એવો શ્રી જિનેશ્વર દેવોનો નમસ્કાર મહામંત્ર મારા કર્મક્ષયનું કારણ બનો. ૩૫.

इय खामणा उ एसा, चउगइमावन्नयाण जीवाणं;
भावविसुद्धीए महं, कम्मक्खयकारणं होउ. ।।३६।।

અર્થ : એ રીતે કરેલી આ ક્ષમાપના ચારે ગતિઓમાં ભમતા જીવોને ભાવ વિશુદ્ધિનું અને મને કર્મક્ષયનું કારણ બનો અથવા ચાર ગતિમાં રહેલ જીવોની સાથે ભાવ વિશુદ્ધિ પૂર્વક કરેલી આ ક્ષમાપના મારા આત્માને કર્મક્ષયનું કારણ બનો-મારા કર્મનો ક્ષય કરો. ૩૬.

卐

१७

વૈરાગ્ય કુલકમ્

जम्मजरामरणजले नाणाविहवाहिजलयराइन्ने;

भवसायरे असारे, दुल्लहो खलु माणुसो जम्मो. ॥१॥

અર્થ : જન્મ, વૃદ્ધાવસ્થા અને મરણરૂપ જલવાળા તથા વિવિધ પ્રકારના વ્યાધિરૂપ જલચર જીવોથી ભરેલા આ અસાર સંસારરૂપ સમુદ્રમાં મનુષ્ય જન્મની પ્રાપ્તિ ખરેખર દુર્લભ છે. ૧.

तम्मि वि आयरियखित्तं, जाइकुलरुवसंपयाउय;

चिंतामणिसारित्थो, दुल्लहो धम्मो य जिणभणिओ. ॥२॥

અર્થ : તેમાં પણ આર્યક્ષેત્ર, ઉત્તમજાતિ, ઉત્તમકુલ, ઉત્તમરૂપ અને સંપદા પામ્યા છતાં પણ ચિંતામણિરત્ન જેવો શ્રી જિનેશ્વરદેવોએ કહેલો ધર્મ મળવો દુર્લભ છે. ૨.

भवकोडिसयहिं, परिहिंडिउण सुविसुद्धपुन्नजोएण;

इत्तियमित्ता संपइ, सामग्गी पाविया जीव ! ॥३॥

અર્થ : હે જીવ ! સેંકડો કોડો ભવો સુધી સંસારમાં પરિભ્રમણ કર્યા પછી અત્યંત વિશુદ્ધ પુણ્યના યોગથી આટલી બધી સમગ્રી હમણાં તને મળી છે. ૩.

रुवमसासयमेयं, विज्जुलयाचंचलं जए जीयं;
संझाणुरागसरिसं, खणरमणीयं च तारुन्नम्. ॥४॥

अर्थ : રૂપ વિનાશમાન છે, જગતમાં વિજલીના ઝબકારા જેવું જીવન ચંચળ છે, અને સંધ્યા સમયના આકાશના રંગ જેવી ક્ષણભર રમણીય યુવાની છે. ૪.

गयकन्नचंचलाओ, लच्छीओ नियसचाउसारिच्छं;
विसयसुहं जीवाणं, बुझसु रे जीव ! मा मुज्ज. ॥५॥

अर्थ : હાથીના કાનના જેવી લક્ષ્મી ચંચળ છે, ઈન્દ્રધનુષ્યના જેવું જીવોનું ઈન્દ્રિયજન્ય વિષય સુખ છે. માટે હે જીવ ! બોધ પામ. અને મૂંઝાઈશ નહિ. ૫.

किंपाकफलसमाणा, विसया हालाहलोवमा पावा;
मुहमुहरत्तणसारा, परिणामे दारुणसहावा. ॥६॥

अर्थ : વિષયો કિંપાક ફળના જેવા છે, હલાહલ (ઝેર) જેવા છે, પાપકારી છે, મુહૂર્ત માત્રસુંદર અને પરિણામે દારુણ સ્વભાવવાળા છે. ૬.

भुत्ता य दिव्वभोगा, सुरेसु असुरेसुतहय मणुएसु;
न य जीव ! तुझ तित्ती, जलणस्स व कट्ठनियरेहिं ॥७॥

अर्थ : સુર અને અસુર લોકમાં, તથા મનુષ્ય ભવમાં દિવ્ય-સુંદર ભોગો ભોગવ્યા છતાં, હે જીવ ? લાકડાથી જેમ અગ્નિ તૃપ્ત થતો નથી. તેમ તને પણ તૃપ્તિ થતી નથી. ૭.

जह संझाए सउणाणं, संगमो जह पहेणाय पहियाणं;
सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीव ! ॥८॥

अर्थ : જેમ સંધ્યાકાલે પક્ષીઓનો મેળાપ અને મુસાફરીમાં

જેમ મુસાફરોનો સમાગમ ક્ષણ ભંગુર હોય છે. તેમ હે જીવ ? સ્વજન કુટુમ્બીજનોનો સમાગમ પણ ક્ષણિક છે એમ જાણ. ૮.

पियमाइभाइभइणी,-भज्जापुत्तत्तणे वि सव्वेवि;
सत्ता अणंतवारं, जाया सव्वेसिं जीवाणं. , ॥९॥

અર્થ : પિતા, માતા ભાઈ, બહેન, ભાર્યા અને પુત્રપણે સર્વ જીવોને સર્વે જીવો સાથે અનંતીવાર સંબંધ થયો છે. ૯.

ता तेसिं पडिबंधं, उवरिं मा तं करेसु रे जीव !
पडिबंधं कुणमाणो, इहयं चिय दुक्खिओ भमिसि. ॥१०॥

અર્થ : તે માટે હે જીવ ! તેઓને વિષે પ્રતિબંધ (રાગ) ન કર, જો તેમની સાથે પ્રતિબંધ (રાગ) કરીશ તો તું અહીં પણ દુઃખી થઈ જઈશ. ૧૦.

जाया तरुणी आभरणवज्जिया, पाढिओ न मे तणओ;
धूया नो परिणीया, भइणी नो भत्तुणो गमिया. ॥११॥

અર્થ : મારી સ્ત્રી ઘરેણા વગરની છે. મેં છોકરાને હજુ તો ભણાવ્યો નથી, પુત્રીને પરણાવી નથી, બ્હેન પોતાના ઘેર જતી નથી. ૧૧.

थोवो विहवो संपइ, वट्टइ य रिणं बहुव्वेओ गेहे;
एवं चिंतासंतावदुम्भिओ दुःखमणुहवसि (युग्मं.) ॥१२॥

અર્થ : ધન થોડું છે. માથે હાલમાં દેવું થઈ ગયું છે. ઘરમાં ઘણો ઉદ્વેગ-કલેશ છે.આવી રીતે ચિંતા સંતાપથી દુઃખી થયેલો તું દુઃખને અનુભવે છે. ૧૨.

काऊणवि पावाइं, जो अत्थो संचिओ तए जीव ?
सो तेसिं सयणाणं, सव्वेसिं होई उवओगी. ॥१३॥

અર્થ : હે જીવ ! પાપ કરીને જે ધન તે એકઠું કર્યું છે, તે ધન તે સઘળા સ્વજનોને ઉપયોગી થાય છે. ૧૩.

जं पुण असुहं कम्मं, इक्कुचिय जीव ! तं समणुहवसि;
न य ते सयणा सरणं, कुगइए गच्छमाणस्स. ॥१४॥

અર્થ : હે જીવ ! તે ધનનો સંચય કરવામાં એકત્ર કરેલા પાપનો દુઃખરૂપ અનુભવ તારે એકલાને જ કરવો પડશે. દુર્ગતિમાં જતાં એવા તને તે સ્વજનો શરણ આપશે નહિ. ૧૪.

कोहेणं माणेणं, माया लोभेणं रागदोसेहिं;
भवरंगओ सुइरं, नडुव्व नच्चाविओ तं सि. ॥१५॥

અર્થ : ક્રોધ, માન, લોભ, રાગ અને દ્વેષે આ ભવમંડપમાં દીર્ઘકાળ સુધી નટની માફક તને નચાવ્યો છે. ૧૫.

पंचेहिं इंदिएहिं, मणवयकाएहिं दुट्ठजोगेहिं;
बहुसो दारुणरुवं, दुःखं पत्तं तए जीव ! ॥१६॥

અર્થ : હે જીવ ! ઉન્માર્ગે ગમન કરનારી એવી પાંચે ઈન્દ્રિયોના વિષયોથી અને મન, વચન, કાયાના દુષ્ટ યોગોથી વારંવાર તેં દારુણ દુઃખ પ્રાપ્ત કર્યું છે. ૧૬.

ता एअन्नाउणं, संसारसायरं तुमं जीव !
सयलसुहकारणम्मि, जिणधम्मे आयरं कुणसु. ॥१७॥

અર્થ : તે માટે હે જીવ ? આ સંસાર સાગરના સ્વરૂપને જાણીને, સકલ સુખના કારણભૂત જિનધર્મને વિષે આદર કર. ૧૭.

जाव न इंदियहाणी, जाव न जररक्खसी परिप्फुरइ;
जाव न रोग वियारा, जाव न मच्चु समुल्लियइ ॥१८॥

અર્થ : જ્યાં સુધી ઇન્દ્રિયોને નુકશાન પહોંચ્યું નથી, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા રૂપી રાક્ષસી સ્ફુરાયમાન થઈ નથી, જ્યાં સુધી રોગનો વિકાર (ભારે પીડા) થયો નથી અને જ્યાં સુધી મૃત્યુ નજીક આવ્યું નથી. ૧૮.

जह गेहम्मि पलित्ते, कूवं खणियं न सक्कइ को वि;
तह संपत्ते मरणे, धम्मो कह कीरए जीव. ? ।।१९।।

અર્થ : જેમ ઘરમાં આગ લાગે છતે કૂવો ખોદી શકાતો નથી, તેમ મરણ પ્રાપ્ત થએ છતે હે જીવ ? ધર્મ કેવી રીતે કરી શકાય ? ૧૯.

पत्तम्मि मरणसमए, डज्झमि सो अग्गिणा तुमं जीव ?
वग्गुरपडिओ व मओ, संवट्टमिउ जहवि पक्खी. ।।२०।।

અર્થ : જાળમાં પડેલો સંવર્તમૃગપક્ષી જેમ મરી ગયો. તેમ હે જીવ ? મરણ સમય આવે છતે તું શોકરૂપ અગ્નિથી દાઝે છે. દુઃખી થાય છે. ૨૦.

ता जीव ! संपयं चिय, जिणधम्मे उज्जमं तुमं कुणसु;
मा चिन्तामणिसम्मं, मणुयत्तं निप्फलं णेसु. ।।२१।।

અર્થ : તે માટે હે જીવ ! હમણા જિનેશ્વર દેવના ધર્મમાં તું ઊદ્યમ કર, ચિંતામણિરત્ન જેવો મનુષ્ય ભવ નિષ્ફળ નહિ ગુમાવ. ૨૧.

ता मा कुणसु कसाए, इंदियवसगो य मा तुमं होसु;
देविंदसाहुमहि यिं, सिवसुक्खं जेण पावहिसि. ।।२२।।

અર્થ : તે માટે તું કષાયને ન કર, ઇન્દ્રિયોને વશ થઈશ નહિ જેથી દેવેન્દ્રોથી અને સાધુઓથી પૂજિત એવા શિવ સુખને તું પામીશ. ૨૨.

१८ સારસમુચ્ચય કુલકમ્

नरनरवइदेवाणं जं सोक्खं सव्वमुत्तमं लोए;
तं धम्मेण विढप्पइ, तम्हा धम्मं सया कुणह. ।।१।।

અર્થ : આ લોકમાં મનુષ્યો, રાજાઓ અને દેવોને જે કંઈ સર્વોત્તમ સુખ છે તે બધું ધર્મથી જ પ્રાપ્ત થય છે. માટે હંમેશા ધર્મની આરાધના કરો. ૧.

उच्छन्ना किं च जरा ?, नट्ठारोगा य किं मयं मरणं; ?
ठइयं च नरयदारं ? जेण जणो कुणइ न य धम्मं. ।।२।।

અર્થ : શું વૃદ્ધાવસ્થાને કચડી નાખી છે ? શું રોગો નાશ પામી ગયા છે ? શું મરણ મૃત્યુ પામી ગયુંને શું નરકગતિનાં દ્વાર બંધ થઈ ગયા છે ? કે જેથી મનુષ્ય ધર્મને કરતો નથી. ૨.

जाणइ जणो मरिज्जइ, पेच्छइ लोओ मरंतयं अन्नं;
न य कोइ जए अमरो, कह तह वि अणायरो धम्मे, ?
।।३।।

અર્થ : લોકો જોણે છે કે આયુષ્ય પૂર્ણ થયે માણસ મરી જાય છે. બીજાને મરતા સાક્ષાત્ જુએ પણ છે અને આ જગતમાં કોઈ

અમર નથી. એ પણ જાણે છે છતાં પણ ધર્મ આરાધન કરવામાં આટલો બધો અનાદર શા માટે ? ૩.

जो धम्मं कुणइ नरो, पूइज्जइ सामिउ व्व लोएण;
दासो पेसो व्व जहा, परिभूओ अत्थतल्लिच्छो. ॥४॥

અર્થ : જે મનુષ્ય ધર્મ કરે છે તે લોકો વડે સ્વામિની જેમ પૂજાય છે. અને જે એક માત્ર અર્થ-ધનમાં જ તલ્લીન છે તે દાસ અને નોકરની માફક લોકોમાં તિરસ્કારને પામે છે. ૪.

इय जाणिऊण एयं, वीमंसह अत्तणो पयत्तेण;
जो धम्माओ चुक्को, सो चुक्कोसव्वसुक्खाणं.. ॥५॥

અર્થ : એ પ્રમાણે જાણીને પોતાના પ્રયત્ન વડે દૃઢ નિશ્ચય કરો કે જે ધર્મને ચૂક્યો તે સર્વ સુખોને પણ ચૂક્યો અર્થાત્ સર્વ સુખથી વંચિત રહ્યો. ૫.

धम्मं करेह तुरियं, धम्मेण य हूंति सव्वसुक्खाइं;
सो अभयपयाणेणं, पंचिन्दियनिग्गहेणं च. ॥६॥

અર્થ : ધર્મ જલ્દી કરો, સર્વ સુખો ધર્મથી જ મળે છે. અને તે ધર્મ અભય દાનથી અને પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાથી થાય છે. ૬.

धम्मो अत्थो कामो, अन्ने जे एवमाइया भावा;
हरइ हरंतो जीयं, अभयं दिंतो नरो देइ. ॥८॥

અર્થ : બીજાના પ્રાણને હરણ કરતો માણસ, ધર્મ અર્થ, કામ અને એવા બીજા પણ તેના જે ભાવો છે તેનું પણ હરણ કરે છે. અને બીજાને અભયદાન દેનારો તે તે ભાવોને દેનાર બને છે. ૮.

नय किंचि इहं लोए जीयाहिंतो जियाण दइययरं;
तो अभयपयाणाओ न य अन्नं उत्तमं दाणं. ।।९।।

अर्थ : આ લોકમાં જીવોને પોતાના જીવન કરતાં અધિક વ્હાલી ચીજ કોઈ પણ નથી.માટે જ અભયદાન કરતાં બીજું કોઈ ઉત્તમ દાન નથી. ૯.

सो दाया सो तवसी, सो य सुही पंडिओ य सो चेव;
जो सव्वसुक्खबीयं, जीवदयं कुणइ खंति च. ।।१०।।

अर्थ : જે સર્વ સુખોના બીજ સમાન જીવદયા અને ક્ષમાને ધારણ કરે છે તે જ ખરો દાતાર છે. તપસ્વી સુખી છે અને પંડિત છે. ૧૦.

किं पढिएण सुएण व, वक्खाणिएण काइं किर तेण;
जत्थ न नज्जइ एयं, परस्स पीडा न कायव्वा. ।।११।।

अर्थ : 'બીજાને પીડા ન કરવી જોઈએ.' એટલું પણ જ્ઞાન જ્યાં નથી તેવા લોકોના ભણવાથી શું ? સાંભળવાથી શું ? અને વ્યાખ્યાન કરવાથી પણ શું ? અર્થાત્ દયા વિના બધું નિષ્ફળ છે. ૧૧.

जो पहरइ जीवाणं, पहरइ सो अत्तणो सरीरंमि;
अप्पाण वेरिओ सी, दुक्खसहस्साण आभागी. ।।१२।।

अर्थ : જે જીવોનો પ્રહાર કરે છે. તે પોતાના શરીરમાં જ પ્રહાર કરે છે. પોતાના જ આત્માઓ શત્રુ એવો તે હજારો દુઃખોનો ભાગી બને છે. ૧૨.

जं काणा खुज्जा वामणा य, तह चेव रुवपरिहीणा;
उप्पज्जंति अहन्ना, भोगेहिं विवज्जिया पुरिसा. ।।१३।।

અર્થ : દયાને નહિ પાળનારા માણસો, કાણા, કુબડા, વામન (ઢીંગણા) તથા રૂપ વિનાના, તિરસ્કારનું પાત્ર અને ભોગસુખ વિનાનાં ઉત્પન્ન થાય છે. ૧૩.

इय जं पाविंति य दुहसयाहं, जणहिययसोगजणयाइं;
तं जीवदयाए विणा, पावाण वियंभियं एयं. ॥१४॥

અર્થ : માણસોના હૃદયને શોક ઉત્પન્ન કરનારા સેંકડો દુઃખો, જે લોકો અહીંયા પામેલા છે, તે જીવદયાને નહિ પાળવા પૂર્વક પૂર્વમાં કરેલા પાપનું જ પરિણામ છે. ૧૪.

जं नाम किंचि दुक्खं, नारयतिरियाण तह य मणुयाणं;
तं सव्वं पावेणं, तम्हा पावं विवज्जेह. ॥१५॥

અર્થ : નારકીઓ, તિર્યંચો તથા મનુષ્યોમાં જે કાંઈ દુઃખ દેખાય છે, તે બધુંએ પાપનું જ પરિણામ છે. માટે પાપને છોડી દો. ૧૫.

सयणे धणे य तह परियणे य, जो कुणइ सासया बुद्धी;
अणुधावंति कुढेणं, रोगा य जरा य मच्चू य. ॥१६॥

અર્થ : સ્વજનમાં, ધનમાં તથા પરિજનમાં શાશ્વત બુદ્ધિ રાખે છે. તેની પાછળ (ગુન્હેગારની પાછળ રાજ સુભટોની જેમ) રોગો વૃદ્ધાવસ્થા અને મુત્યુ દોડે છે. ૧૬.

नरए जीय ? दुस्सहवेयणाउ, पत्ताउ जाओ पइं मूढ ?;
जइ ताओ सरसि इन्हिं, भत्तं पि न रुच्चए तुज्झ. ॥१७॥

અર્થ : હે જીવ ? તને નરકમાં જે દુઃસહ વેદનાઓ પ્રાપ્ત થઈ, તે પ્રત્યેકને હે મૂઢ ? જો તું હમણા યાદ કરે તો તને ખાવું પણ ભાવે નહિ. ૧૭.

अच्छंतु ताव निरया, जं दुक्खं गब्भवासमज्जंमि;
पत्तं तु वेयणिज्जं, तं संपइ तुज्झ वीसरियं ॥१८॥

अर्थ : નરકનું દુઃખ તો દૂર રહો, પણ જે દુઃખ તેં હમણા ગર્ભાવાસમાં પ્રાપ્ત કર્યું તેની પણ વેદના તું વીસરી ગયો છે. ૧૮.

भमिऊण भवग्गहणे, दुक्खाणि य पाविऊण विविहाइं;
लब्भइ माणुसजम्मं, अणेगभवकोडिदुल्लभं. ॥१९॥

अर्थ : અનેક ભવોમાં ભમીને, વિવિધ પ્રકારના દુઃખોને ભોગવ્યા પછી અનેક કોટિ ભવમાં દુર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે. ૧૯.

तत्थ वि य केइ गब्भे, मरंति बालत्तणंमि तारुन्ने;
अन्ने पुण अंधलया, जावज्जीवं दुहं तेसिं. ॥२०॥

अर्थ : ત્યાં પણ કોઈ ગર્ભમાં, કોઈ બાલ્યાવસ્થામાં અને કોઈ યુવાવસ્થામાં મરી જાય છે. વળી કેટલાક આંધળા હોય છે. તેમને જીવે ત્યાં સુધી તેનું દુઃખ ભોગવવું પડે છે. ૨૦.

अन्ने पुण कोढियया, खयवाहीसहियपंगुभूया य;
दारिद्देणऽभिभूया, परकम्मकरा नरा बहवे. ॥२१॥

अर्थ : વળી કેટલાક તો કોઢીયા, ક્ષયના રોગવાલા પાંગળા, દારિદ્ર દુઃખથી પીડાતા, અને પારકી સેવા કરનારા ઘણા માણસો હોય છે. ૨૧.

ते चेव जोणिलक्खा, भमियव्वा पुण वि जीव ! संसारे;
लहिऊण माणुसत्तं, जं कुणसि न उज्जमं धम्मे. ॥२२॥

अर्थ : હે જીવ ? અતિ દુર્લભ એવા મનુષ્ય ભવને પામીને

પણ જો ધર્મમાં ઉદ્યમ નહિ કરીશ તો સંસારમાં ચોરાશી લાખ જીવાયોનિમાં ફરી પણ તારે પરિભ્રમણ કરવું પડશે. ૨૨.

इय जाव न चुक्कसि, एरिसस्स खणभंगुरस्स देहस्स,
जीवदयाउवउत्तो, तो कुण जिणदेसियं धम्मं. ।।२३।।

અર્થ : માટે આવા ક્ષણભંગુર શરીરને જ્યાં સુધી તું છોડે નહિ, ત્યાં સુધી જીવદયામાં ઉપયોગવાળો રહી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મની આરાધના કરી લે. ૨૩.

कम्मं दुक्खसरुवं दुक्खाणुहवं च दुक्खहेउं च;
कम्मायत्तो जीवो, न सुक्खलेसं पि पाउणइ. ।।२४।।

અર્થ : કર્મ એ દુઃખ સ્વરૂપ છે, દુઃખનો અનુભવ કરાવનારું છે. નવા દુઃખોના હેતભૂત પણ છે. કર્મને આધીન બનેલો જીવ, સુખનો લેશ પણ પ્રાપ્ત કરી શકતો નથી. ૨૪.

जह वा एसो देहो, वाहीहिं अहिट्ठिओ दुहं लहइ;
तह कम्मवाहिघत्थो, जीवो वि भवे दुहं लहइ. ।।२५।।

અર્થ : જેમ વ્યાધિ-રોગોથી ભરેલું આ શરીર દુઃખને પ્રાપ્ત કરે છે. તેમ કર્મવ્યાધિથી ગ્રસ્ત થએલો જીવ પણ સંસારમાં દુઃખને પ્રાપ્ત કરે છે. ૨૫.

जायंति अपच्छाओ, वाहिओ जहा अपच्छनिरयस्स;
संभवइ कम्मवुड्ढी, तह पावाऽपच्छनिरयस्स. ।।२६।।

અર્થ : જેમ અપથ્ય ભોજનમાં આસક્ત માનવીને અપથ્ય ભોજનથી વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. તેમ પાપરૂપ અપથ્યમાં રક્ત મનુષ્યને કર્મરૂપ રોગની વૃદ્ધિ થાય છે. ૨૬.

अइगरुओ कम्मरिऊ, कयावयारो य नियसरीरत्थो;
एस उविक्खिज्जंतो, वाहि व्व विणासए अप्पं. ।।२७।।

અર્થ : પોતાના શરીરમાં રહેલો, અપકારને કરનારો કર્મશત્રુ ઘણો મોટો છે, વ્યાધિની પેઠે એની જો ઉપેક્ષા (બેદરકારી) કરવામાં આવે તો આત્માનો વિનાશ કરે છે. ૨૭.

मा कुणह गय निमोलं, कम्मविघायंमि किं न उज्जमह;
लध्धूण मणुयजम्मं, मा हारह अलियमोहहया. ।।२८।।

અર્થ : કર્મનો નાશ કરવામાં હાથીની પેઠે આંખ મીચામણા ન કર, મનુષ્ય જન્મ પામીને ઉદ્યમ કેમ કરતો નથી ? ફોકટ મોહમાં અંધ બનીને, જન્મને હારીશ નહિ. ૨૮.

अच्चंतविवज्जासिय,-मइणो परमत्थदुक्खरुवेसु;
संसारसुहलवेसुं, मा कुणह खणं पि पडिबंधः ।।२९।।

અર્થ : અત્યંત ઉલટી બુદ્ધિવાળા જીવોને પરમાર્થથી દુ:ખરૂપ એવા સંસારના સુખના લેશમાં ક્ષણમાત્ર પણ તું રાગ ન કર. ૨૯.

किं सुमिणदिट्ठपरमत्थ, सुन्नवत्थुस्स करहु पडिबंधं ?;
सव्वं पि खणिममेयं, विहडिस्सइ पेच्छमाणाण. ।।३०।।

અર્થ : સ્વપ્નમાં દેખેલી પરમાર્થ વિનાની વસ્તુમાં તું શા માટે પ્રતિબંધ (રાગ) કરે છે ? આ બધું ક્ષણિક હોઈ જોત જોતામાં નાશ થઈ જશે. ૩૦.

संतंमि जिणुद्दिट्ठे, कम्मक्खयकारणे उवायंमि;
अप्पायत्तंमि न किं, तद्दिट्ठभया समुज्जेह. ।।३१।।

અર્થ : જિનેશ્વર દેવોએ કર્મનો ક્ષય કરવાનો બતાવેલો

ઉપાય સ્વાધીન હોવા છતાં તથા કર્મથી ઉત્પનન થતાં ભયને પ્રત્યક્ષ દેખવા છતાં હે જીવ ? ધર્મની આરાધનામાં તું કેમ ઊદ્યમ કરતો નથી ? ૩૧.

जह रोगी कोइ नरो, अइदुसहवाहिवेयणादुहिओ;
तद्दुहनिव्विन्नमणो, रोगहरं वेज्जमन्निसइ. ।।३२।।

અર્થ : જેમ અતિ દુઃસહ વ્યાધિની વેદનાથી દુઃખી થયેલો કોઈ રોગી માણસ, તે દુઃખથી કંટાળેલા મનવાળો રોગને હરનારા વૈદ્યને શોધે છે. ૩૨.

तो पडिवज्जइ किरियं, सवेज्जभणियं विवज्जइ अपच्छं;
तुच्छन्नपच्छभोइ, इसी सुवसंतवाहिदुहो. ।।३३।।

અર્થ : સારા વૈદ્યે કહેલી ક્રિયાને કરે છે. અપથ્ય ભોજનનો ત્યાગ કરે છે, તથા તુચ્છ અન્ન અને પથ્યનો ભોજી બને છે. એમ કરતાં રોગનું દુઃખ કંઈક શાંત થાય છે. ૩૩.

ववगयरोगायंको, संपत्ताऽऽरोग्गसोक्खसंतुट्ठो;
बहु मन्नेइ सुवेज्जं, अहिणं देइ वेज्जकिरियं च. ।।३४।।

અર્થ : રોગની પીડા દૂર થયા પછી, પ્રાપ્ત થયેલા આરોગ્ય સુખથી સંતુષ્ટ થયેલો, સારા વૈદ્યનું બહુમાન કરે છે, અને પોતાને આધિન (આશ્રિત) બીજાઓને પણ એ વૈદ્યની ચિકિત્સા કરાવે છે. ૩૪.

तह कम्मवाहिगहिओ, जम्मणमरणाउइन्नबहुदुक्खो;
तत्तो निव्विन्नमणो, परमगुरुं तयणु अन्निसइ. ।।३५।।

અર્થ : તે પ્રમાણે કર્મ વ્યાધિથી ઘેરાયેલો જન્મ મરણથી બહુ દુઃખી થયેલો અને તે દુઃખોથી કંટાળેલો જીવ, પરમ ગુરુ (જીનેશ્વરદેવ

કે તેઓના માર્ગને સમજાવનાર સદ્‌ગુરુ) ને શોધે છે. ૩૫.

लद्धंमि गुरुंमि तओ, तव्वयणविसेसकयअणुट्ठाणो;
पडिवज्जइ पव्वज्जं, पमायपरिवज्जणविसुद्धं. ॥३६॥

અર્થ : ગુરુ મહારાજ મળ્યા પછી, તેઓના વચનનો બહુ આદર કરવા પૂર્વક ધાર્મિક અનુષ્ઠાનો-ક્રિયાઓ કરે છે. તેમ થતાં ક્રમે કરીને પ્રમાદના ત્યાગથી વિશુદ્ધ એવા ચારિત્રને અંગીકાર કરે છે. ૩૬.

नाणाविहतवनिरओ, सुविसुद्धासारभिक्खभोइ य;
सव्वत्थ अप्पडिबद्धो, सयणाइसु मुक्कवामोहो. ॥३७॥

અર્થ : વિવિધ પ્રકારના તપમાં રક્ત બેંતાલીશ દોષ રહિત અને અસાર ભીક્ષાનું ભોજન કરનારો, સર્વત્ર અપ્રતિ બદ્ધ-મમતા વગરનો તથા સ્વજનાદિને વિષે પણ વ્યામોહને છોડનાર થાય છે. ૩૭.

एमाइ गुरुवइट्ठं, अणुट्ठमाणो विसुद्धमुणिकिरियं;
मुच्चइ निसंदिद्धं, चिरसंचियकम्मवाहीहिं. ॥३८॥

અર્થ : એ પ્રમાણે ગુરુ મહારાજાએ ઉપદેશ કરેલી વિશુદ્ધ મુનિચર્યાને કરનારો મનુષ્ય, દીર્ઘ કાળથી સંચિત કરેલા કર્મ વ્યાધિ-રોગથી નિશ્ચયપણે છુટી જાય છે. ૩૮.

卐

૧૮ સંવિજ્ઞ સાધુ યોગ્યં નિયમકુલકમ્

भुवणिक्कपइवसमं, वीरं नियगुरुपए अ नमिऊणं;
चिरइअरदिक्खिआणं, जुग्गे नियमे पवक्खामि. ।।१।।

અર્થ : ત્રણ ભુવનને વિષે એક (અસાધારણ) પ્રદીપ સમાન શ્રી વીર પ્રભુને અને નિજ ગુરુનાં ચરણ કમળને નમીને દીર્ઘપર્યાય-વાળા અને નવદીક્ષિત સાધુ જનો યોગ્ય (સુખે નિર્વહી શકાય) એવા નિયમો હું કહીશ. ૧.

निअउअरपुरणफला, आजीविअमित्तं होइ पवज्जा;
धूलिहडीरायत्तण-सरिसा, सव्वेसिं हसणिज्ज. ।।२।।

અર્થ : યોગ્ય નિયમોનું પાલન કર્યા વગરની પ્રવ્રજ્યા (દીક્ષા) ફક્ત નિજ ઉદર પૂરણ કરવા રૂપ આજીવિકા ચલાવવા માત્ર ફળ વાળી થાય છે, તેથી એવી દીક્ષા (તો) ધૂળેટીના રાજા (ઈલાજી)ના જેવી સહુ કોઈને હસવા યોગ્ય બને છે. ૨.

तम्हा पंचायारा,-राहणहेउं गहिज्ज इअ निअमे;
लोआइकट्ठरुवा, पव्वज्जा जह भवे सफला. ।।३।।

અર્થ : તે માટે પંચચાર (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય-આચાર)

ના આરાધન માટે લોચાદિક કઠણ નિયમો ગ્રહણ કરવા જોઈએ કે જેથી (આદરેલી) પ્રવ્રજ્યા સફળ થાય. ૩.

नाणाऽराहणहेउं, पइदिअहं पंचगाह पढणं मे;
परिवाडीओ गिण्हे, पणगाहा णं च सट्ठा य. ।।४।।

અર્થ : જ્ઞાન આરાધન માટે મ્હારે હંમેશાં પાંચ મૂળ ગાથાઓ ભણવી, કંઠસ્થ કરવી, અને દરરોજ પાંચ પાંચ ગાથાની અર્થ સહિત ગુરુ પાસેથી વાંચના લેવી. ૪.

अण्णेसिं पढणथ्थं, पणगाहाओ लिहेमि तह निच्चं;
परिवाडीओ पंच य, देमि पढंताण पयदियहं. ।।५।।

અર્થ : વળી હું બીજાઓને ભણવા માટે હંમેશા પાંચ ગાથાઓ લખું અને ભણનારાઓને હંમેશા પરિપાટીથી (ક્રમવાર) પાંચ પાંચ ગાથા આપું. (ભણાવું-અર્થ ધરાવું વિગેરે). ૫.

वासासु पंचसया, अट्ठय सिसिरे अ तिन्नि गिम्हंमि;
पइदियहं सज्झायं, करेमि सिद्धंतगुणणेणं. ।।६।।

અર્થ : સિદ્ધાંત-પાઠ ગણવા વડે વર્ષા ઋતુમાં પાંચસો, શિશિર ઋતુમાં આઠસો, અને ગ્રીષ્મ ઋતુમાં ત્રણસોગાથા પ્રમાણ સ્વાધ્યાય ધ્યાન સદાય કર્યા કરું. ૬.

परमिट्ठिनवपयाणं, सयमेगं पइदिणं सरामि अहं;
अह दंसणआयरे, गहेमि निअमे इमे सम्मं. ।।७।।

અર્થ : પંચપરમેષ્ઠિનાં નવપદો (નવકાર મહામંત્ર)નું એકસો વાર હું સદાય રટણ કરું. (દરરોજ એક બાંધી નવકારવાળી ગણું) હવે દર્શનાચાર આ નિયમોને સારી રીતે ગ્રહણ કરું છું. ૭.

देवे वंदे निच्चं, पणसक्कत्थएहिं एकवरमहं;
दो तिन्निय वा वारा, पइजामं वा जहासत्ति. ।।८।।

अर्थ : પાંચ શક્રસ્તવ વડે સદાય એક વખત દેવવંદન કરું જ અથવા બે વખત, ત્રણ વખત કે પહોરે પહોરે યથાશક્તિ આળસ રહિત દેવવંદન કરું. ૮.

अट्ठमीचउद्दसीसुं, सव्वाणि वि चेइयाइं वंदिज्जा;
सव्वेवि तहा मुणिणो, सेसदिणे चेइअं इक्कं. ।।९।।

अर्थ : દરેક અષ્ટમી ચતુર્દશીને દિવસે સઘળાં દેરાસરો જુહારવાં તેમજ સઘળાય મુનિરાજોને વાંદવા, અને બાકીના દિવસે એક દેરાસરે દર્શન-ચૈત્યવંદનાદિ અવશ્ય કરવું. ૯.

पइदिणं तिन्नि वारा, जिट्ठे साहू नमामि निअमेणं;
वेयावच्चं किंची, गिलाण वुड्ढाइणं कुव्वे. ।।१०।।

अर्थ : હંમેશાં વડિલ સાધુને નિશ્ચે ત્રણ વાર (ત્રિકાળ) વંદન કરું જ, અને બીજા ગ્લાન (વ્યાધિગ્રસ્ત) તેમજ વૃદ્ધાદિક મુનિજનનું વૈયાવચ્ચ યથાશક્તિ કરું. ૧૦.

अह चारित्तायारे, निअमग्गहणं करेमि भावेणं;
बहिभूगमणाईसुं, वज्जे वत्ताइं इरियत्थं. ।।११।।

अर्थ : હવે ચારિત્રાચાર વિષે નીચે મુજબ નિયમો ભાવ સહીત અંગીકાર કરું છું. ૧ ઈર્યાસમિતિ : વડીનીતિ, લઘુનીતિ કરવા અથવા આહાર પાણી વહોરવા જતાં ઈર્યાસમિતિ પાળવા માટે (જીવ રક્ષાર્થે) વાટમાં વાર્તાલાપ વિગેરે કરવાનું હું ત્યાગ કરું. ૧૧.

अपमज्जियगमणम्मि असंडासपमज्जिउं च उवविसणे;
पाउंछणयं च विणा, उवविसणे पंचनमुक्कारा. ।।१२।।

અર્થ : યથાકાળ પૂંજ્યાં પ્રમાર્જ્યા વગર ચાલ્યાં જવાય તો, અંગપડિલેહણા પ્રમુખ સંડાસા પડિલેહ્યા વગર બેસી જવાય તો, અને કટાસણા (કાંબળી) વગર બેસી જવાય તો (તત્કાળ) પાંચ નમસ્કાર કરવા (પાંચ ખમાસમણાં દેવા અથવા પાંચ નવકાર મંત્રનો જાપ કરવો). ૧૨.

उग्घाडेण मुहेणं, नो भासे अहव जत्तिया वारा;
भासे तत्तिअमित्ता, लोगस्स करेमि उस्सग्गं. ॥१३॥

અર્થ : ૨ ભાષાસમિતિ-ઉઘાડે મુખે (મુહપત્તિ રાખ્યા વગર) બોલું જ નહિ. તેમ છતાં ગફલતથી જેટલી વાર ખુલ્લા મુખે બોલી જાઉ તેટલીવાર (ઈરિયાવહીપૂર્વક) એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરું. ૧૩

असणे तह पडिक्कमणे, वयणं वज्जे विसेसकज्ज विणा;
सक्कियमुवहिं च तहा, पडिलेहंतो न बेमि सया ॥१४॥

અર્થ : આહાર પાણી કરતાં તેમજ પ્રતિક્રમણ કરતાં કોઈ મહત્વના કાર્ય વગર કોઈને કાંઈ કહું નહિ, એટલે કે કોઈ વાર્તાલાપ કરું નહિ. એજ રીતે મારી પોતાની ઉપધિની પડીલેહણા કરતાં હું કદાપિ બોલું નહિ. (વડીલની આજ્ઞા વિગેરે કારણે જયણા) ૧૪.

अन्नजले लब्भंते, विहरे नो धावणं सकज्जेणं;
अगलिअजलं न विहरे, जरवाणीयं विसेसेणं. ॥१५॥

અર્થ : ત્રીજી એષણા સમિતિ-બીજું નિર્દોષ પ્રાસુક (નિર્જીવ) જળ મળતું હોય તો મારા પોતાના માટે ધોવણવાળું જળ હું ગ્રહણ

કરું નહિ. વળી અણગળ (ગાળ્યા વગરનું) જળ હું લઉં નહિ અને જરવાળી (ઝરેલું) તો વિશેષકરીને લઉં નહિ. ૧૫.

सक्कियमुवहिमाइ, पमज्जिउं निक्खिवेमि गिण्हेमि;
जइ न पमज्जेमि तओ, तत्थेव कहेमि नमुक्कारं. ।।१६।।

અર્થ : ચોથી આદાનનિક્ષેપણાસમિતિ-મારી પોતાની ઉપધિ પ્રમુખ કોઈપણ ચીજ. પૂંજી-પ્રમાર્જિને તેને ભૂમિ ઉપર મૂકું, તેમજ ભૂમિ ઉપરથી ગ્રહણ કરું જો તેમ પૂજવા પ્રમાર્જવામાં ગફલત થાય તો ત્યાં જ એક નવકાર ગણું. ૧૬.

जत्थ व तत्थ व उज्झणि, दंडगउवहीण अंबिलं कुव्वे;
सयमेगं सज्झायं, उस्सग्गे वा गुणेमि अहं. ।।१७।।

અર્થ : દાંડો પ્રમુખ પોતાની ઉપધિ જ્યાં ત્યાં (અસ્ત વ્યસ્ત ઢંગ ધડા વગર) મૂકી દેવાય તો તે બદલ એક આયંબિલ કરું અથવા ઉભા ઉભા કાઉસ્સગ્ગ મુદ્રાએ રહી એક સો શ્લોક યા સો ગાથા જેટલો સ્વાધ્યાય ધ્યાન કરું. ૧૭.

मत्तगपरिट्ठवणंमि अ, जीवविणासे करेमि विव्वियं;
अविहीइ विहीरऊणं, परिठवणे अंबिलं कुव्वे. ।।१८।।

અર્થ : પાંચમી પારિઠાવણિયાસમિતિ-લઘુનીતિ વડીનીતિ કે શ્લેષ્માદિકનું ભાજન પરઠવતાં કોઈ જીવનો વિનાશ થાય તો નિવી કરું, અને અવિધિથી (સદોષ) આહાર પાણી પ્રમુખ વહોરીને પરઠવતાં એક આયંબિલ કરું. ૧૮.

अणुजाणह जस्सुग्गह, कहेमि उच्चारमत्तगठाणे;
तह सन्नाडगलगजोग, कप्पतिपाइ वोसिरे तिगं ।।१९।।

અર્થ : વડીનીતિ કે લઘુનીતિ કરવાના કે પરઠવવાના સ્થાને

'અણુજાણહ જસ્સુગ્ગહો' પ્રથમ કહું તેમજ તે લઘુવડી નીતિ ધોવાનું પાણી લેપ અને ડગલ પ્રમુખ પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે' કહું. ૧૯.

रागमये मणवयणे, इक्किक्कं निव्वियं करेमि अहं;
कायकुचिद्ठाए, पुणो, उववासं अंबिलं वा वि. ॥२०॥

અર્થ : મન-વચન-કાય ગુપ્તિ-મન અને વચન રાગમય-રાગાકુલ થાય તો હું એક એક નિવિ કરું. અને જો કાયકુચેષ્ટા થાય-ઉન્માદ જાગે તો ઉપવાસ અથવા આયંબિલ કરું. ૨૦.

बेंदियमाईण वहे, इंदिअसंखा करेमि निव्वियया;
भयकोहाइवसेणं, अलीयवयणंमि अंबिलयं.. ॥२१॥

અર્થ : અહિંસાવ્રતે-બે ઈન્દ્રિય પ્રમુખ ત્રસ જીવની વિરાધના (પ્રાણ હાનિ) મારા પ્રમાદાચરણથી થઈ જાય તો તેની ઈન્દ્રિયો જેટલી નિવિઓ કરું. સત્યવ્રતે-ભય, ક્રોધ, લોભ અને હાસ્યાદિકને વશ થઈ થઈ જુઠું બોલી જાઉં તો આયંબિલ કરું. ૨૧.

पढमालियाइ न गिण्हे, घयाइवत्थूण गुरुअदिद्ठाणं;
दंडगतप्पणगाइ, अदिन्नगहणे य अंबिलयं. ॥२२॥

અર્થ : અસ્તેય વ્રતે-પઢમાલિયા (નવકારસી)માં આવેલા જે ઘૃતદિક પદાર્થ ગુરુ મહારાજને દેખાડયા વગરના હોય તે હું વાપરું નહિં અને દાંડો, તરપણી વગેરે બીજાની રજા વગર લઉં-વાપરું તો આયંબિલ કરું. ૨૨

एगित्थीहिं वत्तं, न करे परिवडिदाणमवि तासिं;
इगवरिसारिहमुवहिं, ठावे अहिगं न ठावेमि. ॥२३॥

અર્થ : બ્રહ્મવ્રતે-એકલી સ્ત્રીઓ-સાધ્વીઓ સાથે વાર્તાલાપ ન

કરું અને સ્ત્રીઓને (સ્વતંત્ર) ભણાવું નહિ પરિગ્રહ-પરિહારવ્રતે-એક વર્ષ ચાલે તેટલીજ ઉપધિ રાખું, પણ એથી અધિક ન રાખું. ૨૩.

पत्तग टुप्परगाइ, पन्नरस उवरिं न चेव ठावेमि;
आहाराण चउण्हं, रोगे वि अ संनिहिं न करे. ।।२४।।

અર્થ : પાત્રાં અને કાચલાં પ્રમુખ પંદર ઉપરાંત ન જ રાખું. રાત્રિભોજન વિરમણવ્રતે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ ચાર પ્રકારના આહારનો (લેશ માત્ર) સંનિધિ રોગાદિક કારણે પણ રાખું નહિં. ૨૪.

महारोगे वि अ काढं, न करेमि निसाइ पांणीयं न पीबे;
सयं दो घडियाणं, मज्जे नरं न पिबेमि. ।।२५।।

અર્થ : મહાન્ રોગ થયો હોય તો પણ કવાથ ન કરું ઉકાળો પીઉ નહીં, તેમજ રાત્રી સમયે જળપાન કરું નહિં. અને સાંજે છેલ્લી બેઘડીમાં (સૂર્યાસ્ત પહેલાની બે ઘડીના કાળમાં) જળપાન પણ કરૂં નહિં, તો પછી બીજા અશનાદિક આહાર કરવાની તો વાત જ શી ? ૨૫.

अहवा निच्छिअ सूरे, काले नीरं करेमि सायकालं;
अणहारोसहसंनिहि,-मवि नो ठावेमि वसहीए. ।।२६।।

અર્થ : અથવા સૂર્ય નિશ્ચે દેખાતે છતેજ ઉચિત અવસરે સદાય જળપાન કરી લઉ-સૂર્યાસ્ત પહેલા જ સર્વ આહાર સંબંધી પચ્ચખ્ખાણ કરી લઉ. અને આણાહારી ઔષધનો સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું - રખાવું નહિ. ૨૬.

तवआयारे गिण्हे अह नियमे कइवए ससत्तीए;
ओगाहियं न कप्पइ, छट्ठाइतवं विणा जोगं. ।।२७।।

અર્થ : હવે તપ આચાર વિષે કેટલાક નિયમો શક્તિ અનુસારે ગ્રહણ કરું છું. છઠ્ઠ આદિ તપ કર્યો હોય તેમજ યોગ વહન કરતો હોઉં તે વગર મને અવગાહિમ (પકવાન્ન-વિગઈ) ભિક્ષા લેવી કલ્પે નહિ. ૨૭.

निव्वियतिगं च अंबिल,-दुगंहंच विणु नो करेमि विगयमहं;
विगइदिणे खंडाई,-गकार नियमो अ जाजीवं. ॥२८॥

અર્થ : લાગલગાં ત્રણ નીવીઓ અથવા બે આયંબિલ કર્યા વગર હું વિગઈ (દૂધ, દહીં, ઘી પ્રમુખ) વાપરું નહિં, અને વિગઈ વાપરું તે દિવસે ખાંડ વિશિષ્ટ (સાથે મેળવીને નહિ વાપરવાનો) નિયમ જાવજ્જીવ સુધી પાળું. ૨૮.

निव्विअयाइं न गिण्हे, निव्वियतिगमज्झि विगइदिवसे अ;
विगइं नो गिण्हेमि अ, दुन्नि दिणे कारणं मुत्तुं. ॥ २९ ॥

અર્થ : ત્રણ નીવી લગોલાગ થાય તે દરમિયાન તેમજ વિગઈ વાપરવાના દિવસ સુધી લાગટ કોઈ તેવા પુષ્ટ કારણ વગર વિગઈ વાપરું નહિ. ૨૯.

अद्ठमीचउद्दसीसुं, करे अहं निव्विबयाइं तिन्नेव;
अंबिलदुगं च कुव्वे, उववासं वा जहासत्तिं ॥३०॥

અર્થ : પ્રત્યેક અષ્ટમી અને ચતુર્દશીને દિવસે શક્તિ હોય તો ઉપવાસ કરું, નહિ તો તે બદલે બે આયંબિલ અથવા ત્રણ નિવિઓ પણ કરી આપું. ૩૦.

दव्वखित्ताइगया, दिणे दिणे अभिग्गहा गहेअव्वा;
जीयंमि जओ भणिअं, पच्छित्तमभिग्गहाभावे; ॥३१॥

અર્થ : પ્રતિદિન દ્રવ્ય ક્ષેત્રકાળ અને ભાવથી અભિગ્રહ

●ધારણ કરવા, કેમકે અભિગ્રહ ન ધારીએ તો પ્રાયશ્ચિત આવે એમ શ્રી યતિજીતકલ્પમાં કહ્યું છે. ૩૧.

विरियायारनियमे, गिण्हे केइ अवि जहासत्ति;
दिणपणगाहाइणं, अत्थं गिण्हे मणेण सया. ॥३२॥

અર્થ : વીર્યાચાર સંબંધી કેટલાક નિયમો યથાશક્તિ હું ગ્રહણ કરું છું. સદા-સંપૂર્ણ પાંચ ગાંથાદિકના અર્થ હું ગ્રહણ કરી મનન કરું. ૩૨.

पणवारं दिणमज्झे, पमाययंताण देमि हियसिक्खं;
एगं परिट्ठवेमि अ, मत्तयं सव्वसाहूणं. ॥३३॥

અર્થ : (વડીલ તરીકે) આખા દિવસમાં સંયમ માર્ગમાં (ધર્મકાર્યમાં, પ્રમાદ કરનારાઓને હું પાંચ વાર હિતશિક્ષા (શિખામણ) આપું (લઘુ તરીકે) સર્વ વડીલ સાધુઓનું એક એક માત્રક (પરઠવવાનું ભાજન) પરઠવી આપું. ૩૩.

चउवीसं वीसं वा; लोगस्स करेमि काउसग्गंमि;
कम्मखयट्ठा पइदिण, सज्झायं वा वितम्मित्तं. ॥३४॥

અર્થ : પ્રતિદિવસ કર્મક્ષય અર્થે ચોવીસ કે વીસ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરું, અથવા એટલા પ્રમાણમાં સ્વાધ્યાય ધ્યાન કાઉસ્સગ્ગમાં રહી સ્થિરતાથી કરું. ૩૪.

निद्दाइपमाएणं, मंडलिभंगे करेमि अंबिलयं;
नियमा करेमि एगं, विस्सामणय च साहूणं. ॥३५॥

● *અમુક વસ્તુ અમુક સ્થળે, અમુક વખતે અને અમુક રીતે મળે તે જ ભિક્ષા વખતે લેવી એવા પ્રકારની વિશિષ્ટ પ્રતિજ્ઞા ધારવી તે.*

અર્થ : નિદ્રાદિક પ્રમાદવડે મંડલીનો ભંગ થઈ જાય (મંડલીમાં બરાબર વખતે હાજર ન થઈ શકું) તો એક આયંબિલ કરું, અને વડીલ ગ્લાન આદિ સાધુની એક વખતે વૈયાવચ્ચ નિશ્ચે કરું. ૩૫.

सेहगिलाणाइणं, विणावि संघाडयाईसंबंध;
पडिलेहणमल्लगपरि-ठवणाइ कुव्वे जहासत्ति. ॥३६॥

અર્થ : સંઘાડાદિકનો કશો સંબંધ ન હોય તો પણ લઘુ શિષ્ય (બાળ) અને ગ્લાન સાધુનું પડિલેહણ કરી આપું તેમજ તેમના ખેલ પ્રમુખ મળની કુંડીને પરઠવવા વિગેરે કામ પણ હું યથાશક્તિ કરી આપું. ૩૬.

वसहीपवेसि निग्गम्मि, निसीहिआवस्सियाण विस्सरणे;
पायाऽपमज्जणे वि य, तत्थेव कहेमि नवकारं. ॥३७॥

અર્થ : વસતી (ઉપાશ્રય-સ્થાન)માં પ્રવેશ કરતાં નિસીહી અને તેમાંથી નિકળતા આવસ્સહી કહેવી ભૂલી જાઉં તથા ગામમાં પેસતા કે નિસરતા પગ પૂંજવા વિસરી જાઉં તો (યાદ આવે તે જ સ્થળે) નવકાર મંત્ર ગણું. ૩૭.

भयवं पसाउ कारिउं इच्छाइ अभासणंमि वुद्ढेसु;
इच्छाकाराऽकरणे, लहुसु साहूसु कज्जेसु ॥ ३८ ॥
सव्वत्थवि खलिएसुं, मिच्छाकारस्स अकरणे तह य;
सयमन्नाउ वि सरिए, कहियव्वो पंच नवकारो. ॥३९॥

અર્થ : કાર્ય પ્રસંગે વૃદ્ધ સાધુઓને 'હે ભગવાન્ ! પસાય કરી' અને લઘુ સાધુને 'ઈચ્છકાર' એટલે તેમની ઈચ્છા અનુસારે જ કરવાનું કહેવું ભૂલી જાઉં, તેમજ સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ થાય ત્યારે ત્યારે 'મિચ્છા મિ દુક્કડં' એમ કહેવું જોઈએ. તે વિસરી જાઉં

તો જ્યારે મને પોતાને યાદ આવે અથવા કોઈ હિતસ્વી સંભારી આપે ત્યારે, તત્કાળ મારે નવકાર મંત્ર ગણવો. ૩૮-૩૯.

वुड्ढस्स विणा पुच्छं, विसेसवत्थुं न देमि गिण्हे वा;
अन्नंपि अ महकज्जं, वुड्ढं पुच्छिय करेमि सया.।।४०।।

અર્થ : વડીલોને પૂછ્યા વિના વિશેષ સારી વસ્તુ (આહાર વસ્ત્ર પાત્રાદિ) બીજા પાસેથી લઉં દઉં નહિં, અને મોટા કામ વૃદ્ધ (વડીલ) ને પૂછીને જ સદાય કરું, પણ પૂછ્યા વિના કરું નહિ. ૪૦

दुब्बलसंघयणाण वि, एए नियमा सुहावहा पायं;
किंचिवि वेरग्गेणं, गिहिवासो छड्डिओ जेहिं. ।।४१।।

અર્થ : જેમનો શરીરનો બાંધો નબળો છે એવા દુર્બળ સંઘયણવાળા છતાં પણ જેમણે કંઈક વૈરાગ્યથી ગૃહસ્થવાસ છોડ્યો છે, તેમને આ ઉપર જણાવેલા નિયમો પ્રાયઃસુખેથી પાળી શકાય તેવા (શુભ ફળદેનારા) છે. ૪૧.

संपइकाले वि इमं, काउं सक्के करेइ नो विअमे;
सो सहुत्तगिहित्तण,-उभयभट्ठो मुणेयव्वो, ।।४२।।

અર્થ : સંપ્રતિ કાલે પણ સુખે પાળી શકાયએવા આ નિયમોને જે આદરે પાળે નહિં, તે સાધુપણાથકી અને ગૃહસ્થપણાથકી ઉભય ભ્રષ્ટ થયો જાણવો. ૪૨.

जस्स हिअयंमि भावो, थोवो वि न होइ नियमगहणंमि;
तस्स कहणं निरत्थय,-मसिरावणि कूवखणणं व. ।।४३।।

અર્થ : જેના હૃદયમાં ઉક્ત નિયમો ગ્રહણ કરવાનો લગીરે ભાવ ન હોય, તેમને આ નિયમ સંબંધી ઉપદેશ કરવો એ (સિર) સર વગરના સ્થળે કુવો ખોદવા જેવો નિરર્થક-નિષ્ફળ

જાય છે. ૪૩.

संघयणकालबलदूसमा,-रयालंबणाइं घित्तूणं;
सव्वं चिअ निअमधुरं, निरुज्जमाओ पमुच्चंति. ॥४४॥

અર્થ : નબળાં સંઘયણ, કાળ, બળ અને દુષમઆરો આદિ હીણાં આલંબન પકડીને પુરુષાર્થ વગરના પામર જીવો આળસ પ્રમાદથી બધી નિયમ ધુરાને છોડી દે છે. ૪૪.

वुच्छिन्नो जिणकप्पो, पडिमाकप्पो अ संपइ नत्थि;
सुद्धो अ थेर कप्पो, संघयणाईण हाणीए. ॥४५॥

અર્થ : (સંપ્રતિ કાલે) જિનકલ્પ વ્યુચ્છિન્ન થયેલો છે. વળી પ્રતિમાકલ્પ પણ અત્યારે વર્તતો નથી અને સંઘયણાદિકની હાનીથી શુદ્ધ સ્થવીરકલ્પ પણ પાળી શકાતો નથી. ૪૫.

तहवि जइ एअ नियमाराहणविहिए जएज्ज चरणंमि;
सम्ममुवउत्तचित्तो, तो नियमाराहगो होइ. ॥४६॥

અર્થ : તો પણ જો મુમુક્ષુઓ આ નિયમોના આરાધન વિધિવડે સમ્યગ્ ઉપયુક્ત ચિત્ત થઈ, ચારિત્ર સેવનમાં ઉજમાળ બનશે, તો તે નિયમા-નિશ્ચે આરાધક ભાવને પામશે. ૪૬.

एए सव्वे नियमा, जे सम्मं पालयंति वेरग्गा;
तेसिं दिक्ख गहिआ, सहला सिवसुहफलं देइ. ॥४७॥

અર્થ : આ સર્વે નિયમોને જે વૈરાગ્યથી સમ્યક્ પ્રકારે પાળે છે, તેમની ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય છે. એટલે શિવસુખના ફળને આપે છે. ૪૭.

卐

શાસન સમ્રાટ પૂજ્યપાદ આચાર્ય દેવ
શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મહારાજા ની સ્તુતિ

અહોયોગ ને ક્ષેમના આપનારા, તમે નાથ છો તારનારા અમારા;
પ્રભો ! નેમિસૂરિશ સૌભાગ્યશાળી, નમું શ્રી ગુરુ બાલ્યથી બ્રહ્મચારી. (૧)

તમારા ગુણોનો નહિ પાર આવે, વિના શક્તિએ તે ગણ્યા કેમ જાવે ?
તથાપિ સ્તુતિ ભક્તિથી આ તમારી, નમું શ્રી ગુરુ બાલ્યથી બ્રહ્મચારી. (૨)

લહી યોગની આઠ અંગે સમાધી, ભલા આત્મપંથે રહી સિદ્ધિ સાધ;
ક્રિયા જ્ઞાન ને ધ્યાનના યોગધરી, નમું શ્રી ગુરુ બાલ્યથી બ્રહ્મચારી. (૩)

હતા આપના ભક્ત ભૂપાલ ભારી, તમે ધર્મની વીરતાને ઉગારી;
મહાતીર્થ ને ધર્મના જોગધરી, નમું શ્રી બાલ્યથી બ્રહ્મચારી. (૪)

અમે નિર્ગુણી ને ગુણી આપ પૂરા, અમે અજ્ઞ ને આપ જ્ઞાને સનૂરા;
મળો ભક્તિ એ ભેદને છેદનારી, નમું શ્રી ગુરુ બાલ્યથી બ્રહ્મચારી. (૫)

નથી આપની સેવના કાંઈ કીધી, કહેલી વળી ધર્મશિક્ષા ન લીધી;
ક્ષમા આપજો પ્રાર્થના એ અમા (૬)

ારી, તમે ધર્મની વીરતાને ઉગારી;
હતા આપ યોગે અમે તો સના નમું શ્રી બાલ્યથી બ્રહ્મચારી. (૪)
અમે માગીએ એક સેવા તમા (૭)

અમે અજ્ઞ ને આપ જ્ઞાને સનૂરા;
હવે પ્રેમથી બોધ એ કોણ દેશે ? અ
દયાળુ તમે દિલમાં દાસ લેજો, સદા સ્વર્ગથી નાથ આશિષ દેજો. (૮)